★ વૃત્તિ :- कर्तुरुपमानादाचारेऽर्थे क्विप् वा स्यात् । गल्भादिभ्यस्तु स एव ङित् । अश्व इवाचरति अश्वति – प्रगल्भते – क्लीबते – होडते ।

卐 વૃત્યર્થ :- ઉપમાનવાચી કર્તા સ્વરૂપ નામને "આચાર" અર્થમાં क्विप् વિકલ્પે થાય છે. गल्भ, क्लीब, होड શબ્દને લાગેલ क्विप् પ્રત્યય ङित् જેવો સમજવો अश्व इव आचरति – अश्वति (ધા. ૨ – 17 પૃ ૪૪) ઘોડાની જેમ આચરે છે -ઘોડા જેવો લાગે છે.

(૧-૨) अश्वति–अश्व + क्विप् + शव् (अ) + तिव् (ति) = (क्विप् પ્રત્યય આખો ઈત્ છે તેથી) अश्व + अ + ति = अतः થી अन्त्य + अ તે = अश्वति

0 ङित्-क्विप् ના ઉદાહરણ :–
(નોંધ :- इङितः कर्तरि ૩/૩/૨૨ થી આત્મને પદ
(1) प्रगल्भ इव आचरति – प्रगल्भते – (ધા. ૨.–124 પૃ ૭૧) – હોંશીયાર જેવો લાગે છે
(2) क्लीबते (ધા. ૨ –125 પૃ ૭૨) નપુંસક જેવો લાગે છે
(3) होडते (ધા ૨ –126 પૃ ૭૨) મુર્ખ જેવો લાગે છે.

★ અનુવૃત્તિ :- (आधाराच्च) उपमानादाचारे ૩/૪/૨૪

卐 વિશેષ :- 0 द्वितीयायाः (બીજી વિભક્તિ વાળુ નામ અનુવૃત્ત" છે તે ખ્યાલ રાખવો

0 * क्विप् એ પૂર્વ પ્રસિદ્ધ અનુવાદ છે તેનાથી (સ્વમતે) ङित् કે णित् કાર્યો થતાં નથી.

0 અન્ય ઉદાહરણ :– (બધામાં ગુણ થયો છે)
हरिवाचरति–ई + क्विप् + तिव् = अयति, ऋ–मरति–ऋ ની જેમ આચરે છે. मरति – પૃથ્વી જેવું આચરે છે
अनडोहति – બળદ જેવું આચરે છે.

[૧૦૫૬]

(૬) क्यङ् ૩/૪/૨૬

★ વૃત્તિ :- कर्तुरुपमानादाचारे क्यङ् वा स्यात् । दीर्घश्च्वीति दीर्घः. हंसायते ।४।

☐ अहंसायिष्ट ।५। हंसायाञ्चक्रे ।६। हंसायिषीष्ट ।७। (सो वा लुक् च क्यङि) पयायते पयस्यते । ओजोऽप्सरसो नित्यं स लुक् । ओजायते । अप्सरायते । कर्तो रीः, मात्रीयते । क्यङ्मानिपित्तद्धिते इति पुंवद्भावे, श्येनीवाचलीति श्येतायते काकः

卐 વૃત્યર્થ :- ઉપમાનવાચી એવા કર્તા રૂપ નામને "આચાર" અર્થમાં क्यङ् (य) પ્રત્યય વિકલ્પે

* क्विप् – બૃહદવૃત્તિ ભા ૨ ન્યાસ પૃ ૫૧

થાયછે. दीर्घश्च्वि यङ् यक् क्येषु च ४/३/१०८ થી દીર્ઘ) हंसायते (ધા. ર.-17 પૃ. ૭૮) हंस इव आचरति -હંસની જેમ આચરણ કરેછે. हंस + क्यङ् + अ +ते = हंसा + य + ते (स નો अ દીર્ઘ થયો. य નો अ- लुगस्यादेत्यपदे થી લોપ)

★ અનુવૃત્તિ :- (१) कर्तृक्विप्...३/४/२५ થીकर्तृ (२) (आध राच) उपमानादाचारे ३/४/२४

卐 વિશેષ -: 0 क्यङ् માં ङ् કાર આત્મને પદ માટે અને क કાર સામાન્યના ગ્રહણને માટે છે.
0 क ङ् क्विप् તુલ્ય વિષયને કારણે પર્યાયવાચી પ્રયોગ થાય
0 ઉદાહરણ :-
अश्वायते- ઘોડા જેવું વર્તન કરે છે
गर्दभायते- ગધેડા જેવું વર્તન કરે છે.

▩ શેષવૃત્તિ :- (१) सो वा लुक् च ३/४/२७ ઉપમાનવાચી કર્તા સૂત્રક स् કારાન્ત નામને આચાર અર્થમાં क्यङ् વિકલ્પે થાયછે. અને स् નો લોપ થાયછે पयस् इव आचरति = पयस्यते પક્ષે पयायते (ધા. ર.-92 93-પૃ ૧૦૦) पयस् + क्यङ् = पयस्यते પક્ષે स् લોપ અને दीर्घश्च्वि यङ् થી દીર્ઘ पयायते [૫૩૨]
(२) ओजोऽप्सरस ३/४/२८ ઉપમાનવાચી કર્તૃસૂચક ओजस् અને अप्सरस् નામને "આચાર" અર્થમાં क्यङ् (ય) પ્રત્યય વિકલ્પે થાયછે. અન્ત્ય स् નો લોપ થાયછે ओजायते (ધા ર. 90 પૃ ૯૯) अप्सरायते-(ધા ર - 91 પૃ. ૧૦૦) અપ્સરાની જેમ આચરે છે નિત્ય स् લોપ માટે આ ન બનાવેલ છે [૫૩૩]
0 ऋतो री: (અળંગ સૂત્ર ક્રમાંક ૧૦૫૪)-मातृ मात्रीयते માતાની જેમ આચરે છે. એજ રીતે पितृ पित्रीयते (ધા. ર -41 પૃ ૮૪) પિતાની જેમ આચરે છે पितृ + क्यङ् + ते = (આ સૂત્રથી री) पित्री + य् + अ + ते થયું.
0 क्यङ्मानिपित्तद्धिते (અળંગ સૂત્ર ક્રમાંક ૧૨૬) થી પુંવત્ ભાવ- श्येनीवाचरति इति श्येतायते काका श्येनी= શ્વેત વર્ણ વાળી સ્ત્રી (સમાન રૂપ-एतायते ધા. ર.-75 પૃ. ૮૦) श्येनी + क्यङ् = (क्यङ्मानि० ३/२/५० થી પુંવત્ થતા *મૂળ શબ્દ) श्येत + क्यङ् =(दीर्घश्च्वि यङ् થી દીર્ઘ) श्येता + य + अव् + ते

[૨૦૫૭]

* મૂળ શબ્દ - श्येत - જુઓ સૂત્ર श्येतैत हरित भरत... नश्च २/४/७१

(७) नं क्ये १/१/२२

★ વૃત્તિ :- नान्तं नाम क्ये परे पदं स्यात् ।
राजीयति / राजायते ।
■ य्यक्ये इरयवादेशो गव्यति/गव्यते ।

卐 વૃત્યર્થ :- न અન્તવાળા નામને क्यङ्, क्यन् કે क्यङ्ष प्रत्यय લાગે ત્યારે પદ સંજ્ઞા થાય છે राजानम् इच्छति [1] राजीयति (ધા. ર. -95 પૃ. ૩૩) રાજાને ઈચ્છે છે राजन् + क्यन् (આ સૂત્રથી પદ સંજ્ઞા = (नाम्नोनो० २/१/९१ થી અન્ત્ય न् લોપ) राज + क्यन् =(क्यनि ४/३/११२ થી अ નો ई) राजी + य+ अ + ति = राजीयति પક્ષે क्यङ् થી राजायते - राजेव आचरति (ધા. ર.-76 પૃ. ૯૪) राजन् + क्यङ् = राज + य (ઉપર મુજબ) = (दीर्घश्च्वि० થી દીર્ઘ) राजा + य + अ + ते = राजायते - રાજાની જેમ વર્તે છે

★ અનુવૃત્તિ :- (१) तदन्तं पदम् १/१/२०
(२) नामसिदय्व्यञ्जने १/१/२१

卐 વિશેષ :- 0 अयू व्यञ्जने એવું જે १/१/२१ સૂત્રમાં લખ્યું તેનો અપવાદ કરી આ સૂત્રમાં न् + क्य ને પદ સંજ્ઞા કરી
0 क्य ના સામાન્ય ગ્રહણથી क्यन्, क्यङ्, क्यङ्ष ત્રણેનું ગ્રહણ થશે.
0 नं કેમ કહ્યું ?
वाच्यति અહીં અન્તે च् છે માટે આ સૂત્રથી પદ સંજ્ઞા ન થાય પદ સંજ્ઞા ન થવાથી च् નો क् પણ નથઈ શકે.
* 1 राजीयति (१) राजानम् इच्छते = राजन् + क्यन् (अमाव्ययात्क्यन् ३/४/२३)
(२) राजा इव आचरति-राजन् + क्यङ् (क्यङ् ३/४/२६)
(३) डाज्लोहितादिभ्यः षिद् ३/४/३० થી क्यङ्ष પ્રત્યય લાગે આ સૂત્ર વડે પદ સંજ્ઞા થતા પૂર્વનો न् લોપ થાય.
-0- विशेषणमन्तः ७/४/११३ પરિભાષાથી न કારાન્ત એવો અર્થ થયો છે

■ શેષવૃત્તિ :- य्यक्ये અળંગ સૂત્ર ક્રમાંક ૫૬૧ મુજબ ओ કે औ પછી (કમંણી સિવાયનો) क्य આવેતો अव् -आव् અનુક્રમે થાય गो +क्यन् =गव्यति-(ધા. ર. -60 પૃ ૨૮) गाम् इच्छति = ગાયને ઇચ્છે છે
गव्यते-(ધા. ર.-49 પૃ ૮૬) गौरिवाचरति गो + क्यङ् = गव्यते

[૨૦૫૮]

* राजीयति:- तत्व પ્રકાશિકા મહાર્ણવ ન્યાસ પાદ : १/३१

(૮) ડાચ્ લોહિતાદિભ્ય: ષિત્ 3/૪/30

★ સૂત્ર :- એભ્ય: કર્તર્યભ્વ્યર્થે ષિત્ ક્યઙ્ સ્યાત્ ।

卐 સૂત્રાર્થ - ડાચ્ પ્રત્યયાન્ત નામ તથા લોહિતાદિ-લોહિત વગેરે શબ્દોને ચ્વિ અર્થમાં ષિત્-ક્યઙ્ (ક્યષ્) પ્રત્યય લાગે (ડા સૂત્ર: ૯ માં જુઓ)

★ અનુવૃત્તિ :- ક્યઙ્ ૩/૪/૨૬

卐 વિશેષ :- 0 ડાચ્ પ્રત્યયના વિધાનો સૂત્ર ૭/૨/૧૩૫ થી ૭/૨/૧૪૫-સિદ્ધહેમ વ્યા. માંઆપેલાછે

0 લોહિતાદિ (ગણ) - લોહિત, જિહ્મ, શ્યામ, ધૂમ્ર, ચર્મન્, હર્ષ ગર્વ સુખ, દુઃખ, મૂર્ચ્છા, નિદ્રા, કૃપા, કરુણા વગેરે

0 સત્તમ મુનિ ભ.વ. આકૃતિગણ માને છે

0 ચ્વિ અર્થ-ના જેવું - જેમકે પહેલા લાલ ન હતું તે લાલ થાયછે તેથી જ માત્ર લોહિત: ભવતિ માં ક્યઙ્ ન લાગે

[૨૦૫૯]

(૯) ક્યઙ્ષો નવા 3/3/૪3

★ સૂત્ર ક્યઙ્ષન્તાદાત્મનેપદં વા સ્યાત્ ।

પટપટાયતિ પટપટાયતે। લોહિતાયતિ । લોહિતાયતે ।ઇત્યાદિ।

卐 સૂત્રાર્થ - અન્તે ક્યઙ્ષ્ પ્રત્યય આવેલો હોય (તેવા ધાતુને કર્તામાં) વિકલ્પે આત્મનેપદ થાયછે

0 પટપટાયતિ પક્ષે પટપટાયતે (ધા ૨-1 પૃ ૧૨૦)

* અપટત્ પટત્ ભવતિ = (અવ્યક્તાનુકરણ . દ્વિઃ ચ ૭/૨/૧૪૫ થી ડાચ્ પ્રત્યય અને દ્વિર્ભાવ થતા) પટત્ પટત્ + ડાચ્ = (ડચ્યાદૌ ૭/૨/૧૪૯ થી પૂર્વના પટત્ નો ત્ લોપ) પટપટત્ + ડાચ્ = ડિત્યન્ત્ય સ્વરાદેઃ ૨/૧/૧૧૪ થી અન્ત્ય સ્વર દિ લોપ) પટપટ્ + આ (ડ્ અને ચ્ ના ને ઇત્ થ) = રૂપ વિકલ્પ આત્મનેપદ - ક્યઙ્ષ્ લાગતા થશે તેથી પટપટાયતે પક્ષે પટપટાયતિ

0 લોહિતાયતે પક્ષે લોહિતાયતિ (ધા ૨-2, પૃ ૧૨૦) અલોહિત: લોહિત ભવતિ

★ અનુવૃત્તિ :- પરાણિ ૩/૩/૨૦ થીઆત્મનેપદમ્

卐 વિશેષ :- 0 ૨૫૮

[૨૦૭૦]

(૧૦) તપસ: ક્યન્ 3/૪/3૬

★ સૂત્ર :- અસ્માત્ કર્મણ: કૃગર્થે ક્યન્ વા સ્યાત્ । તપ: કરોતિ । તપસ્યતિ ।

卐 સૂત્રાર્થ :- (દ્વિતીયાન્ત) તપસ્ શબ્દને કૃગ્ અર્થમાં (તપ કરવો અર્થમાં) ક્યન્ વિકલ્પે થાય છે તપ કરોતિ - તપસ્યતિ (ધા ૨.-118 પૃ ૧૮) તપ કરેછે તપસ્ + ક્યન્ + શવ્ + તિવ્

★ અનુવૃત્તિ :- (૧) દ્વિતીયાયા: કામ્ય: ૩/૪/૨૨ થી દ્વિતીયાયા. (૨) શબ્દાદેઃ કૃતૌ વા ૩/૪/૩૫ (૩) પુત્રાદેર્વા ૩/૪/૧૯ થી નવા

卐 વિશેષ :- 0 તપસ્ શબ્દ કર્મરૂપ હોવો જોઇએ - જેમકે તપ કરોતિ

0 ક્યન્ ત્રણ અર્થમાં થયો :- (1) ક્યન્-ઇચ્છા અર્થ- (સુત્ર ૧). - (2) ક્યન્-આચાર અર્થમાં (સુત્ર: ૪) (3) ક્યન્-"તપ" ને કરવું" અર્થમાં

[૨૦૭૧]

(૧૧) નમોવરિવશ્ચિત્રઙોઽર્ચાસેવાશ્ચર્યે 3/૪/3૭

★ સુત્રપૃથ૦ - નમસ્ વરિવસ્-ચિત્રઙ: અર્ચા-સેવા-આશ્ચર્યે

★ વૃત્તિ :- એભ્ય: કર્મભ્યો યથાસંખ્યમર્ચાદિષ્વર્થેષુ ક્યન્ વા સ્યાત્ નમસ્યતિ વરિવસ્યતિ । ચિત્રીયતે

卐 સૂત્રાર્થ :- નમસ્, વરિવસ્ અને ચિત્રઙ (ચિત્ર) શબ્દને અનુક્રમે (અર્ચા) પૂજા સેવા અને આશ્ચર્ય કરવું એ અર્થમાં વિકલ્પે ક્યન્ પ્રત્યય થાયછે.

(1) નમસ્યતિ-(ધા. ૨-119, પૃ ૧૯) તે નમસ્કાર કરે છે નમસ્ + ક્યન્ + શવ્ (અ) + તિ

(2) વરિવસ્યતિ (ધા ૨.-120,-વરિવસ્ કરોતિ-સેવા કરેછે

(3) ચિત્રીયતે (ધા ૨.-121, પૃ ૧૯) ચિત્રં કરોતિ- ચિત્રઙ્ + ક્યન્ = (ક્યનિ ૪/૩/૧૧૨ થી ઈ) ચિત્રી+ ય =(ચિત્રઙ્ માં ઙ્ હોવાથી આત્મનેપદ) ચિત્રીયતે આશ્ચર્ય કરેછે

★ અનુવૃત્તિ :- (૧) તપસ: ક્યન્ ૩/૪/૩૬ થી ક્યન્ (૨) શબ્દાદેઃ કૃતૌ વા ૩/૪/૩૫ થી કૃતૌ (૩) પુત્રાદેર્વા ૩/૪/૧૯ થી નવા

卐 વિશેષ :- 0 અર્ચા વગેરે કેમ કહ્યું ?

(1) નમ: કરોતિ-નમસ્ શબ્દ બોલેછે માટે ક્યન્ ન થાય

(2) ચિત્રં કરોતિ-ચિત્ર કરેછે-આલેખન કરેછે અર્થમાં ક્યન્ ન થાય

0 શક્તાર્થ વષડ્ નમ:૦ ૨/૨/૬૮ થી નમસ્ ના યોગે ચતુર્થીની પ્રાપ્તિ છતાં અહીં દ્વિતીયા થઈ તે * ઉપપદ વિભક્તે: કારક-વિભક્તિ-ર્બલિયસી ન્યાય મુજબ કારક વિભક્તિ બળવાન થતા થઇ શક્યુ - જેમકે : દેવા: આપ તમ નમન્તિ-તમ - દ્વિતીયા છે.

[૨૦૭૨]

* પટપટાયતિ - આમનિરા મધ્યમવૃત્તિ ભા ૨ પૃ ૧૦

* ઉપપદ - ન્યાય - ૪૬ પૃ ૪૩

(૧૨) क्षुत्तृड्गर्द्धेऽशनायोदन्यधनायम् ૪/૩/૧૧૩

★ સૂત્રપૃથ૦ :– क्षुत्-तृड्-गर्द्धे अशनय उदन्य धनायाम्

★ વૃત્તિ :- एष्वर्थेषु यथासङ्ख्यमशनायादयः क्यन्नन्ता निपात्यन्ते । अशनायति । उदन्यति । धनायति ।

卐 વૃત્યર્થ :- क्षुत् (ક્ષુધા) तृड् (તૃષા), गर्द्ध (ગૃદ્ધ-લાલચ) અર્થમાં क्यन् અન્તવાળા अशनाय, उदन्य અને धनाय શબ્દ અનુક્રમે નિપાતન કરાયછે.

(1) अशनायति–अशनमिच्छति – ભોજનને ઇચ્છે છે.

(2) उदन्यति – उदकमिच्छति – પાણીને ઇચ્છે છે.

(3) धनायति – धनमिच्छति – ધનને ઇચ્છે છે.

★ અનુવૃત્તિ .- क्यनि ૪/૩/૧૧૨

卐 વિશેષ :- 0 क्षुधादौ કેમ કહ્યું ?

अशनीयति दातुम्- દેવાને માટે ભોજનને ઇચ્છે છે. અહીં दातुम् અર્થ મુખ્ય છે માટે આ સૂત્ર ન લાગે.

[૨૦૭૩]

(૧૩) वृषाश्वान्मैथुने स्सोऽन्त ૪/૩/૧૧૪

★ સૂત્રપૃથ૦ :– वृष- अश्वात् मैथुने स्स. अन्तः

★ વૃત્તિ :– आभ्यां मैथुनार्थाभ्यां क्यनि स्सोऽन्तः स्यात् । वृषस्यति गौः । अश्वस्यति वडवा

卐 વૃત્યર્થ :– वृष (બળદ) અને अश्व (ઘોડો) શબ્દને મૈથુન અર્થમાં क्यन् પ્રત્યય લાગતા નામને અન્તે "स्" આગમ થાયછે.

0 वृषस्यति गौः (ધા ર.–27 પૃ ૧૫) ગાય મૈથુન માટે બળદને ઇચ્છે છે. – वृष + क्यन् = वृष + स् +य + अ + ति = वृषस्यति

0 अश्वस्यति वडवा (ધા ૨ –29 પૃ ૧૬) ઘોડી મૈથુન માટે અશ્વને ઇચ્છે છે

★ અનુવૃત્તિ :- क्यनि ૪/૩/૧૧૨

卐 વિશેષ : 0 मैथुने કેમ કહ્યું ?

वृषीयति ब्राह्मणी બ્રાહ્મણી સાંઢને ઇચ્છે છે. મૈથુન અર્થનથી

0 સૂત્રમાં स्स् (બે स् કાર) મુકવાથી (नस्सः ૨/૩/૫૯ થી) स् ના ष् નો નિષેધ થશે

0 મનુષ્ય જાતિ માટે પણ મૈથુન અર્થમાં वृषस्य શબ્દ પ્રયોજાય છે –* અભિધાન ચિંતામણી वृषस्यन्ति कामुकि અર્થ માં વપરાયછે –મૈથુનની ઇચ્છાવાળી સ્ત્રી

[૨૦૭૪]

* अभिधान चिन्तामणी શ્લોક-૫૨૭-મર્ત્યકાણ્ડ પૃ ૧૨૦

(૧૪) अस् च लौल्ये ૪/૩/૧૧૫

★ વૃત્તિ :– भोगेच्छातिरेके लौल्ये तत्र गम्ये क्यनि परे नाम्नः स्सोऽस् चान्तः स्यात् । द्विसकारपाठान्नास्य षत्वम् । दधिस्यति । दध्यस्यति ।

卐 વૃત્યર્થ :-લૌલ્ય-ભોગ ભોગવવાની ઇચ્છા નો અતિરેક તે લૌલ્ય લૌલ્ય અર્થમાં क्यन् પ્રત્યય લાગતા નામને અન્તે स् અને अस् આગમ થાયછે. (न स्सः ૨/૩/૫૯ સૂત્રને લીધે બે स् કાર (स्सः) ष ના નિષેધ માટેછે)

0 दधिस्यति પક્ષે दध्यस्यति – ખૂબજ આસક્તિથી દહીં ખાયછે (ધા ૨ –42-43, પૃ ૧૯) दधि + क्यन् = दधि + स् + य + अ + ति પક્ષે दधि + अस् + य + अ +ति = दधिस्यति પક્ષે दध्यस्यति (य ના अ નો लुगस्या૦થી લોપ)

★ અનુવૃત્તિ :- (૧) वृषाश्वात्...૪/૩/૧૧૪ થી स्सोन्तः (૨) क्यनि ૪/૩/૧૧૨

卐 વિશેષ :- 0 લૌલ્ય કેમ કહ્યું ?

क्षीरीयति दातुम् – આપવા માટે દુધને ઇચ્છે છે. અહીં दातुम् અર્થ છે માટે स् આગમ ન થાય.

0 अस् વિધાન अन्–अ કારાન્ત નામ માટે છે કેમકે अ કારા. નામમાં તો लुगस्यादेत्यपदे ૨/૧/૧૧૩ થી પૂર્વ-अ લોપાયને એકજ રૂપ થવાનું છે. જેમકે क्षीरस्यति (એટલેકે)

0 * સંક્ષેપમાં કહીએ તો (1) दधिम् इच्छति (2) अमाव्ययात् ૨/૪/૨૩ થી क्यन् (3) अश्च लौल्ये ૪/૩/૧૧૫ થી स्, अस् આગમ (4) જો अस् નો વિકલ્પ લઇએ તો इवर्णादेः ૧/૨/૨૯ થી यत्व વગેરે સિદ્ધ થશે તેથી दध्यस्य થશે (5) अ કારાન્તમાં लुगस्या૦ ૨/૧/૧૧૩ થી પૂર્વ अ લોપ થશે.

[૨૦૭૫]

(૧૫) णिज् बहुलं नाम्नः कृगादिषु ૩/૪/૪૨

★ વૃત્તિ :– कृगादीनां धातूनामर्थे णिज् बहुलं स्यात् । त्र्यन्त्य स्वरादेरित्यन्त्य स्वरादि–लुकि, मुण्डं करोति, मुण्डयति छात्रम् । पटुमाचष्टे, पटयति । वृक्षं रोपयति, वृक्षयति । कृतं गृह्णाति, कृतयति

卐 વૃત્યર્થ :– कृग् વગેરે ધાતુઓના અર્થમાં કોઈપણ નામથી णिच् પ્રત્યય બહુલતાએ (बहुलम्) થાયછે. (त्र्यन्त्य स्वरादेः ૭/૪/૪૩ થી અન્ત્ય સ્વરનો લોપ થશે) मुण्डयति (ધા ૨ -15 પૃ. ૧૩૭) मुण्डं करोति छात्रम् વિદ્યાર્થીને મુંડેછે. (મુંડન કરેછે)

* दधिस्यति–હૈમ વિભ્રમ–શ્લોક ૮. પૃ. ૧૧

0 मुण्ड + णिच् (इ + शव् (अ) + ति = मुण्ड + इ + अ + ति = मुण्ड् + अय् + अति (અહીં इ ના अ નો લોપ ત્ર્યન્ત્ય સ્વરાદે. થી થયો) = मुण्डयति

0 पटयति (ધા ૨-108, પૃ. ૧૬૧) पटुमाचष्टे હોશિયારને કહેછે - पटु + णिच् + शव् + तिव्

0 शृङ्खयति (ધા ૨ 81, પૃ. ૧૪૦) शृङ्खलं रोचयति

0 कृतयति (ધા ૨-30, પૃ ૧૪૦) कृतं गृह्णाति

卐 વિશેષ :- 0 बहुलम्-શબ્દ પ્રયોગ અનુસારને મરે છે તેનાથ-જે નામ જે વિભક્તિ સાથે જે ધાતુમાં દેખાય તે નામ તે વિભક્તિ સાથે તે ધાતુમાંજ णिच् પ્રત્યયવાળુ થાયછે તેમ સમજવું જેમકે :-निष्कयति ગોલાકારને નિષ્ક કરેક त्वचयति ત્વચને ગ્રહણ કરેછે उद्घाटयति-દ્વાર ઉઘાડે છે दण्डयति-દંડ કરેછે प्रमाणयति પ્રમાણને કરેક-વગેરે

0કૃત વગેરે કરવુ બોલવુ ઉપકવું ગ્રહણ કરવુ વગેરે

[૨૦૭૬]

(૧૬) सत्यार्थ वेदस्याः ३/४ ४४

★ સૂત્રપૃથ૦ :- सत्य-अर्थ-वेदस्य आः

★ વૃત્તિ :- एषां णिच् सन्नियोगे आः स्यात् । सत्यापयति, अर्थापयति, वेदापयति ।

☐ प्रियस्थिरेत्यादिना प्रादादेशे, प्रियमाचष्टे प्रापयति इत्यादि स्थूलदूरेत्यादिना स्थूलमाचष्टे स्थवयति ।

卐 સૂત્રાર્થ :- सत्य, अर्थ, वेद શબ્દોને णिच् ના યોગમાં અન્ત્ય સ્વરનો आ થાયછે. - सत्यापयति (ધા ૨.-50, પુ ૧૪૬) સત્યને કહેક અથવા કરેછે. सत्य + णिच् + अ + ति = (ના સૂત્રથી અન્ત્ય સ્વરનો आ) सत्या + इ + अ + ति = (अर्तिरीव्ली० ૪/૧/૨૧ થી પુ આગમ) सत्या + प् + इ + अ + ति = सत्यापयति એજરીતે - अर्थापयति-અર્થને કહેછે. वेदापयति-વેદને કહેછે

★ અનુવૃત્તિ :- णिच् बहुलम् ૩/૪/૪૨ થી णिच्

卐 વિશેષ :- 0 આ કાર. એવા વિધાન સામર્થ્યથી त्र्यन्त्यस्वरादे. ૭/૪/૪૩ થી अ કારનો લોપ થતો નથી

☐ શેષવૃત્તાન્ત :- 0 प्रिय स्थिर स्फिरोरु...वृन्दम् ૭/૪/૩૮ (સળંગ સૂત્ર ક્રમાંક-૬૦૫) થી અનુક્રમે प्रा-स्था વગેરે આદેશ થતાં - प्रियमाचष्टे - प्रा + णिच् + अ + ति = प्रा + प् (अर्तिरीव्ली थी पु આગમ) + इ + अति = प्रापयति-પ્રિયને કહેછે. (ધા.૨-48, પૃ ૧૪૫)

0 स्थूल दूर युव...नामिनः ७/૪/૪૨ (સળંગ સૂત્ર ક્રમાંક ૬૦૭) થી અન્ત્યનો લોપ અને ગુણ થતાં-स्थूल+णिच् = स्थू + इ + अ + ति = (ગુણ) स्थो + इ + अति = स्थव् + अय् + अति = स्थवयति = સ્થૂળને કહેછે અથવા કરેછે (ધા ૨-73, પૃ ૧૫૨)

[૨૦૭૭]

પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી મણિવરે રચેલ હૈમ લઘુપ્રક્રિયાની નામધાતુ પ્રક્રિયાનો અપ્રતીમ ચારીત્ર રાગી પૂ. આ. દેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી ના શિષ્ય ઉદાર દિલ ઉપાધ્યાય પૂ. ક્ષમાસાગરજી મ. સા. ના સરલ સ્વભાવી શિષ્ય પૂ. મુનિશ્રી લલીતસાગરજી ના શિષ્ય નિત્ય તપસ્વી પંન્યાસ સુશીલસાગરજી મ.સા. ના સંવેગશીલ મુનિરાજ પૂ. સુધર્મસાગરજી મ. સા. ના શિષ્ય મુનિ દીપરત્ન સાગર (M.Com. M.Ed.) કરેલ ગુજરાતી અનુવાદ તથા સવિસ્તર વિવરણ સમાપ્ત.





ભાવ-કર્મણો પ્રક્રિયા

કર્તાની સક્રિયતા બતાવતું વાકય હોયતો કર્તરિ રચના કહેવાય જેમકે "રમેશ પુસ્તક લખેછે" – પણ કર્મની મુખ્યતા હોય અને કર્તા સાધન રૂપજ હોયતો તે કર્મણિ રચના કહેવાય. જેમકે "રમેશ વડે પુસ્તક લખાયછે" – અહીં 'પુસ્તક' કર્મની મુખ્યતા છે.

જો સકર્મક ધાતુ હોયતો કર્મ હોયપણ અકર્મક ધાતુ હોયતો ત્યાં માત્ર ક્રિયાભાવની મુખ્યતા પ્રગટ થાય અને કર્તા ક્રિયાનો સહેનાર બને તે "ભાવે રચના" જેમકે રમેશ વડે લખાયછે અહીં કર્મની વિવક્ષા નથી માટે ભાવે પ્રયોગ ગણાય. — આ પ્રક્રિયામાં આવા કર્મણિ – ભાવે પ્રયોગનો અભ્યાસ છે.

(૧) तत्साप्यानाप्यात् कर्मभावे कृत्यक्तखलर्थाश्च ३/३/२१

★ **સુત્ર પૃથ૦ :-** तत् साप्य–अनाप्यात् कर्म–भावे कृत्य क्त – खल – अर्थाः च

★ **વૃત્તિ :-** तद्रात्मने पदं कृत्य क्तखलर्थाश्च प्रत्ययाः सकर्मकाद्धातोः कर्मणे अकर्मकादविवक्षितकर्मकाच्च भावेस्युः

卐 **વૃત્યર્થ :-** तत् – આત્મનેપદના પ્રત્યયો તથા कृत्य क्त અને खल અર્થવાળા પ્રત્યયો સકર્મક ધાતુથી કર્મણિ (કર્મ અર્થમાં) અને અકર્મક ધાતુથી તેમજ અવિવક્ષીત કર્મવાળા ધાતુથી ભાવ અર્થમાં થાયછે. (ઉદા સુત્રઃ ૨ જુઓ)

★ **અનુવૃતિ :-** पराणि कानानशौ च...३/३/२०થી आत्मने पदम्

卐 **વિશેષ :-** 0 પ્રત્યયો :- क्त खल् અને खल् નો સમાનાર્થી अन (૫/૩/૧૩૯ થી ૧૪૧)

0 સકર્મક ધાતુ :- જેમાં કર્મની વિવક્ષા થઇ હોય તે દા.ત ચૈત્ર વડે સાડડી કરાઇ – અહીં "સાડડી" કર્મછે માટે 'કરવું" कृ ધાતુ સકર્મક કહેવાય.

0 અકર્મક ધાતુ :- જે ધાતુને કર્મ ન હોય તે જેમકે ઊંઘવું – રડવું વગેરે

0 અવિવક્ષિત કર્મ :- ધાતુ સકર્મક હોય પણ પ્રયોગ માં કર્મ બોલવામાં ન આવે–જેમકે– "ચૈત્ર વડે કરાયછે" – कृ ધાતું સકર્મક છે પણ પ્રયોગ કરનાર કર્મની વિવક્ષા કરતા નથી.

0 અકર્મક અને અવિવક્ષિત કર્મવાળા બન્ને ધાતુ અકર્મક જ ગણાય – જો નિત્ય અકર્મક લખ્યું હોય તો ત્યાં અવિવક્ષિત કર્મક ધાતુ ન લેવા.

(૨) क्यः शिति ३/४/७०

★ **વૃત્તિ :-** सर्वस्माद्धातोर्भावकर्मविहिते शिति क्यः स्यात्। अत्र कर्मणि प्रत्यय विधानेनोक्तत्वात् कर्मणि प्रथमा। कर्मापेक्षाणयर्थवचनानि च। नीहृवहिकृषोण्यन्ताद्दुहिब्रूप्रच्छि-चिरुधिशासार्थाः पचियाचिदण्डिकृग्रहेमथिजिप्रमुखा द्विकर्माणः गौणे कर्मणि दुह्यादेः प्रधाने नींहृकृष्–वहाम्। बुद्धिभक्ष्यार्थयोः शब्द कर्मणा च। नजेच्छग प्रयोज्य कर्मण्यनेषांण्यन्तातानामुक्ततामता पठ्यते ग्रन्थः शिष्येण, पठ्येते ग्रन्थौ पठ्यन्ते ग्रन्थाः। पठ्यसे त्वं, पठ्येऽहं

卐 **વૃત્યર્થ :-** સર્વ ધાતુઓને ભાવ અને કર્મ (भाव–कर्मणि) પ્રયોગમાં शित् (કાળના) પ્રત્યય લાગતા क्य (य) પ્રત્યય થાયછે.

0 અહીં કર્મમાં પ્રત્યયના વિધાન વડે *ઉક્ત થવાથી कर्मणि–કર્મને પ્રથમાં થાયછે. તેમજ કર્મની અપેક્ષાએ અર્થ અને વચન થાય.

0 [કર્મણિ પ્રયોગમાં કર્મની મુખ્યતાથી કર્મ જે પુરૂષ અને જે વચનમાં હોય તે પુરૂષ અને તે વચનનો પ્રત્યય ધાતુને લાગેછે કર્મને પ્રથમા–કર્તાને તૃતીયા થાય છે. જો ભાવે પ્રયોગ હોયતો ક્રિયાની મુખ્યતા હોયછે. તેથી ધાતુને ત્રી પુ એ વ નો જ પ્રત્યય લાગેછે. – કર્તાને તૃતીયા થાયછે, તેમજ કર્મ હોતું નથી]

0 1 દ્વિકર્મક ધાતુઓ :- (અહીં માત્ર અર્થ છે વિશેષ વિવક્ષા માટે પરિશિષ્ટ જુઓ)

नी, हृ, वह्, कृष्, ण्यन्त, दुह्, ब्रू, प्रच्छ्, भिक्ष्, चि, रुध्, शास्, पच्, याच्, दण्ड, कृ, ग्रह्, मथ्, जि વગેરે ધાતુઓ દ્વિકર્મક છે. (તેમાં दुह् થી शास् સુધીના આઠ

*उक्तार्थानामप्रयोगः न्याय-२८ न्यास पृ. २६ (नामार्थेप्रथमा)

[૨૦૭૮]

स्वदन्त । अदोहि दुग्धे अदुग्ध गौः स्वयमेव हि।
कदाचित् जिन्नोन स्यादाम् । अकारि करिष्यते कृतः स्वयमेव।

卐 વૃત્યર્થ :- એકજ ધાતુમાં કર્મમાં પહેલી પૂર્વે જણાવેલી એવી અને હમણાં વર્તમાન કે જે અભિન્ન એવી અકર્મક ક્રિયા છે જેને એવા કર્મકર્તૃરૂપ કર્તામાં પૂર્વે કહ્યા મુજબ ધાતુથી ञि क्य અને આત્મનેપદ થાય

0 ઉક્ત ચ :- જ્યાં કર્મજ કર્તા થાય છે અને કર્તા કહેવાતો નથી ધાતુને ञि, क्य, આત્મનેપદ કહેવાય તેજ કર્મ કર્તરિ થય —

0 સ્પષ્ટીકરણ - જે ધાતુનું કર્મ પોતે કર્તા થઈ ગયું હોય તેજ ધાતુને કર્તરિ પ્રયોગમાં ञि-क्य અને આત્મનેપદ થાય છે પણ કર્તરિ અને કર્મકર્તરિ પ્રયોગનો ધાતુ એકજ હોવો જોઈએ વળી કર્તરિ પ્રયોગમાં જોયેલી ક્રિયા છે તેજ ક્રિયા કર્મને કર્તા બનાવવાની વખતે પ્રયોગમાં હોવી જોઈએ બીજું કર્તરિ પ્રયોગનો અકર્મક ધાતુ કર્મકર્તરિ પ્રયોગમાં અકર્મક બને છે

0 કર્માકર્મિ એટલે એકજ ધાતુને આશ્રયીને પૂર્વે સકર્મક ક્રિયા જણાતી હોય તેજ ક્રિયા પછી અકર્મક થાય એટલે કે કર્મને કર્તા બનાવી દેવાય છે અને કર્તાની વિવક્ષા ન કરવામાં આવે તેને कर्मकर्तरि કહેવાય છે. દા.ત. चैत्रः ओदनं पचति ને બદલે ओदनः स्वयमेव पच्यते આ કર્મ (ओदन) કર્તા (ओदनः) થયુ - કર્તા (चैत्र) ની વિવક્ષા ન કરી

0 कर्मकर्तरि પ્રયોગમાં પણ ભાવે-કર્મણિ પ્રયોગની જેમ આત્મનેપદ થાય છે તથા शित् કાળમાં क्य પ્રત્યય લાગે છે

0 દા.ત. स्वयमेव क्रियते - अकारि करिष्यते वा — क्रियते (क्य), अकारि (ञि) करिष्यते (आत्मने0)

✲ અનુવૃત્તિ :- [illegible] ..૩/૪/૮૪ થી ञि-क्य - आत्मने

卐 વિશેષ :- (૧) બન્ને પ્રયોગમાં ભિન્ન ધાતુ હોય તો આ નિયમ ન લાગે જેમ કે - पचत्योदनं चैत्रः, भिद्यते कुसूलेन

0 કર્મજ કર્તા થવુ જોઈએ કરણ કર્તા થાય તો આ નિયમ ન લાગે

0 નોંધ :- મૂળ પેરું - વાંચુ અને ક્લિષ્ટ હોવાથી વૃત્યર્થમાં સરલ સ્પષ્ટીકરણ આપેલ છે

☐ શેષવૃત્તિ -(૪) स्वर दुहो वा ૩/૪/૯૦ સ્વરાન્ત ધાતુઓને દુહ્ ધાતુને કર્મકર્તરિમાં ञिच् વિકલ્પે ન થાય अकृत अकारि वा कटः स्वयमेव - સાદડી પોતાની મેળે કરાઈ તે ञिच् થાય તે अकारि અન્યથા अकृत [૫૩૭]

(૫) पचि दुहेः ૩/૪/૮૭ पच् અને दुह् ધાતુનું કર્મ જ્યારે કર્તા બને ત્યારે કર્મકર્તરિમાં (કર્મના સદ્ભાવમાં અકર્મકમ કર્મના અભાવમાં) ञि, क्य, આત્મનેપદ થાય છે (ञि) अपाचि, [क्य] पच्यते, (आत्मने) पचते ओदनं स्वयमेव - ભાત આપમેળે રંધાયા-રંધાય છે — ??? —

0 दुह् - નવ અપ્રયોગ હોવાથી [ञिच्] अदोहि, दुग्धे, अदुग्ध [૫૩૯]

[૬] भूषार्थ-सन्-किरादिभ्यश्च ञि-क्यौ ૩/૪/૯૩ ભૂષા અર્થવાળા ધાતુઓને તથા सन् પ્રત્યયવાળા किर વગેરે ગણ ધાતુને કર્મકર્તરિ પ્રયોગમાં ञि અને क्य પ્રત્યયો થતા નથી अलंकुरुते पक्षे अलंकुरुते कन्या स्वयमेव - કન્યા આપમેળે શણગારાઈ અહીં ञि-क्य ન લાગતા માત્ર આત્મનેપદ જ થયું [૫૪૦]

[નોંધ :- સંખ્યાબંધ શેષવૃત્તિનો સૂત્રાર્થ જ આપેલ છે]

[૧૦૮૪]

પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી ગણિવરે રચેલ હૈમ લઘુપ્રક્રિયાના ભાવ-કર્મ પ્રક્રિયાનો . સિદ્ધહસ્ત વ્યાખ્યાતા પૂ. આ. દેવ શ્રી આનંદસાગર સૂરીશ્વરજી ના શિષ્ય ઉદાર દિલ ઉપાધ્યાય પૂ. ક્ષમાસાગરજી મ. સા. ના સરલ સ્વભાવી શિષ્ય પૂ. મુનિશ્રી લલીતસાગરજી ના શિષ્ય નિત્ય તપસ્વી પંન્યાસ પૂ. સુશીલસાગરજી મ. સા. ના ભવભીરૂ મુનિરાજ પૂ. સુધર્મસાગરજી મ. સા. ના શિષ્ય મુનિ દીપરત્ન સાગર (M.Com. M.Ed.) કરેલ ગુજરાતી અનુવાદ તથા સસંદર્ભ વિવરણ સમાપ્ત.

॥ अर्हम् ॥

કૃદન્ત પ્રક્રિયા

कृदन्त :- ધાતુને જે પ્રત્યયો લાગીને શબ્દો બને છે તે પ્રત્યયો "कृत्" પ્રત્યયો કહેવાય છે જે શબ્દોને અન્તે "कृत्" પ્રત્યયો હોય તેને કૃદન્ત કહેવાય છે. ...સામાન્ય રીતે વ્યાકરણોમાં આવા કૃદન્તોને ઓળખવા માટે તેના વર્તમાન કૃદન્ત, ભૂત કૃદન્ત ભવિષ્ય કૃદન્ત વિધ્યર્થ કૃદન્ત, સંબંધક કૃદન્ત, હેત્વર્થ કૃદન્ત જેવા વિભાગો પાડવામાં આવેછે. પણ પ્રક્રિયા અભ્યાસમાં તો (સિદ્ધહેમની જેમ) પ્રત્યયોને આશ્રીને જ નિયમો બનાવાયા છે તે નોંધનીય છે.

કૃદન્ત એ ક્રિયા દર્શક પદો છે. તેમ છતાં ક્રિયાપદ ઉપરાંત સંજ્ઞા કે ક્રિયા વિશેષણ તરીકે પણ તેમનો ઉપયોગ થાયછે.

(૧) आतुमोत्यादिः कृत् (बहुलम्) ५/१/१

★ સૂત્રપૃથ૦ :- आ-तुमः अ-त्यादिः कृत् ५/१/१ [बहुलम् ५/१/२]

★ વૃત્તિ :- इत्यादि ।

卐 વૃત્યર્થ :- *[નોંધ :- અહીં એક સૂત્રમાં બે સૂત્ર સાથે છે તેમજ इत्यादि સૂત્રથી ત્રીજા એક સૂત્રની હૈમ પ્રકાશમાં વાત કરીછે] તેથી ત્રણેની વૃત્તિ સાથે લઇને ચર્ચા કરીછે અનુવૃત્તિ કે વિશેષ વિભાગ અલગ પાડેલ નથી

0 आतुमोत्यादिः कृत्-५/१/१ - સિદ્ધહેમના પાંચમાં અધ્યાયને અન્તે સૂત્રઃ૫/૪/૯૦ "तुम्" પ્રત્યયનું વિધાન કરેછે તે तुम् પ્રત્યય સુધીના જેજે પ્રત્યયોનું વિધાનછે. (સો કરતાં વધુ પ્રત્યયો છે) તે તમામ પ્રત્યયોની कृत् સંજ્ઞા થાય પણ त्यादि પ્રત્યયોને વર્જીને (त्यादि-सिव्, तम् વગેરે ક્રિયાપદ ના પ્રત્યયોની कृत् સંજ્ઞા ન થાય)-આ સંજ્ઞા સૂત્ર છે

(१) बहुलम् ५/१/२-આ અધિકાર સૂત્ર છે - कृत्संज्ञक પ્રત્યયો બહુલમ્ સમજવી बहुलम् અનિત્યતા દર્શાવે છે. જણાવેલા અર્થ સિવાય બીજા અર્થમાં પણ "कृत्" પ્રત્યયો વાપરી શકાય જેમકે मोहनीय कर्म-માં अनीय પ્રત્યય "કર્મ" અર્થમાંછે પણ ક્યારેક "કરણ" અર્થ પણ સૂચવેછે [૫૪૦]

(૨) असरूपोऽपवादे वोत्सर्गः प्राक् क्तेः ५/१/१६

ઉત્સર્ગ :-સામાન્ય નિયમ. અપવાદ :- વિશેષ નિયમ આ સૂત્ર જણાવેછે કે અપવાદ લાગતો હોય ત્યા અમુક શરતે ઉત્સર્ગ સૂત્ર વિકલ્પે લાગુ પાડી શકાયછે. - જેમકે અન્તે પ્રકારના પ્રત્યયો असरूप- સમાનપણાં વિનાનાહોય બીજું આ નિયમ अभिव्यप्तौ ભાવે अन्-जिन् ५/३/९० સુધીજ લાગુ પડે છે — [૫૪૧]

0 આસૂત્રો અંગેના ઉદાહરણો હવે પછીના સૂત્રોમાં કહેવાશે

[૧૦૮૭]

(२) कर्तरि ५/१/३

★ વૃત્તિ :- कृदर्थे विशेषोक्तिं विना कर्तरि स्यात् ।

卐 વૃત્યર્થ :- कृत પ્રત્યય વિશેષ અર્થમાં ન જણાવ્યો હોય ત્યાં કર્તા અર્થમાં થાયછે

卐 વિશેષ :- 0 कर्ता-कृ+तृच् પ્રત્યય- (णकतृचौ ५/१/४८)-कृत्- પ્ર એ વ. कर्ता - સૂત્રમા કંઇ વિધાન નથી માટે કર્તા અર્થ સમજવો

[૧૦૮૮]

(૩) णकतृचौ ५/१/४८

★ સૂત્રપૃથ૦ :- णक - तृचौ

★ વૃત્તિ :- धातोरेतौ स्याताम् । करोतीति कारकः कर्ता । सेटां स्ताद्यशित इतीडागमे । एधिता धूगोदित इति वेटि गोप्ता,गोपिता । सहिवहेरिति सोढा, वोढा । ञ्णिति इत्युपान्त्य वृद्धौ । पाचकः

卐 વૃત્યર્થ :- ધાતુને णक (अक) અને तृच् (तृ) પ્રત્યય થાય છે

0 કર્તા :- (૧) कृ+तृच्=(नामिनो गुणो थी ગુણ) (૨)कर् +तृ=(૩) પ્રથમા એ વ कर्तृ+सि=(ऋदुशनस्...सेर्डाः १/४/८४ थी) (४) कर्तृ+डा = (डित्यन्त्य० २/१/११४ थी) कर्+आ=कर्ता - કરનાર

0 कारकः - करोति इति - જે કરેતે કારક-कृ+णक= कार् +अक (नामिनोऽ कलिहले: ४/३/५१ થી વૃદ્ધિ થઇ છે) = પ્રથમા એ વ. - कारक + सि कारकः

卐 વિશેષ :- 0 णक માં ण् કાર વૃધ્ધિને માટેછે

* હૈમ પ્રકાશ - ઉત્તરાર્ધ - પૃ. ૮૩૭

0 તૃચ્ માં च કાર–"ऋवर्णव्यञ्जनादे:" ૭/૪/૪૩ થી સામાન્ય ગ્રહણને માટે છે તેથી તૃચ્ અને તૃન્ બન્ને ગ્રહણ થાય *૧ અન્યથા-निरनुबन्ध ग्रहणे न सानुबन्धकस्य ન્યાયાનુસાર તૃચ્ નું જ ગ્રહણ થાત તૃન્ નું નહીં

□ શેષવૃત્તિ :- 0 સેટ્ ધાતુ હોવાથી स्ताद्य शितो० ૪/૪/૩૨ થી इट् આગમ થાય एधिता–વધનાર–एध् (ગ-૧/741) एध्+इ+तृच्= (પ્રથમા એ.વ.) एधिता

0 धूगौदितः થી વિકલ્પે इट् મે ત્યારે :- गोपिता પક્ષે गोप्ता –ગોપવનાર गुप् (गुपौ-ગ-૧/332)+इ+तृच्=गोप्+इ+तृ= गोपिता પક્ષે गोप्ता થશે

0 सहिवहेरोच्चावर्णस्य ૧/૩/૪૩ થી सोढा-સહેનાર वोढा -વહેનાર થશું सह्+तृच्=(૧) हो धुट् पदान्ते – ह् નો ढ, (૨) अधश्चतुर्थात्० થી त નો ध्, (૩)तवर्गस्य० ૧/૩/૬૦ થી ध् નો ढ, (૪) सहिवहे થી ધાતુના ढ નો લોપ પૂર્વના अ નો ओ-सोढा થશે. એ-જ-રી-તે वह्+तृच्=वोढा

0 ञ्णिति ૪/૩/૫૦ થી वृद्धि–पच्+णक=पाचकः- પૂર્વના अ ની वृद्धि

0 पक्ता–पच्+तृ=पक्+तृ= પ્રથમા એ.વ - पक्ता-પકાવનાર

[૧૦૮૯]

(૪) अच् ૫/૧/૪૯

★ વૃત્તિ :- धातोरच् स्यात् । करः हरः

卐 વૃત્ત્યર્થ :- ધાતુને अच् પ્રત્યય લાગે છે(કર્તરિ) कर. - કરનાર हरः = હરનાર 0 कृ+अच् (करोति इति) ગુણથતા कर्+अ=(પ્રથમા એ વ.) करः

0 हृ + अच् (हरति इति) = हर् + अ = हरः

卐 વિશેષ :- 0 च કાર–अचि ૩/૪/૧૫ સૂત્ર ના વિશેષણને માટે છે

0*२ પૂર્વના णक-तृच् સાથે अच् નો બાધ્ય–બાધકનથી. બન્ને સૂત્રોની પ્રવૃત્તિ થઈ શકે

[૧૦૯૦]

(૫) लिहादिभ्यः ૫/૧/૫૦

★ વૃત્તિ :- एभ्योऽच् स्यात् । लेहः । शेषः

卐 વૃત્ત્યર્થ :- लिह् વગેરે ધાતુને अच् (अ) પ્રત્યય થાય છે. लेहः = लिह्+अच् = (ગુણ) लेह्+अ નું પ્રથમા એ વ लेहः– ચાટનારો

* 1 अन्यथा – બૃહદ્‌વૃત્તિ – ભા. ૨. પૃ ૨૧૯

* 2 પૂર્વના-સિદ્ધહેમ – પંચમોઽધ્યાય – સૂત્ર ૫/૧/૪૯ નો શ ન્યા. જુઓ

0 शिनष्टि इति – शिष् + अच् = शेषः

★ અનુવૃત્તિ :- अच् ૫/૧/૪૯

卐 વિશેષ :- 0 लिहादि ગણ :- लेहः, शेषः, देवः, देव, मेघः, मेरः, सेवः, देहः, प्ररोहः, न्यग्रोधः, कोरः गोरः, सर्पः, नर्तः दर्पः, स्वरवः, पारावारः, दृढः, स्वदः, चन्द्रापरः, व्यूहः, स्वावहः

0 સૂત્રમાં મૂકેલ બ.વ આકૃતિ ગણને માટે છે તેનાથી नदी, मही, मर्दी, ज्वली नर्ती, सर्पी, दर्पी, दरी, क्षमी, गृही, देवी, सेवी, योगी, ते ही,–અહીં अच् લાગી गौरादिभ्यो० ૨/૪/૧૯ થી ङी

0* 'पुर' સૂત્રથી अच् પ્રત્યય સિદ્ધ હતો છતાં અહીં अच् નુ વિધાન નિયમને માટે છે 'ઉપસર્ગ' સાથે' સંબંધ अच् પ્રત્યય થાય છે – नाम्युपान्त्य...कः ૫/૧/૫૪ થી क ની પ્રાપ્તિ અને अप् વિધા हनः ड. ૫/૧/૫૮ થી ड ની પ્રાપ્તિ નો બાધ કરવા આ સૂત્ર છે.

[૧૦૯૧]

(૬) ब्रुवः ૫/૧/૫૧

★ વૃત્તિ :- ब्रुवोऽचि ब्रुवः स्यात् । ब्राह्मण ब्रुवः

卐 વૃત્ત્યર્થ :- ब्रूग् (ब्रू) ધાતુને अच् પ્રત્યય થતા ब्रुवः થાય છે

0 ब्रू+अच्=ब्रुव કહેનારો 0 आत्मानं ब्राह्मणं ब्रवीति इति – ब्राह्मणब्रुव. – પોતાને બ્રાહ્મણ કહેનારો

★ અનુવૃત્તિ :- अच् ૫/૧/૪૯

卐 વિશેષ :- 0 નિપાતન છે જે अण् પ્રત્યય अच् આદેશ અને ગુણના બાધક માટે છે

0 (૧) कर्मणोऽण् ૫/૧/૭૨ થી अण्

(૨) अस्तिब्रुवोर्भूवच० ૪/૪/૧ થી वच् આદેશ

[૧૦૯૨]

(૭) नन्द्यादिभ्योऽनः ૫/૧/૫૨

★ અનુવૃત્તિ :- नन्दि – आदिभ्यः अनः

★ વૃત્તિ :- नन्दनः, मदनः

卐 વૃત્ત્યર્થ :- (नन्द् – વગેરે ધાતુઓને अन પ્રત્યય થાય છે) नन्दन પુત્ર, આનંદ આપનાર, मदनः કહેવાય

0 नन्दयति इति – नन्द् + अन = नन्दनः

0 मदते इति – मद् + अन = मदनः

卐 વિશેષ – 0 अन પ્રત્યય વાળા નામો નામમાળામાં ગણાવેલા છે

* पूर्वेण...अध्यमनुतत्त्व અવચૂરિ ભા ૨. પૃ. ૨૨૨

* નન્દિ વગેરે :–ણિ–અન્ત–સંજ્ઞામાં–નન્દનઃ,(પુત્ર) વાશનઃ (ઋષિનું નામ) મદનઃ (કામદેવ) દૂષણઃ (રાક્ષસનું નામ) સાધન. (રાજાનું નામ). વર્ધનઃ (ઋષિ). શોભનઃ (ઋષિ). રોચનઃ (ચંદ્રની સંજ્ઞા)...સહનઃ, રમણઃ, દમનઃ, રોચનઃ, વિરોચનઃ,વિકર્તન ,તપનઃ,પ્રતર્દનઃ,દહનઃ,યવનઃ,પવનઃ,લવણઃ ...સંક્રન્દનઃ,સંકર્ષણઃ, સંહર્ષણઃ,... સર્વદમનઃ, જનાર્દનઃ, વિત્તવનાશનઃ, મધુસૂદનઃ,

0 અસંજ્ઞાયામ્–રિપુદમનઃ, કુલદમનઃ, પરાર્દનઃ,રોગનાશનઃ, અરિસૂદનઃ... 0 નર્દનઃ, વિભિષણ , ભૂષણઃ, દર્પણઃ, જલેરનઃ 0 સૂત્રમાં મુકેલ ગણ આકૃતિગણ ને માટેછે. – તેથી સૂત્ર માં મુકેલ ધાતુ સિવાય અન્ય ધાતુઓ થી અન લાગેલા દેખાય તો તે આકૃતિગણ થી ગ્રહણ કરવું

[૨૦૯૩]

(૮) ગ્રહાદિભ્યો ણિન્ ૫/૧/૫૩

★ સૂત્રપૃથ૦ :– ગ્રહ – આદિભ્યઃ ણિન્

★ વૃત્તિ :–ગૃહ્ણાતીતિ ગ્રાહી । તિષ્ઠતીતિ સ્થાયી

卐 વૃત્યર્થ :– (ગ્રહ વગેરેને ણિન્–ઇન્ પ્રત્યય થાયછે)

0 ગૃહ્ણાતિ ઇતિ – ગ્રહ્+ણિન્ = (વૃદ્ધિ) ગ્રાહ્+ઇન્ નું પ્રથમા એ.વ. ગ્રાહી (શશિન્ ના રૂપો જેવા થશે)

0 તિષ્ઠતિ ઇતિ – સ્થા+ઇન્=(આત ઐઃ કૃઞ્ણૌ ૪/૩/૫૧ થી) સ્થૈ+ઇન=સ્થાય્+ઇન્ નું પ્રથમા એ.વ સ્થાયી

卐 વિશેષ :– 0 ગ્રહાદિ–આકૃતિગણને માટેછે

0 *2 ગ્રાહી વગેરે :– ગ્રાહી,સ્થાયી,ઉપસ્થાયી,મન્ત્રી, સંમર્દી, ઉપરોધી, અવરોધી, અપરાધી, ઉત્સાહી, ઉદ્વાસી, ઉદ્માસિ, નિશ્રાવી નિશાયી,નિવાસી,નિવાપી,નિરક્ષી, અવ્યાહારી, અસંવ્યવહારી, અયાચી, અવ્રાજી, અવાદી, અવાસી,અકારી,અહારી, વિભાવી, અભિભાવી, પરિભાવી, વિશયી

[૨૦૯૪]

(૯) નામ્યુપાન્ત્યપ્રીકૃગૄજ્ઞઃ કઃ ૫/૧/૫૪

★ સુત્રપૃથ૦ : નામિ–ઉપાન્ત્ય–પ્રી–કૃ–ગૄ જ્ઞઃ કઃ

★ વૃતિ :– નામ્યુપાન્ત્યેભ્યઃ પ્રયાદિભ્યશ્ચતુર્ભ્યશ્ચ કઃ સ્યાત્ ક્ષિપઃ, પ્રિયઃ, કિરઃ, ગિરઃ, જ્ઞઃ ।

卐 વૃત્યર્થ :– નામિ સ્વર ઉપાન્ત્યમાં છે તેવા ધાતુઓને તથા પ્રી – કૃ – ગૄ અને જ્ઞા ધાતુઓને કર્તાર્થે ક (અ) પ્રત્યય થાય

0 નામિ ઉપાન્ત્ય – ક્ષિપતિ ઇતિ–ક્ષિપઃ ફેંકનાર ક્ષિપ્+ક= (ક્–ઇત્ છે, ગુણ ન થાય) ક્ષિપ્+અ= પ્રથમા એ વ. ક્ષિપઃ

0 પ્રી – પ્રિણાતિ ઇતિ – પ્રિયઃ પ્રિય – પ્રી + ક (અ)= સંયોગાત્ ૨/૧/૫૨ થી પ્રિય્ + અ

0 કૃ–કિરતિ ઇતિ – કિરઃ ભૂંડ–કૃ+ક (અ)= ઋતાંક્ડિતિ થી કિર્ + અ

0 જ્ઞા–જાનાતિ ઇતિ–જ્ઞઃ – પંડિત–જ્ઞા+ક (અ) = જ્ઞ્ + અ (ઇડેત્પુસિ ચાતો૦ ૪/૩/૯૪ થી આ લોપ) – જ્ઞઃ

卐 વિશેષ :– 0 ક પ્રત્યયમા ક્ કાર કિત્ કાર્ય માટે છે – તેનાથી ગુણ નિષેધ થશે

[૨૦૯૫]

(૧૦) ઘ્રાધ્માપાટ્ધેદૃશઃ શઃ ૫/૧/૫૮

★ સુત્રપૃથ૦ :- ઘ્રા – ધ્મા – પા – ટ્ધે – દૃશઃ શઃ

★ વૃત્તિ :– એભ્યઃ શઃ સ્યાત્ । શકાર શિત્કાર્યાર્થઃ ।

જિઘ્રઃ, ઉદ્ધમઃ પિબઃ, ઉદ્ધયઃ, ઉત્પશ્યઃ

卐 વૃત્યર્થ :– ઘ્રા, ધ્મા, પા, ટ્ધે, દૃશ્ ધાતુઓને શ(અ)પ્રત્યય થાયછે શ માં શ્–ઇત્ છેતે શિત્ કાર્ય માટે

0 જિઘ્રઃ – સુંઘનાર 0 ઉદ્ધમઃ – ધમનાર

0 પિબઃ-પિનાર 0 ઉદ્ધયઃ-ધાવનાર 0 ઉત્પશ્યઃ-ઊંચેજોનાર

–0 ઘ્રા+શ –જિઘ્રતિ ઇતિ – (શ્રૌતિ કૃવુ૦ ૪/૨/૧૦૮થી જિઘ્ર આદેશ) જિઘ્ર્+અ=જિઘ્રઃ એજરીતે ધ્મા નો ધમ્ પાનો પિબ્ દૃશ્ નો પશ્ય આદેશ થશે.

卐 વિશેષ :– 0 ઉપસર્ગ સહિત ધાતુપ્રયોગ છે. ઉદ્ + ટ્ધે – ઉદ્ધયઃ

0 ટ્ધે માં ટ્ કાર ડી ને માટે છે તેથી (સ્ત્રીલિંગે) ઉદ્+ટ્ધે +શ+ઙી=ઉદ્ધય+ડી (અણજેયેકણ્૦૨/૪/૨૦થી ઙી)ઉદ્ધયી

0 ઘ્રા વિ. ના સાહચર્યથી પી–પિબ્ ગણ – ૧ નું ગ્રહણ કરવું પા – પાતિ ગણ – ૨ નહીં

[૨૦૯૬]

(૧૧) સાહિસાતિવેદ્યુદેજિધારિપારિચેતેરનુપસર્ગાત્ ૫/૧/૫૯

★ સૂત્રપૃથ૦ :- સાહી–સાતિ–વેદિ–ઉદેજિ–ધારિ–પારિ –ચેતેઃ અનુપસર્ગાત્

★ વૃતિ :– એભ્યોઽનુપસર્ગેભ્યઃ ણ્યન્તેભ્યઃ શઃ સ્યાત્ । સાહયઃ, સાતયઃ, વેદયઃ, ઉદેજયઃ, ધારયઃ, પારયઃ, ચેતયઃ

卐 વૃત્યર્થ :– ઉપસર્ગ રહિત એવા ણિ અન્ત વાળા સાહિ,સાતિ,વેદિ, ઉદેજિ, ધારિ, પારિ, ચેતિ ધાતુઓને શ (અ) પ્રત્યય થાયછે.

---

*1 નન્દિ–નન્દનઃ વગેરે નામોની વ્યુત્પત્તિ માટે સિધ્ધહેમ પ્રથમોઽધ્યાય શ. ન્યા. – પૃ. ૪૦ – જોવું

*2 ગ્રાહી વગેરે પ્રત્યેક નામોની વ્યુત્પત્તિ સિધ્ધહેમ – પંચમોઽધ્યાય – પૃ. ૪૧ માં જોવી.

0 साहयः સહન કરનાર 0 सातयः સુખ ઉત્પન કરનાર
0 वदयः જાણનાર 0 उदेजयः કંપનાર
0 चेतयः ચેતનાર 0 साहया સાધનિકા :-
साहयति इति=साहि+शत् (अ)=साहे+अ (ગુણ)=(एदैतो -याय થી) साहय्+अ=પ્રથમા એ.વ साहयः સહન કરનાર /કરાવનાર બે અર્થ કર્યા કારણકે णिगन्त – પ્રેરક હોયતો પ્રેરણા અર્થમાં 'સહન કરાવનાર" થાય

★ અનુવૃત્તિ :- घ्रा ध्मा पा...शः ૫/૧/૫૮ થી शः

卐 વિશેષ :- 0 અનુપસર્ગ કેમ કહ્યું ?
प्रसाहिता प्र+ साहि+तृच् (णकतृचो ૫/૧/૪૮) કેમકે ઉપસર્ગ છે
0 વૃત્તિમા णि અન્ત કેમ કહ્યુ ?
મૂળધાતુ सह् વગેરે છે તેને णि લાગ્યોછે – सह् + णि = साहि विद् + णि = वेदि

[१०८७]

(૧૧) नृत्खनञ्ज: शिल्पिन्यकट् ૫/૧/૬૫

★ સૂત્રપૃથ૦ :- नृत् खन् रञ्ज, शिल्पिनि अकट्
★ વૃત્તિ :- एभ्यः शिल्पिनि कर्तर्यकट् स्यात् । नर्तकः, खनकः, रजकः

卐 વૃત્યર્થ :- नृत्, खन्, रञ्ज्, ધાતુઓને જો કર્તા શિલ્પી (કર્મકૌશલ વાળો) હોયતો अकट्(अक)પ્રત્યય
0 नर्तकः नर्तक = नृत्+अकट्=नर्त्+अक नृत्यति इति–
0 रञ्ज्+अकट्=(अकट्-घिनोश्च रञ्जे ૪/૨/૫૦ થી ઉપા-ન્ત્ય લોપ) रज् + अक = रजक = રંગારો
0 खनक = खन + अकट् = ખોદનારો

卐 વિશેષ :- 0 नर्तिका (नृत+णक+ સ્ત્રીલિંગે आत् પ્રત્યય) નાચનારી અહીં શિલ્પ તરીકે નહીં પણ સામાન્ય કૃત્ય ગણતા णक પ્રત્યય થયો
0 अकट् મા જે ट् इत् મુક્યો તે સ્ત્રીલિંગે ङी પ્રત્યય માટે – नृत + अकट् + ङी = नर्तकी

[१०८८]

गस्थकः टनण् च ૫/૧/૬૬-૬૭

★ સૂત્રપૃથ૦ :- (૧) गः थकः ૫/૧/૬૬
(૨) टनण् ૫/૧/૬૭
★ વૃત્તિ :- गः शिल्पिनि कर्तर्येतौ स्याताम् । गाथकः ।
☐ आत ऐः कृञ्जौ । गायनी

卐 વૃત્યર્થ :- શિલ્પી કર્તા હોયતો गा ધાતુને थक પ્રત્યય લાગેછે गायति इति=गा+थ=गाथकः ગવૈયો

★ અનુવૃત્તિ :- (૧) नृत्खनञ्ज:૦ ૫/૧/૬૫થી शिल्पिनि (૨) कर्तरि

卐 વિશેષ :- 0 गै ધાતુનો અર્થ 'ગાવું" થાયછે – गाह् गमो धातु न लेवी

☐ શેષવૃત્તિ :- (૩)टनण् च ૫/૧/૬૭ શિલ્પી કર્તા गा ધાતુને अक अन (टनण्) પ્રત્યય લાગે गायति इति–गा+टनण्=(आत ऐ कृञ्जौ ૪/૩/૫૩ થી) गै+अन=गायनः – ગવૈયો (સ્ત્રીલિંગે) गायनी ગાનારી [૫૪૨]

[१०८९]

(૧૪) तिक्कृतौ नाम्नि ૫/૧/૭૧

★ સૂત્રપૃથ૦ :- तिक् कृतौ नाम्नि
★ વૃત્તિ :- आशीर्विषये संज्ञायां गम्यायां तिक्कृतश्च सर्वे प्रत्ययाः स्युः

卐 વૃત્યર્થ :- સંજ્ઞા અર્થ જણાતો હોય તો ધાતુને આશિષ અર્થમાં तिक् (ति) પ્રત્યય લાગેછે અને કૃદન્તના બીજા રુપે પ્રત્યયો લાગેછે (વિશે જુઓ સૂત્ર:૧૫)

★ અનુવૃત્તિ :- आशिषि अकन ૫/૧/૭૦ થી आशिषि

卐 વિશેષ – 0 સ્પષ્ટ

[११००]

(૧૫) अहन्पञ्चमस्य क्वि क्ङिति ૪/૧/૧૦૭

★ સૂત્રપૃથ૦ :- अहन् पञ्चमस्य क्वि – क्ङिति
★ વૃત્તિ :- हनवर्जपञ्चमान्तस्य क्वौ धुडादौ क्ङिति च दीर्घः स्यात् । शम्या दियायादस्यमानः शान्तिः
☐ क्वचित्कि न दीर्घः । रन्तिः । वर्धतामित्या शास्यमानो वर्धमानः ।

卐 વૃત્યર્થ :- हन् ધાતુ સિવાયના પ અમ વ્યંજન (ङ्, ञ्, ण्, न्, म्) માંનો કોઇપણ વ્યંજન અન્તે હોય તેવા ધાતુને क्विप् પ્રત્યય લાગે ત્યારે અને આદિમા धुट् વ્યંજનવાળો किन् ङित् પ્રત્યય લાગે ત્યારે તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાયછે
0 शम्यात् इति–शम्+तिक् (ति)=આ સૂત્રથી પૂર્વસ્વર દીર્ઘ शाम्+ति=(म्ना धुड् वर्गे० થી) शान् + ति = शान्तिः

★ અનુવૃત્તિ :- (૧) स्वर हन गम० ૪/૧/૧૦૪ થી धुटि (૨) दीर्घश्चवोऽन्त्यम् ૪/૧/૧૦૩ થી दीर्घम

卐 વિશેષ :- 0 अहन કેમ કહ્યું ?
वृत्रहणि–हन् ધાતુ વર્જ્યો માટે દીર્ઘત્વ ન થાય.(*न् નો ण् क वर्गैक स्वर वति ૨/૩/૭૬ થી થયો)

* वृत्रहणि–સંજ્ઞા હોયતો पूर्वपदस्था ૨/૩/૬૪ થી અને અસંજ્ઞામાં कवर्गैक० ૨/૩/૭૬ થી णत्व– બૃ.વૃ. ભા.૨ ન્યા, સ.પૃ.૧૦૧

0 પંચમ વર્ણ કેમ કહ્યું ?

પક્ત્વા – पच् + क्त्वा છે. અન્તે च् છે.

0 ધુટ્ એમ કેમ કહ્યું ?

यम्त – यम् + क्य – य ધુટ્ નથી.

શેષવૃતિ :- (૪) न तिकि दीर्घश्च ૪/૨/૫૯ यम् વગેરે (यम्, रम्, नम्, गम्, हन्, मन् અને वन्) તથા तनादि ધાતુઓને तिक् પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેના અન્ત્ય વ્યંજનનો લોપ થતોનથી તેમજ પૂર્વસ્વર દીર્ઘ પણ નથાય

0 रम् + तिक् = रन्तिः = રંતિદેવ [૫૪૨]

0 વર્ધમાનઃ ચોવિશમાં તિર્થંકર वर्धिषीष्ट इति वर्ध+આનશ્ (शत्रानशावेष्यति ૫/૨/૨૦ થી નિર્દિષ્ટ આનશ્ ૫/૧/૭૦ થી થયો) = (अतो म आने ૪/૪/૧૧૪ થી अ થી પર म् આગમ) વર્ધ + मान = વર્ધમાનઃ

[૧૧૦૧]

(૧૬) कर्मणोऽण् ૫/૧/૭૨

☆ સૂત્રપૃથ૦ :- कर्मणः અણ્

☆ વૃત્તિ :- कर्मणः परात्धातोरण् स्यात् । कुम्भं करोति इति कुम्भकारः ।

વૃત્યર્થ :- કર્મથી પર આવેલ ધાતુને अण् પ્રત્યય થાયછે कुम्भकार = કુંભાર–कुम्भं करोति इति कुम्भ +कृ+अण्=(नामिनोऽकलिहले થી વૃદ્ધિ) कुम्भ+कार्+अ= कुम्भकारः (* નોંધ :- कुम्भम्-कुम्भ+अम् કર્મ છે. कृ સાથે સમાસ થતાં ऐकार्थ्ये ૩/૨/૮થી વિભક્તિ લોપ અને ङस्युक्तं कृता ૩/૧/૪૯ થી સમાસ થયો, सि પ્રત્યય લાગ્યો બધે આ રીતે પ્રક્રિયા જાણવી)

વિશેષ :- 0 અણ્ માં ण् કાર વૃદ્ધિને માટેછે

0कर्तृ र्व्याप्यं कर्म ૨/૨/૩ થી निर्वर्त्यः ક્રિયા વડે ઉત્પન્ન કરવું विकार्य :- ક્રિયા વડે વિકાર પામવો. प्राप्य – ક્રિયા વડે પામવું ત્રણ અર્થમાં કર્મ થાયછે. જેમકે प्राप्य :- सूत्रं धरति इति – सूत्रधारः

[૧૧૦૨]

(૧૭) आतो डोऽह्वावामः ૫/૧/૭૬

☆ સૂત્રપૃથ૦ :- आतः डः अ – ह्वा – वा–मः

☆ વૃત્તિ :- कर्मणः परादनुपसर्गात् ह्वावामावर्जादादन्ताद् धातोर्डः स्यात् । गोदः । अह्वावाम् इति किम् । स्वर्गह्वायः तन्तुवायः, धान्यमायः ।

વૃત્યર્થ :- ह्वा-वा-मा ધાતુઓ સિવાય ઉપસર્ગ રહિત એવા आ કાંત. ધાતુઓને કર્મથી પર ड (अ) પ્રત્યય થાયછે.

0 गोदः = ગાય આપનારો – गां ददाति इति – गो + दा + ड = गोद् + अ = गोदः

0 अह्वावाम् કેમ કહ્યું ?

स्वर्गह्वायः=स्वर्ग ह्वयते-સ્વર્ગની સ્પર્ધા કરનારો આ ધાતુનું વર્જન છે માટે "ड" પ્રત્યય ન લાગે પણ अण् લાગે –0– तन्तुवायः = વણકર. धान्यमायः= ધાન્ય માપનારો – બન્નેમાં ड ન લાગ્યો

☆ અનુવૃતિ :-(૧) गायोऽनुपसर्गात् ૫/૧/૭૪ થી अनुपसर्गात् (૨) कर्मणोऽण् થી कर्मणः

વિશેષ :- 0 અનુપસર્ગ કેમ કહ્યું ?

गोसंदायः गो-सं+दा –ઉપસર્ગ છે માટે कर्मणोऽण् થી अण् લાગશે. તથી सं+दा+अण्=(आत ऐः कृञ्णौ ૪/૩/૫૩) सं+ दै + अण् = सं + दाय् + अ = संदायः

0 ક્યારેક ह्वा ને ड પ્રત્યય લાગે છે मित्रह्व–मित्रं ह्वयते–मित्र ની સ્પર્ધા કરેછે. અહીં मित्र+ह्वा+ड=मित्र+ह्व्+अ થયું

[૧૧૦૩]

(૧૮) आशिषि हनः ૫/૧/૮૦

☆ વૃત્તિ :- कर्मणः पराद्धन्तेराशिषि गम्यायां डः स्यात् । शत्रुहः ।

વૃત્યર્થ :- કર્મથી પર हन् ધાતુને આશીર્વાદ અર્થમાં ड (अ) પ્રત્યય થાય शत्रुहः = शत्रुं वध्यात्-શત્રુને હણો -शत्रु+हन्+ड=,डित्यन्त्य स्वरादेः ૨/૧/૧૧૪ થી अन् લોપ) शत्रु + ह् + अ

☆ અનુવૃતિ :-(૧) आतो डो...मः ૫/૧/૭૬ થી ड (૨) कर्मणोऽण थी कर्मणः

વિશેષ :- 0 * ક્યારેક ગતિ અર્થમાં પણ हन् ને ड પ્રત્યય લાગેછે ત્યારે क्रोशं हन्ति થી क्रोशहः એક કોશ (ગતિનું માપ) કાપેછે. – ચાલેછે – જાય.

[૧૧૦૪]

(૧૯) क्लेशादिभ्योऽपात् ૫/૧/૮૧

☆ સૂત્રપૃથ૦ :- क्लेश – आदिभ्यः अपात्

☆ વૃત્તિ :- क्लेशादेः कर्मणः परादपपूर्वाद्धन्तेर्डः स्यात् । क्लेशापहः, तमोपहः

* નોંધ :– લઘુપ્રક્રિયા – ટીપ્પણ ૧૭, પૃ. ૩૭૦

* क्वचित् – હૈમપ્રકાશ ઉતરાર્ધ પૃ. ૮૪૩

卐 વૃત્યર્થ :- ક્લેશ વગેરે કર્મ પછી અર પૂર્વક હન્ ધાતુને ઙ (અ) પ્રત્યય થાય છે ક્લેશાપહ, ક્લેશને હણનારો. ક્લેશમ્ અપહન્તિ=ક્લેશ+અપ+હન્+ડ=ક્લેશ+અપ+હ્+અ (અન્ત્ય અન્ લોપ)=ક્લેશાપહઃ એ-જ-રીતે તમાપહ. અંધકારને હણનાર તમસ્+અપ+હન્+ડ

★ અનુવૃત્તિ :- (૧) આતો ડો ..મઃ ૫/૧/૭૬ થી ડ (૨) આશિષિ. ૫/૧/૮૦ થી હનઃ

卐 વિશેષ :- 0 ક્લેશાદિ-ક્લેશ, રોગ, તમસ્ દુઃખ દોષ, વાતપિત્તકફ, જ્વર, દર્પ
0 સૂત્રમાં અપ મુકવાથી અન્ય કર્મોથી પર પણ હન્ ને ડ પ્રાપ્ત થશે
0 પૂર્વસૂત્રથી પણ ડ પ્રત્યયની પ્રાપ્તિ હતી તેના આશીર્વાદ સિવાયના વિષયમાં પ્રાપ્તિ માટે આ સૂત્ર બનાવેલ છે

[૧૧૦૫]

(૨૦) અચિત્તે ટક્ ૫/૧/૮૩

★ વૃત્તિ :- કર્મણઃ પરાદ્ધન્તેરચિત્તવતિ કર્તરિ ટક્ સ્યાત્ વાતઘ્નं તૈલમ્। અચિત્ત ઇતિ કિમ્। પાપઘાતો યતિઃ

卐 વૃત્યર્થ :- કર્મથી પર હન્ ધાતુને અચિત્ત કર્તા હોવાથી ટક્ (અ) થાય છે
0 વાતઘ્નં તૈલમ્ - વાયુને હણનાર તેલ - વાત હન્તિ ઇતિ વાત+હન્+ટક્=વાત+ઘ્ન+અ= (ગમહન જન૦ ૪/૨/૪૪ થી હન્ નો અ, લોપ હનો ઘ્ન ૨/૧/૧૧૨ થી ઘ્ન થશે.)
0 અચિત્ત કેમ કહ્યું ?
પાપઘાતો યતિઃ = પાપં હન્તિ ઇતિ પાપ+હન્+અણ્ (અ) = ઞ્ણિતિ ઘાત્ ૪/૩/૧૦૦ થી પાપ+ઘાત્+અ = પાપઘાતઃ અહીં અચિત્ત કર્તા છે માટે ટક્ ન થયો.

★ અનુવૃત્તિ :- આશિષિ હનઃ ૫/૧/૮૦ થી હનઃ

卐 વિશેષ :- 0 અચિત્ત - ચૈતન્ય રહિત
0 ક્ હન્ છે તે કિત્ કાર્ય માટે છે
0 ટ્ ઇત્ છે તે સ્ત્રીલિંગે ડી પ્રાપ્તિ માટે છે

[૧૧૦૬]

(૨૧) બ્રહ્માદિભ્યઃ ૫/૧/૮૫

★ વૃત્તિ :- એભ્યઃ કર્મભ્યઃ પરાદ્ધન્તેષ્ટક્ સ્યાત્। બ્રહ્મઘ્નઃ ગોઘ્નઃ પાપી।
◻ રાજઘઃ નિપાતોऽયમ્।

卐 વૃત્યર્થ :- બ્રહ્મ વગેરે કર્મથી પર હન્ ધાતુને ટક્ (અ) પ્રત્યય થાય છે. બ્રહ્મઘ્ન = બ્રાહ્મણને હણનારો બ્રહ્મહન્તિ = બ્રહ્મ+હન+ટક્=(હન નો ૪/૨/૪૪ થી ઘ, ૨/૧/૧૧૨ થી ઘ્ન થતા) બ્રહ્મ+ઘ્ન+ટક્ (અ) = બ્રહ્મઘ્નઃ
0 ગોઘ્ન = ગાયને હણનારો. ગાં હન્તિ

★ અનુવૃત્તિ :- (૧) આશિષિ હનઃ ૫/૧/૮૦થી હનઃ (૨) અચિત્તે ટક્ ૫/૧/૮૩ થી ટક્

卐 વિશેષ :- 0 બ્રહ્માદિ :- બ્રહ્મઘ્નઃ, કૃતઘ્નઃ, ગોઘ્નઃ, શત્રુઘ્નઃ, ભ્રૂણઘ્નઃ, બાલઘ્નઃ, શ્વઘ્ની
0 બહુલ અધિકારથી સંપ્રદાન (ચતુર્થી) માં પણ આ સૂત્ર ક્યારેક લાગે જેમકે ગોઘ્નોऽતિથિઃ=ગાં હન્તિ યસ્મૈ આગતાય દાતુમ્ સ - અહીં સંપ્રદાન :- યસ્મૈ આગતાય છે તો પણ ટક્ પ્રત્યય થયો

◻ શેષવૃત્તિ -:(૫) *રાજઘઃ ૫/૧/૮૮ રાજન્ કર્મથી પર હન્ ધાતુને ટક્ પ્રત્યયાન્ત તથા (હન્ નો) ઘ આદેશ કરી નિપાતન કરેલ છે રાજન્+હન્+ટક્=રાજઘઃ= રાજાને હણનાર

[૧૧૦૭] [૫૪૬]

(૨૨) કુક્ષ્યાત્મોદરાદ્ ભૃગઃ ખિ ૫/૧/૯૦

★ સૂત્રપૃથ૦ :- કુક્ષિ-આત્મ-ઉદરાદ્ ભૃગઃ ખિઃ

★ વૃત્તિ -એભ્યઃ કર્મભ્યઃ પરાદ્ ભૃગઃ ખિઃ સ્યાત્। ખ ઇત્।

卐 વૃત્યર્થ :- કુક્ષિ, આત્મન્ અને ઉદર કર્મ પછી આવેલા ભૃગ્ (ભૃ) ધાતુને ખિ (ઇ) પ્રત્યય થાય છે ખિ માં ખ-ઇત્ છે (જુઓ સૂત્ર ૨૩ માં જુઓ)

卐 વિશેષ - 0 ખ કાર મુકયો તેમ્ આગમ માટે છે નિત્ત્વસ્વર...૩/૨/૧૧૧ થી મ્ આગમ થાય

[૧૧૦૮]

(૧૩) ખિત્યનવ્યયારુષોમોऽન્તો,હ્રસ્વશ્ચ ૩/૨/૧૧૧

★ સૂત્રપૃથ૦ :- ખિતિ અન્ - અવ્યય અરુષઃ મઃ અન્તઃ હ્રસ્વશ્ચ

★ વૃત્તિ :- સ્વરાન્તસ્યાનવ્યયસ્યારુષશ્ચ ખિત્પ્રત્યયાન્તે ઉત્તરપદે મોऽન્તો યથાસંભવં હ્રસ્વશ્ચ સ્યાત્। કુક્ષિમ્ભરિઃ આત્મમ્ભરિઃ, ઉદરમ્ભરિઃ

卐 વૃત્યર્થ :- અવ્યય સિવાયના સ્વરાન્ત શબ્દ પછી તેમજ અરુષ્ શબ્દ પછી ખ-ઇત્ વાળો પ્રત્યય ઉત્તરપદમાં હોવાથી (પૂર્વ પદને અન્તે) મ્ આગમ થાય છે. (જેમકે :- અરુષ્ નુ અરુષ્મ્ પછી મ્ લોપ અરુમ્) અને પૂર્વે દીર્ઘસ્વર હોવાથી હ્રસ્વ થાય છે.
0 કુક્ષિમ્ભરિ. પેટભરો કુક્ષિં બિભર્તિ ઇતિ-કુક્ષિ+ભૃ+ખિ (ઇ) કુક્ષિ+મ્+ભર્+ખિ=કુક્ષિ+મ્+ભરિ (આ સૂત્રથી મ્ આગમ)

* રાજઘઃ હેમ પ્રકાશ ઉત્તરાર્ધ - પૃ. ૮૪૪

0 आत्मम्भरिः પોતાનેજ પોષનારો આત્મન્+મૃ+ખિ (અહીં સમાસ થયો आत्मन+मम्+भृ+ . ऐकार्थ्ये ૩/૨/૮ થી વિભક્તિ લોપ, પદ સંજ્ઞા થતાં નામ્નો નો૦ ૨/૧/૯૧થી અન્ત્ય ન્ લોપ) आत्म+म्+भृ+इ=आत्मम्भरिः
0 उदरम्भरिः પેટ ભરો – उदरं बिभर्ति

卐 વિશેષ :- 0 खित् કેમ કહ્યું ?
ज्ञमानी–ज्ञ+मन्+णिन्-ज्ञमान्+इन् અહીં णिन् છે માટે મ આગમ ન થાય मन्याणिन् ૫/૧/૧૧૬ થી णिन्
0 અનવ્યય કેમ કહ્યું ?
दोषामन्यम् अहः પોતાને રાત માનતો દિવસ – दोषा અવ્યય છે માટે म् ન લાગ્યો

[૧૧૦૯]

(૨૪) अर्होऽच् ૫/૧/૯૧

★ સૂત્રપૃથ૦ : अर्ह: अच्
★ વૃતિ :- कर्मण: परादर्हे'रच् स्यात् । पूजार्ह': साधु: पूजार्हा साध्वी ।
卐 વૃત્યર્થ :- કર્મથી પર अर्ह् ધાતુને अच् પ્રત્યય થાયછે पूजार्ह': साधु: પૂજાને યોગ્ય સાધુ-पूजार्हा साध्वी પૂજાને યોગ્ય સાધ્વી
0 पूजार्ह': = पूजाम् अर्हति – पूजा+अर्ह्+अच्
0 पूजार्हा = पूजार्ह + आ (સ્ત્રીલિંગે आत्)

卐 વિશેષ :- 0 अण् પ્રત્યયનો અપવાદ કરી આ સૂત્ર બનાવેલ છે.
0* अच् અને अण् બન્ને સરૂપ હોવાથી નિત્ય અપવાદરૂપેછે

[૧૧૧૦]

(૨૫) धनुर्दण्डत्सरुलाङ्गलाङ्कुशर्ष्टियष्टि शक्ति तामर घटाद् ग्रहः ૫/૧/૯૨

★ સૂત્રપૃથ૦ :- धनुर्‌ दण्ड–त्सरु–लाङ्गल–अङ्कुश–ऋष्टि–यष्टि–शक्ति–तोमर–घटाद् ग्रहः
★ વૃતિ :- एभ्यो दशभ्य: कर्मभ्य: पराद् ग्रहेरच् स्यात् धनुर्ग्रहः
卐 વૃત્યર્થ :- ઘનુર્ વગેરે દશ કર્મ (શબ્દ) થી પર ग्रह ધાતુને अच् (अ) પ્રત્યય થાયછે धनुर्ग्रहः ધનુષ્યને ગ્રહણ કરનાર धनुर्गृह्णाति इति धनुस्+ग्रह्+अच् એજરીતે दण्डग्रहः = દંડ ગ્રાહક, त्सरुग्रहः = તલવારની મૂઠ ગ્રહણ કરનાર, यष्टिग्रहः = લાકડી ગ્રહણ કરનાર

* अच् અને...સિદ્ધહેમ બૃ વૃ પંચમોડધ્યાય-પૃ -૧૬

★ અનુવૃતિ :- अर्होऽच् ૫/૧/૯૧ થી अच्

卐 વિશેષ :- 0 घटीग्रह નું ગ્રહણ કેમ ?
घटी (ઘડી-સમયમાપક) નું વિધાન સૂત્રમાં નથી પણ *नाम ग्रहणे लिङ्ग विशिष्टस्यापि ग्रहणम् એ ન્યાયે घटी શબ્દનું ગ્રહણ કરેલ છે

[૧૧૧૧]

(२६) आयुधादिभ्यो धृगोऽदण्डादे: ૫/૧/૯૪

★ સૂત્રપૃથ૦ :- आयुध्-आदिभ्यः धृगः अ-दण्डादेः
★ વૃત્તિ :- दण्डादि वर्जादायुधादे परादधृगोऽच् स्यात् । धनुर्धर:, भूधर:, । अदण्डादेरिति किम् । दण्डधारः
卐 વૃત્યર્થ :- दण्ड વગેરે શબ્દો સિવાયના आयुध વગેરે શબ્દોથી પર આવેલા धृ ધાતુને अच् (अ) પ્રત્યય થાયછે 0 धनुर्धर: = ધનુષને ધારણ કરનાર धनुर्धरति = धनु+धृ+अच् 0 भूधरः પર્વત
0 अदण्डादेः કેમ કહ્યું ?
दण्डधार: = दण्डं धरति - दण्ड+धृ+अण् દંડ ધારક (અહીં अण् પ્રત્યય થયો

★ અનુવૃતિ :- अर्होऽच् ૫/૧/૯૧ થી अच्

卐 વિશેષ :- 0 आयुधादि ગણ :-
धनुर्धर:,शक्तिधर:,चक्रधर:,शार्ङ्गधर:,गदाधर:,परशुधर:, शूलधर:, खड्गधर:, वज्रधरः, हलधरः
0 आदि શબ્દથી—जलधरः,विषधर ,शशधर:,विद्याधरः, श्रीधरः, जटाधर:, पयोधर: વગેરેનું પણ ગ્રહણ થશે.
0 *સૂત્રમાં બ વ મુકવાથી અન્ય કર્મથી પર પણ अच् થાય જેમકે :- यष्टिधरः,फलकधरः,शङ्कुधरः,गोवर्धनधर:, श्रीवत्सधर:, तूणीरधर:, पाशधर:, छत्रधरः
0 अदण्डादे: કેમ કહ્યુ ?
दण्डधार:,कर्णधार:,सूत्रधार:,छत्रधार:,कुण्डधार:,कर्मधारः – બધે अण् પ્રત્યય થયોછે

[૧૧૧૨]

(૨૭) हृगोवयोऽनुद्यमे ૫/૧/૯૫

★ સુત્રપૃથ૦ :- हृगः वयः अनुद्यमे
★ વૃત્તિ :- कर्मणः परादहृगो वयस्यनुद्यमे गम्येऽच् स्यात् । अस्थिहर: श्वाउद्यम उत्क्षेपणमाकाशस्थस्य वा धारणे तदभावे–मनोहरा स्रक् । उद्यमे तु भारहार ।

*1 नाम ग्रहणे — ન્યાય – ૧૬ પ ૧૬
*2 બ. વ. – મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨, પૃ. ૧૭૪

☐ આદ. શીલે । પુષ્પહાર । દતે–નાથરાથાવિ: । દત્તહરિ: શ્વા । નાથહર સિંહ:

卐 સૂત્રાર્થ :– ઉંમરકે અનુદ્યમ અર્થ જણાતો હોય ત્યારે કર્મથી પર हृ ધાતુને अच् (अ) પ્રત્યય થાયછે
0 ઉદ્યમ એટલે ઊંચે ફેંકવુ અથવા આકાશમાં અધ્ધર રહેલા પદ ને હાથમાંધરી રાખવો–તેનો અભાવતે અનુદ્યમ
0 વય :– અસ્થિહર: શ્વા – હાડકાને લઈ જનાર કુતરુ – અહીં હાડકાને લઈ જવું તે કુતરાની બાલ્યાવસ્થા સૂચવેછે अस्थि हरति इति–अस्थि+हृ+अच्
0 અનુદ્યમ :– મનોહરા સ્રક મનોહર માળા મન: हरति इति –मनस्+हृ+अच्=मनोहर, સ્ત્રીલિંગે आत् मनोहरा મનને હરવામા ઉદ્યમ નથી માટે अच् (मनस् ના स् નો ર થઇ अतोऽति रोरुः થી ઉ થઈ अ+उ થતાં ओ થયો)
0 અનુદ્યમ કેમ કહ્યું ?
ઉદ્યમ અર્થમાં भारहार ભાર ઉપાડનાર भार+हृ+अण्

★ અનુવૃત્તિ – अर्होऽच् ५/१/९१ થી अच्

卐 વિશેષ :– 0 વય :– પ્રાણીને કાળક્રમે કરી થતી (રહેતી) ઉંમર અવસ્થા
0 * જ્યા વય હોય ત્યા ઉદ્યમ અર્થમાં પણ આ સૂત્ર લાગે જેમકે :– कवचहर

☐ શેષવૃત્તિ :– (६) आङ. शीले ५/१/९६ आङ् સાથેના हृ ધાતુને શીલ અર્થમા अच् પ્રત્યય થાય છે શીલ–સ્વભાવિક ક્રિયા – पुष्पाहर. ફૂલને ચૂંટનારો. पुष्पाणि आहरति – पुष्प+आ+हृ+अच् [५८५]
(७) हतिनाथात् पशाविः ५/१/९७ हति તેમજ नाथ શબ્દ પછી हृ ધાતુ હોય અને પશુ કર્તા હોયતો इ થાયછે हतिहरि શ્વા ચામડાની મસક લઇ જનારો કુતરો हति+हृ+इ
0 नाथहरि: सिंह: માલિકને હરનાર સિંહ नाथ+हृ+इ

[2223] [५८६]

(२८) रज फले मलाद् ग्रह ५/१/९८

★ વૃત્તિ :– एभ्य: कर्मभ्य: परात् ग्रहेरिः स्यात् । रजोग्रहिः फलेग्रहिः, मलग्रहिः

卐 સૂત્રાર્થ :– रजस्, फले, मल કર્મ પછી ग्रह् ધાતુને इ થાયછે रजोग्रहिः રજ લેનારો – रजः गृह्णाति इति – रजस्+ग्रह्+इ એ-ર-રી-તે
0 फलेग्रहि = फले + ग्रह् + इ – ફળ લેનાર
0 मलग्रहि = मल + ग्रह् + इ – મળ લેનાર

• • • • • • • • • • • • • • • • • • •
* वयस्तत्र – બૃહદ્વૃત્તિ ભા ૨ ન્યા. ભ પૃ. २२८

★ અનુવૃત્તિ – हृति नाथात् पशावि ५/१/९७ થી इ

卐 વિશેષ :– 0 फले-સૂત્રમા ए કાર નિર્દેશ હોવાથી फले કર્યું છે

[2224]

(२९) देववातादापः ५/१/९९

★ સૂત્રપૃથ૦ – देव वातात आप
★ વૃત્તિ :– आभ्यामाप इ स्यात् । देवापिः, वातापि ।

卐 સૂત્રાર્થ :– દેવ અને વાત કર્મ પછી આવેલા आप् ધાતુને इ પ્રત્યય થાયછે
0 देवापि. દૈત્ય કે ઋષિનુ નામ છે देवान् आप्नोति- देव + आप् + इ
0 વાગરે ઋષિ પુત્રનુ નામ છે वातम् आप्नोति – वात + आप् + इ

★ અનુવૃત્તિ :– हृति नाथा० ५/१/९७ થી इ

卐 વિશેષ :– 0 ર૫૮

[2225]

(३०) शकृत्स्तम्बाद्वत्सव्रीहौ कृग ५/१/१००

★ સૂત્રપૃથ૦ :– शकृत् – स्तम्बात् वत्स – व्रीहौ कृग:
★ વૃત્તિ :– आभ्यां कर्मभ्यामनयोः कर्त्रोः कृगः इः स्यात् शकृत्करिः वत्सः । स्तम्बकरिर्व्रीहिः

☐ किंयत्तद् बहो । किङ्करः, यत्करः, तत्करः, बहुकरः ।

卐 સૂત્રાર્થ – शकृत् (છાણ) स्तम्ब (ઠુંઠુ) કર્મથી વત્સ અને વ્રીહિ કર્તા હોયતો તેનાથી પર कृ ને इ થાય
0 शकृत् करि: वत्सः છાણ કરનારો વાછડો शकृत् करोति इति – शकृत् + कृ + इ
0 स्तम्ब करिर्व्रीहि: = ઠુંઠું કરનાર ચોખાનો છોડ स्तम्बं करोति – स्तम्ब + कृ + इ

★ અનુવૃત્તિ . हृति नाथा० ५/१/९७ થી इ

卐 વિશેષ – 0 वत्सव्रीहौ કેમ કહ્યું ?
शकृत्कार વત્સ કર્તા ન હોવાથી अण् લાગે शकृत्+कृ+अण्

☐ શેષવૃત્તિ :– (८) किंयत्तद्बहोर. ५/१/१०१ किम् –यत्–तत्–बहु કર્મ પછી कृ ધાતુને अ પ્રત્યય થાયછે किङ्करः નોકર – किम् करोति इति–किम+कृ+अ
0 यत्कर: = यत्+कृ+अ 0 तत्कर = तत्+कृ + अ
0 बहुकर: = बहु + कृ + अ [५८७]

[2226]

(૩૧) सङ्ख्याऽहर्दिवाविभानिशाप्रभाभाश्चित्रकर्त्राद्यन्तानन्तकार बाह्वरुर्धनुर्नान्दीलिपिलिविबलिभक्तिक्षेत्रजङ्घाक्षपाक्षणदारजनि दोषादिन दिवसाट्टः ५/१/१०२

★ સૂત્રપૃથ૦ :- सङ्ख्या-अहर्-दिवा-विभा-निशा-प्रभा-भास्-चित्र कर्तृ-आदि-अन्त-अनन्त-कार-बाहु-अरुर-धनुर्-नान्दी-लिपि-लिवि-बलि-भक्ति-क्षेत्र-जङ्घा-क्षपा-क्षणदा-रजनि-दोषा दिन-दिवसात् टः

★ વૃત્તિ :- एभ्योऽष्टाविंशतेः परात् कृगष्टः स्यात् । सङ्ख्याकर इत्यादि

卐 વૃત્યર્થ :- આ (સૂત્રપૃથ૦ મુજબના) ૨૮ કર્મોથી પર कृ ધાતુને ट (अ) પ્રત્યય થાયછે જેમકે :- सङ्ख्याकरः सङ्ख्यां करोति=सङ्ख्या+कृ+ट (अ) સંખ્યા કરનાર (બધાંજ શબ્દો આ રીતે બનશે)

0 અન્ય ઉદાહરણો :- अहस्करः= अहः करोति अहन्+अम्+कृ+ . ऐकार्थ्ये થી अम् લોપ. અંતવર્તિ વિભક્તિ અપેક્ષાએ પર થતાં शेलुप्परि થી अहर्+कृ+ट अतः कृकमि २/३/५ થી र् નો स् थतां अहस्करः થયું સૂર્ય, दिवाकर.=સૂર્ય, विभाकरः=સૂર્ય, निशाकरः=ચંદ્ર प्रभाकरः=સૂર્ય. भास्करः=સૂર્ય, चित्रकरः=ચિત્રકાર, कर्तृकरः = ઈશ્વર, आदिकरः=બ્રહ્મા, लिपिकरः=લહીયો વગેરે

卐 વિશેષ :- 0 ट કાર ङी માટે છે તેનાથી विभाकरी વગેરે સિદ્ધ થાયછે. અન્યથા आत्‌થી आप् થયો હોત

[૧૧૧૭]

(૩૨) क्षेमप्रियमद्रभद्रान् खाऽण् ५/१/१०५

★ સૂત્રપૃથ૦ :- क्षेम-प्रिय मद्र-भद्रात् ख-अण्

★ વૃત્તિ :- एभ्यश्चतुर्भ्यः परात्कृगः खाऽणौ स्याताम् । क्षेमङ्करः । क्षेमकारः

卐 વૃત્યર્થ :- क्षेम,प्रिय,भद्र,मद्र કર્મથી પર कृ ધાતુને ख અને अण् પ્રત્યય થાયછે क्षेमङ्करः પક્ષે क्षेमकारः કુશળ કરનારો 0 क्षेम+कृ+ख=(ख इत् છે તેથી म આગમ खित्यनव्ययारु० ३/२/१११) क्षेम+म+कृ+ख=(ગુણ) क्षेम+म+कर्+अ=क्षेमङ्करः પક્ષે क्षेम+कृ+अण्=(વૃદ્ધિ) क्षेम + कार+अ=क्षेमकार; એજરીતે-प्रियङ्करः, मद्रङ्करः થાય

★ અનુવૃત્તિ :- ५/१/१० થી कृगः

卐 વિશેષ :- 0 एभ्यः (આ ચારથી) કેમ ?

-0- तीर्थकरः (हेतुतच्छीलाऽनुकुले0 થી ट तीर्थ+कृ+ट

0 ख અને अण् વિકલ્પે કર્યા તે ट ના બાધક માટેછે.

[૧૧૧૮]

(૩૩) मेघर्तिभयाऽभयात् खः ५/१/१०६

★ સુત્રપૃથ૦ :- मेघ ऋति भय अभयात् खः

★ વૃત્તિ :-एभ्यश्चतुर्भ्यः परात् कृगः खः स्यात् । मेघङ्करः ऋतिङ्करः । भयङ्करः । अभयङ्करः ।

■ प्रियवशाद्वदः खः । प्रियंवदः । वशंवदः । द्विषतपरंतपौ निपातौ परिमाणार्थमितनखात् पचः खः । प्रस्थंपचः मितंपचः । नखंपचः । कुलाभ्रकरीषात् कषः खः । कूलंकषा । करीषंकषा ।

卐 વૃત્યર્થ :- मेघ,ऋति,भय અને अभय કર્મથી પર कृ ધાતુને ख (अ) પ્રત્યય થાયછે मेघङ्करः=मेघङ्करोति-मेघ+कृ+ख मेघ+म्+कर्+अ=(तौ मुमो व्यञ्जने0 થી ङ्) मेघ+ङ्+कर.=मेघङ्करः=મેઘ કરનાર એજરીતે ऋतिङ्करः = જુગુપ્સા કરનાર

卐 વિશેષ :- 0 હેત્વાદિ વિવક્ષાથી ट પ્રત્યય નો પણ બાધ થાયછે

■ શેષવૃત્તિ :- (૯) प्रिय वशाद्वदः ५/१/१०७ प्रिय અને वश કર્મથી પર वद् ધાતુને ख પ્રત્યય થાય

0 प्रियंवदः પ્રિય બોલનાર

0 वशंवदः - वशंवद તે=સ્વાધીન [૫૪૮]

(૧૦) द्विषन्तप-परन्तपौ ५/१/१०८ द्विषंतप અને परंतप બન્ને ख પ્રત્યયવાળા નિપાતન કરાયાછે तप् = તપાવવું અર્થસૂચક ધાતુ છે. [૫૪૯]

(૧૧) परिमाणार्थ-मित-नखात् पचः ५/१/१०९ परिमाण-માપ અર્થક प्रस्थ વગેરે શબ્દો, मित અને नख થી પર पच् ધાતુને ख (अ) પ્રત્યય થાયછે.

0 प्रस्थंपचः=પ્રસ્થ માપ જેટલું રાંધનાર

0 मितम्पचः = પરિમિત રાંધનાર 0 नखम्पचः = નખ પાકીજાય તેવું અતિ ઉષ્ણ રાંધનાર [૫૫૦]

(૧૨) कुलाभ्र करीषात् कषः ५/१/११० कुल,अभ्र અને करीष શબ્દોથી પર कष् ધાતુને ख પ્રત્યય થાયછે.

0 कूलङ्कषा - કાંઠાને તોડનાર (નદી) 0 अभ्रङ्कषा-આભને કસે તેવું ઊંચું (મકાન) 0 करीषङ्कषा - છાણાને કસનારી (હવા) [૫૫૧]

[૧૧૧૯]

(૩૪) सर्वात्सहश्च ५/१/१११

★ સૂત્રપૃથ૦ :- सर्वात् सहः च

★ વૃત્તિ :- सर्वपूर्वात्सहेः कषेश्च खः स्यात् । सर्वसहः सर्वंकषः ।

卐 વૃત્યર્થ :- सर्व શબ્દ-કર્મથી પર सह् અને

वद् धातुने ग्व प्रत्यय थाय मर्वंद् महते–वाचिह्न.= બધું સહન કરનારો એજરીતે मंक्षुः=ભથાને દબાવનાર દુર

★ અનુવૃત્તિ :– મેઘર્તિભયા० ૫/૧/૧૦૬ થી ખ.

卐 વિશેષ :– 0 ૨૫૯

[૧૧૨૦]

(૩૫) मन्याण्णिन् ૫/૧/૧૧૬

★ સૂત્રપૃથ૦ :– मन्यात् णिन्

★ વૃત્તિ :– कर्मणः परात् मन्यतेर्णिन् स्यात् । पण्डितमानी बन्धोः ।

卐 વૃત્યર્થ :– કર્મથી પર મન ધાતુને णिन् (इन्) પ્રત્યય થાયછે (मन्य–ગણ ચોથો) पण्डितमानी बन्धोः ભાઈને પંડિત માનનાર पण्डितं मन्यते इति–पण्डित+मन्+णिन्=पण्डित+मान्+इन=प्र એ.વ पण्डितमानी (णिति था ઉપાન્ત્યનો આ, सि પ્રત્યય લોપ नाम्नोनो० થી અન્ત્ય न् લોપ)

卐 વિશેષ :– 0 मन्य અહીં कर्मणि कृतः २/२/८३ થી ષષ્ઠી થઇ

0 * श्य निर्देश उत्तरार्थम् मन्यते मा य (श्य) निर्देश આગળના સૂત્ર માટે છે તેથી तुदादि ગણના मन् ધાતુનું ગ્રહણ થશે નહીં [૧૧૨૧]

(૩૬) कर्तुः खश् ५/१/११७

★ વૃત્તિ :– प्रत्ययार्थात् कर्तुः कर्मणः परान्मन्यतेः खश् स्यात् । आत्मानं पण्डितं मन्यते इति पण्डितंमन्यः

卐 વૃત્યર્થ :–પ્રત્યયના નિમિત્તવાળા એવા કર્તૃભૂત કર્મથી પર રહેલાં મન ધાતુથી खश् (अ) પ્રત્યય થાયછે पण्डितंमन्यः आत्मानं पण्डितं मन्यते पण्डित + मन्य+खश्=पण्डित+म+मन्य+अ=(લોપમાં ધ્યક્ષને) पण्डितं + मन्यः = पण्डितंमन्यः

★ અનુવૃત્તિ :– मन्याण्णिन् ૫/૧/૧૧૬ થી मन्यात्

卐 વિશેષ :– 0 कर्तुः કેમ કહ્યું ?

पटुमानी चैत्रम् (णिन्) ચૈત્રને ચતુર માનનારો – અહીં કર્તા પોતે પોતાને ચતુર માનનાર નથી માટે આ સૂત્ર ન લાગે

0 समस्त होवाथी खश्ने બદલે णिन् પણ લાગેછે–पण्डितमानी

0 न थी म આગમ થાય श-शित् કાર્ય માટે છે તેથીજ ગણપાઠને અનુરૂપ (વિકરણ) પ્રત્યયો થાય જેમકે :– मन् ने श्य लागी मन्य थयु

[૧૧૨૨]

(૩૭) एजेः ५/१/११८

★ વૃત્તિ :– कर्मणः परादेजेः खश् स्यात् । जनमेजयः

卐 વૃત્યર્થ :– કર્મથી પર एज् ધાતુને खश् પ્રત્યય થાયછે (एजि–णिगन्त છે) जनमेजयः=जनम् एजयति લોકોને ધ્રુજાવનાર एजि શબ્દ एजे एजृ)

★ અનુવૃત્તિ :– कर्तुः खश् ૫/૧/૧૧૭ થી खश्

卐 વિશેષ :– 0 एज् कम्पने (एजृ) છે અહીં णि અન્તગણ એજિ રૂપ કરેલ છે

[૧૧૨૩]

(૩૮) शुनीस्तनमुञ्जकूलास्यपुष्पाट्ट्धेः ५/१/११९

★ સૂત્રપૃથ૦ –शुनी स्तन–मुञ्ज–कूल–आस्य पुष्पात् ट्धेः

★ વૃત્તિ :– एभ्यः परात् ट्धेः खश् स्यात् । शुनिन्धयः ।

卐 વૃત્યર્થ :– શુની વગેરેથી પર ट्धे ધાતુને खश् (अ) પ્રત્યય થાયછે

0 शुनिन्धय – शुना वशी–शुनी+धे+खश्+खश्=शुनि+म+धे+अ (म આગમ नि ह्स्व=(नो हस्वो व्यञ्जने० थी न्) शुनि+न्+धे+य= * शुनिन्धयः કુતરીને ધાવનાર

★ અનુવૃત્તિ :– कर्तुः खश् ५११७ થી खश्

卐 વિશેષ :– 0 ट्धे માં ट् કાર ङी કરવા માટે છે – જેમકે शुनि न्धी

0 અન્ય ઉદાહરણ :– स्तनंधयः સ્તનને ધાવનાર – बालक मुञ्जधय મુંજને ખાનારું – હરણ

[૧૧૨૪]

(૩૯) नाडी घटी खरीमुष्टिन सिकावाताद् ध्मश्च ५/१/१२०

★ સૂત્રપૃથ૦ :– नाडी–घटी–खरी–मुष्टि – नासिका – वाताद् ध्मः च

★ વૃત્તિ :– एभ्यः परस्मो ध्मः ट्धेश्च खश् स्यात् । नाडिंधम । नाडींधयः

☐ पाणिकराद् ध्मः खश् । पाणिंधमः पन्थाऽग्नि‌न्धः । वहंलिहः, अभ्रंलिहः परिव्राजकस्तुदः । बहुतुदः । ललाटतपस्पर्शनमः स्वाकः । ललाटंतप अग्र्योंत्रिद् दहः । अग्न्यंस्त्वा गन्दा कूलमुद्रुजोवहः । कूलमुद्रुजोगजः । कूलमुद्वहा नदी । इरम्मदः निर्वातोऽयम्

卐 વૃત્યર્થ :– નાડી વગેરે ૭ કર્મથી પર ध्मा કે ट्धे ધાતુને खश् (अ) પ્રત્યય થાયછે

* श्य निर्देश–બૃહદ્વૃત્તિ ભા ૨ ન્યાસ ૨૩૩

* शुनिन्धयः લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ બૃ.વૃ. બધામાં હ્રસ્વ ઇ છે. પ્રક્રિયામાં દીર્ઘ કેમ ?

0 ધ્મા — नाडिन्धमः 0 ટ્વે नाडिन्धयः
નાડીને ધમનાર/નાડીને પીનારો (અહીં ધ્મા નો ધમ્ આદેશ ઔગ કૃ વૃદ્ધિ ૪/૨/૧૦૮ થી થયો, ख થી म् આગમ થયો)

☆ અનુવૃતિ :- अतुं: खश् ૫/૧/૧૧૭ થી खश्

卐 વિશેષ :- 0 નાડી-ઘટી શબ્દો ङी અન્ત વાળા નિર્દેશેલ છે નાડી શબ્દ ઉપપદમાં खश् પ્રત્યય, इतोऽक्तार्थात् ૨/૪/૩૨ થી ङी વિકલ્પે. ङी અભાવે खश् પણ ન થાય. જેમકે ઘટ ધ્મઃ (અહીં આતો ડો... ૫/૧/૭૬ થી ड થયો)
0 ધ્મા અને ધે બન્નેમાં खश् ના शित् પણાને લીધે शव् લાગતાં પૂર્વના अ નો लुगस्यादे ૨/૧/૧૧૩ થી લોપ થશે
0 અન્ય ઉદાહરણ :-
घटिन्धमः પક્ષે घटिंधयः खरिंधमः પક્ષે खरिंधयः

▦ શેષવૃત્તિ :- (૧૩) पाणि करात् ૫/૧/૧૨૧ पाणि અને कर કર્મથી પરધ્મા ને खश् પ્રત્યય થાય. पाणिं धमति – पाणिन्धमः હાથને ધમનારો [૫૫૨]
(૧૪) वहाभ्राल्लिहः ૫/૧/૧૨૩ वह અને अभ्र થી પર लिह् ધાતુને खश् પ્રત્યય થાય वहंलिहः વાયુ ચાટનાર, अभ्रंलिहः આકાશ ચાટનાર [૫૫૩]
(૧૫) वहु विध्वरुस् तिलात् तुदः ૫/૧/૧૨૪ वहु – विधु–अरुस्–तिल કર્મ પછી तुद् ધાતુને खश् પ્રત્યય થાય वहुं तुदति–वहुतुदः ઘણાને પીડા કરનાર [૫૫૪]
(૧૬) ललाट वातशर्धात् तपाऽज हाकः ૫/૧/૧૨૫ ललाट પછી तप् ધાતુ वात પછી अज् ધાતુ, शर्ध પછી हाक् ધાતુને खश् પ્રત્યય થાયછે ललाटं तपति – ललाटंतपः = સૂર્ય [૫૫૫]
(૧૭) असूर्योग्राद् दृशः ૫/૧/૧૨૬ असूर्य કે उग्र પછી આવેલા दृश् ધાતુને खश् પ્રત્યય થાય सूर्यमपि न पश्यति असूर्यंपश्या राजदाराः સૂર્યને પણ ન જોનારી રાજરાણી [૫૫૬]
(૧૮) कुलादुद्रुजोद्वहः ૫/૧/૧૨૨ कुल થી પર उद्+वह् અને उद्+रुज् ધાતુને खश् પ્રત્યય થાયછે. 0 कुलमुद्रुजो गजः કાંઠાને તોડનાર હાથી [૫૫૭]
(૧૯) इरंमदः ૫/૧/૧૨૭ इरा+मद् ને खश् પ્રત્યયાન્ત નિપાતન કરાયછે इरम्मदः – દારૂડીયો [૫૫૮]

[૨૨૨૫]

* શેષવૃત્તિ :- હૈમપ્રકાશ ઉત્તરાર્ધ ૮૪૯

(૪૦) नग्नपलितप्रियान्धस्थूलसुभगाढ्य तदन्ताच्चव्यर्थेऽच्वेर्भुवः खिष्णु खुकञौ ૫/૧/૧૨૮

★ સૂત્રપૃથ0 :- नग्न–पलित–प्रिय–अन्ध–स्थूल–सुभग––आढ्य–तदन्तात् च्वि अर्थे अ–च्वेः भुवः खिष्णु खुकञौ

☆ વૃત્તિ :- नग्नादिभ्यः सप्तभ्यस्तदन्तेभ्यश्चाच्व्यन्तेभ्यश्च्व्यर्थे वृत्तिभ्यः परात् भुवः खिष्णुखुकञौ स्याताम् । अनग्नो नग्नो भवतीति नग्नंभविष्णुः, नग्नंभावुकः । तदन्ते सुनग्नंभविष्णुः, सुनग्नंभावुकः इत्यादि

卐 વૃત્યર્થ :- नग्न–पलित–प्रिय–अन्ध–स्थूल, सुभग आढ्य એ શબ્દોને અન્તે च्वि અર્થને સૂચવનાર પણ च्वि પ્રત્યય સિવાયનો પ્રત્યય હોયતો તેનાથી પર भू ધાતુને खिष्णु (इष्णु) અને खुकञ् (उक) પ્રત્યયો થાયછે
0 नग्नंभविष्णुः=अनग्नः नग्नः भवति नग्न+भू+खिष्णु= नग्न+म्+भव्+इष्णु (म् નો આગમ થયોછે. भू નો ગુણ મો થયા પૂર્વે સ્વર ' भव् થયું) પહેલાં નગ્ન નહતો પછી નગ્ન –ઢુચ્ચો થયો
0 नग्नंभावुकः (खिष्णु ને બદલે खुकञ् પ્રત્યય नग्न+भू+खुकञ्=(म आगम ञ् કાર થી भू ની વૃદ્ધિ થશે) नग्न+म्+भाव्+उक એજ રીતે-सुनग्नंभविष्णुः પક્ષે सुनग्नंभावुकः

卐 વિશેષ :- 0 अच्वेः કેમ કહ્યું ?
आढ्यी भविता(तृच् પ્રત્યયથયો) *आढ्यी એ च्वि પ્રત્યયાન્ત છે-कृभ्वस्तिभ्यां च्विः ૭/૨/૧૨૬ થી च्वि, इश्च्वावर्णस्या0 ૪/૩/૧૧૧ થી अ નો इ થયો
0 च्वि અર્થ કેમ કહ્યો ?
नग्नो भविता – નગ્ન થયો च्वि અર્થ નથી.
0 च्वि અર્થ એટલે પૂર્વે નહોય અને પછી થાય તે ભાવ

[૨૨૨૬]

(૪૧) कृगः खनट् करणे ૫/૧/૧૨૯

★ વૃત્તિ :- नग्नादिसप्तकाद्दच्व्यन्ताच्च्व्यर्थवृत्तेः परात् कृगः करणे खनट् स्यात् । अनग्नो नग्नः क्रियतेऽनेनेति नग्नंकरणं द्यूतम् । सुनग्नं करणम् ।

卐 વૃત્યર્થ :- च्वि અર્થના સૂચક પણ च्वि પ્રત્યયાન્ત ન હોય તેવા –नग्न–पलित–प्रिय–अन्ध–स्थूल–सुभग–आढ्य શબ્દો પછી कृ ધાતુને કરણ અર્થમાં खनट् (अन) પ્રત્યય થાય
0 नग्नं करणं द्युतम्–अनग्नः नग्नः क्रियते अनेन=नग्न+कृ+खनट्=नग्न+म्+कर्+अन (ख હોવાથી ૩/૨/૧૧૧

* आढ्यी સિદ્ધહૈમ બૃ.વૃ. પંચમોઽધ્યાય – न्या. स. पृ. ७६

લાગી મ્ આગમ ઋ નો ગુણ)=(ગ્રવર્ગાન્ના૦ થી ણ્) નગ્નકરણ પહેલા જે નગ્ન ન હતા તે નાગા બને છે એટલે તેને જુગાર બ-ના-વી તે પ્રિયકરણ વગેરે

★ અનુવૃત્તિ :- નાગ્નાદિ પ્રિયમ્ખ૦ ૫/૧/૧૨૮

卐 વિશેષ :- ૦ ચ્વિ અર્થ કેમ કહ્યો ?
નગ્નં કરોતિ દ્યૂતેન-જુગાર વડે બેહાલ કરે છે ચ્વિ નથી
૦ અચ્વ કેમ કહ્યું ?
નગ્ની કુર્વન્ત્યનેન-જેના વડે નગ્ન કરાય છે-ચ્વિ અન્તવાળું છે
૦ કર્તરિ ૫/૧/૩ ના અપવાદ રૂપે આ કરણનું સૂત્ર બનાવેલ

[૧૧૨૭]

(૪૧) નામ્નો ગમ ખડ્ડૌ ચ વિહાયસસ્તુ વિહઃ ૫/૧/૧૩૧

★ સૂત્રપૃથ૦ :- નામ્ન. ગમઃ ખડ્ડૌ ચ વિહાયસ તુ વિહઃ

★ વૃત્તિ :- નામ્ન પરાદ્ ગમેઃ ખડ્ડડાઃ સ્યુ, વિહાયસો વિહશ્ચ તુરઙ્ગ વિહઙ્ગ, તુરગ, વિહગ । તુરઙ્ગમઃ વિહઙ્ગમઃ

卐 સૂત્રાર્થ :- નામ પછી આવેલા ગમ્ ધાતુને ખડ્ (અ) ડ (અ) અને ખ (અ) પ્રત્યયો થાય છે તથા ગમ્ પૂર્વે વિહાયસ્ નામનો વિહ આદેશ થાય છે
૦ તુરઙ્ગ. પક્ષે તુરઙ્ગમઃ પક્ષે તુરગ =ઘોડો (ત્વરાથી જનારો) તુર. ગચ્છતિ ઇતિ-(ખડ્) તુર+ગમ્+ખડ્-ખ ઇત્ છે માટે મ્ આગમ અને ડ-ઇત્ છે માટે અન્ત્ય સ્વરાદિ લોપ-તુર+ઙ્+ગ+અ-તુરઙ્ગ પક્ષે (ખ) તુર+ગમ્+ખ પક્ષે (ડ) તુર+ગમ્+ડ=તુરગ એ-જ-રી-તે વિહઙ્ગ. પક્ષે વિહઙ્ગમઃ પક્ષે વિહગ (અહીં વિહાયસ્ ને વિહ આદેશ થયો છે)

卐 વિશેષ :- ૦ સ્પષ્ટ
૦ અન્ય ઉદાહરણો બૃહદ્વૃત્તિમાં આપેલા છે જેના ઉપર મુજબના ત્રણ ત્રણ પ્રકારો છે
જેમકે :- ભુજઙ્ગ પક્ષે ભુજગ પક્ષે ભુજઙ્ગમઃ

[૧૧૨૮]

(૪૩) શોકાપનુદતુન્દપરિમૃજસ્તમ્બેરમકર્ણેજપં પ્રિયાલસહસ્તિસૂચકે ૫/૧/૧૪૩

★ સૂત્રપૃથ૦ -શોકાપનુદ તુન્દપરિમૃજ-સ્તમ્બેરમ-કર્ણેજપ પ્રિય-અલસ-હસ્તિ-સૂચકે

★ વૃત્તિ :- એતે યથાસંખ્યં પ્રિયાદિષ્વર્થેષુ નિપાત્યન્તે ।

卐 સૂત્રાર્થ :- શોકાપનુદ - પ્રિય અર્થમાં, તુન્દપરિમૃજ-આળસુ અર્થમાં સ્તમ્બેરમ-હાથી અર્થમાં કર્ણેજપ-ચાડીયા અર્થમાં ક (અ) પ્રત્યયાન્ત નિપાતન કરાય છે જેમકે શોકાપનુદઃ શોક નિવારનાર પ્રિયજન. તુન્દપરિમૃજ પેટ પર હાથ ફેરવનાર – આળસુ

卐 વિશેષ : ૦ આજ અર્થમાં કેમ કહ્યું ?
શોકાપનોદ. ધર્માચાર્ય શોક નિવારનાર ધર્માચાર્ય-અહીં પ્રિયજન નથી માટે ક પ્રત્યયાન્ત ન થતા અણ્ પ્રત્યય થયો-શોક+અપ+નુદ્+અણ્=(ઉ નો ગુણ થયો) શોકાપ+નોદ્+અ=શોકાપનોદઃ થયું

[૧૧૨૯]

(૪૪) દુહેર્ડુઘઃ ૫/૧/૧૪૫

★ સૂત્રપૃથ૦ :- દુહ ડુઘ

★ વૃત્તિ :- નામ્ન પરાદ્ દુહેર્ડુઘઃ સ્યાત્ । કામદુઘા

卐 સૂત્રાર્થ – નામથી પર દુહ્ ધાતુને ડુઘ (ઉઘ) પ્રત્યય થાય કામદુઘા=કામ દુગ્ધે-કામ+દુહ્+ડુઘ =(ડિત્ત્વાદ૦ અન્ત્ય લોપ થતા) કામ+દ્+ઉઘ=(આપ્ પ્રત્યય લાગીને) કામદુઘા ઇચ્છાને પૂરનારી ગાય-કામધેનુ

卐 વિશેષ – ૦ ડુઘ નો ડ-ઇત્ છે જેના વડે ડિત્યન્ત્ય સ્વરાદેઃ લાગી શકે
૦ * ચમત્ર થી જે ક્વિપ્ પ્રત્યય લાગેલો કામધુક્ થઈ શકે કામાન્ દોગ્ધિ ઇતિ ક્વિપ્-(૧) હો ધુટ્૦ ૨/૧/૮૨ થી દુહ્ ના હ્ નો ઢ્ (૨) ગડદબાદે ૨/૧/૭૭ થી દ્ નો ધ્ (૩) ધુટસ્તૃતીયઃ ૨/૧/૭૬ થી ઢ્ નો ગ્ (૪) વિરામે વા ૧/૩/૫૧ થી ગ્ નો ક્ થયો

[૧૧૩૦]

(૪૫) ભજો ણ્વિ ૫/૧/૧૪૬

★ સૂત્રપૃથ૦ :- ભજ ણ્વિ

★ વૃત્તિ :- નામ્ન પરાદ્ ભજેઃ ણ્વિ સ્યાત્ । અર્ધં ભજતીતિ અર્ધભાક્ ।

卐 સૂત્રાર્થ :- નામ પછી આવેલા ભજ્ ધાતુને ણ્વિ પ્રત્યય થાય છે (ણ્વિ પ્રત્યય ઇત્ છે) અર્ધભાક્-અડધું લેનારો અર્ધં ભજતિ ઇતિ=અર્ધ+ભજ્+ણ્વિ=અર્ધ + ભાજ્ (ણ્વિ-ઇત્ છે. ણ્ કાર થી વૃદ્ધિ)=ચજઃ કગમ્ ૨/૧/૮૬ થી જ્ નો ગ્, વિરામે વા થી ક્, દીર્ઘ-ઙ્યાબ્ વ્યઞ્જનાત્ થી સિ પ્રત્યય લોપ) અર્ધભાક્ થયું

卐 વિશેષ :- ૦ ણ્વિ અને ક્વિપ્ અને સરખ છે માટે વિકલ્પે ક્વિપ્ ન થાય
૦ ણ્વિ માં ઇ કાર ઉચ્ચારણ માટે અને ણ્ કાર વૃદ્ધિને માટે છે

[૧૧૩૧]

*ચમત્ર...સિદ્ધહેમ બૃ. ૨. પંચમોઽધ્યાય, વ્યા.ઉ. પૃ. ૯૧

(४६) मनूवन् क्वनिप् विच् ५/१/१४७

★ સૂત્રપૃથ૦ :– मन्-वन्-क्वनिप्-विच् (क्वचित्)

★ વૃત્તિ :– क्वचिन्नाम्नः पराद्धातोरेते यथालक्ष्यं स्युः । सुदामा ।

卐 વૃત્યર્થ :– (क्वचित्–સિધ્ધહેમ શબ્દાનુશાસન વૃતિમાં આ શબ્દ સૂત્ર સાથે જોડેલછે.) નામથી પર ધાતુઓને ક્યારેક मन्, वन्, क्वनिप् અને विच् પ્રત્યયો યથાયોગ્ય થાયછે सुदामा-सुष्ठु ददाति=सु+दा+मन=सुदामन् +सि=(दीर्घङ्याब् १/४/४५ થી सि લોપ. नाम्नोनो २/१/९१ થી न् લોપ निदीर्घः १/४/८५ થી સ્વર દીર્ઘ) = सुदामा થયુ

卐 વિશેષ :– 0 क्वनिप् પ્રત્યયમાં क કાર कित् કાર્યમાટે. प् કાર पित् કાર્યમાટે इ કાર ઉચ્ચારણ માટે 0 विच् પ્રત્યય આખો इत् છે.

[2232]

(४७) वन्याङ् पञ्चमस्य ४/२/६५

★ સૂત્રપૃથ૦ :– वनि आङ् पञ्चमस्य

★ વૃત્તિ :– वनि पञ्चमस्य आङ् स्यात् । विजायते इति विजावा [redacted] क्वनिप् सुधीवा । विच् शुभंयाः ।

卐 વૃત્યર્થ :– वन् પ્રત્યય લાગે ત્યારે ધાતુને અન્તે રહેલા પાંચમાં અક્ષરનો आ થાયછે. विजावा–વિશેષે પેદા થનારો–વિશેષેણ जायते–वि+जन्+वन= (આ સૂત્રથી आ થતાં :–) वि+जा+वन्=(સૂત્ર: ૪૬ મુજબ सि લોપ, न् લોપ. પુર્વે દીર્ઘ) विजावा

卐 વિશેષ :– 0 आङ् એમ ङ કાર મુક્તા ङित् કાર્યો થશે જેમકે ગુણ નિષેધ થાય

0 પૂર્વ સૂત્રથી आ થતો હતો છતાં आ નું જે પુનર્ગ્રહણ કર્યું તે વિકલ્પે आ ની નિવૃત્તિ માટે છે.

[redacted] શેષવૃત્તિ :– 0 क्वनिप्-सुष्ठु दधाति इति–सु+धा +वन् (क्वनिप्)–क्-प्-इत् છે ईर्व्यञ्जने० ४/३/९७ થી ई: सुधीवा–સારી રીતે ધારણ કરનાર

0 विच् – शुभंयाः = शुभं याति = शुभं + या + विच् ("विच्" – इत् છે)

[2233]

(४८) क्विप् ५/१/१४८

★ વૃત્તિ :– नाम्नः पराद्धातोर्यथालक्ष्यं क्विप् स्यात् । स्रंसध्वंसेत्यादिना दत्वे, उखास्रत् । प्रशाम्यतीति मो नो म्वोश्चेति नत्वे, प्रशान् ।

卐 વૃત્યર્થ :– નામ પછી આવેલ ધાતુને યથાયોગ્ય (ધાતુના પ્રયોગાનુસાર) क्विप् થાયછે. उखास्रत् થાળી વડે સરનાર–स्रंस ध्वंस क्वस... दः २/१/६८થી द् (विरामेवा થી द् નો त्)–उखया स्रंसते इति क्विप् उखास्रस्+सि=(दीर्घङ्याब्० થી सि લોપ, नो व्यञ्जनस्या० ४/२/२५ થી અનુસ્વાર લોપ) स्रस्

0 प्रशान्–प्रशाम्यति इति क्विप् मोनोम्वोश्च २/१/६७ थी म् નો न्

卐 વિશેષ :– 0 क्विप् પ્રત્યય આખો–इत् છે. જેમાં क કાર कित् કાર્યમાટે. प કાર पित् કાર્યમાટેછે.

0 અન્ય ઉદાહરણો જેવાકે लत्पूः, यवलूः, लक्षयूः વગેરે બૃહદ્વૃતિ કે મધ્યમવૃત્તિમાંથી જોઇ શકાશે

[2234]

(४९) दिद्युद्दद्ज्जगज्जुहूवाक्प्राड्धीश्रीद्रूस्रुज्वायतस्तूकटप्रूपरिव्राड्भ्राजादयः क्विप् ५/२/८३

★ સૂત્રપૃથ૦ :– दिद्युत्–ददत्–जगत्–जुहू–वाक्–प्राट्–धी–श्री–शत–द्रू–स्रू–जू आयतस्तू–कटप्रू–परिव्राट् – भ्राजादयः क्विप्

★ વૃત્તિ :– एते क्विबन्ता निपात्याः । तत्वप्राट्, तत्वप्राची

卐 વૃત્યર્થ :– दिद्युत् થી भ्राज् વગેરે શબ્દો क्विप् પ્રત્યયાન્ત નિપાતન કરાયાછે–प्राट्–तत्वप्राट्, तत्वप्राची (छ् નો यजसृज० થી छ् નો ष्, धुटस्तृतीयः થી ड्, विरामेवा થી ट्)

0 બધા શબ્દો નિપાતન છે માટે વિશેષ ચર્ચા કરેલ નથી

0 दिद्युत्–દીપનારો, ददत्–દાઝનારો, जगत् – ગતિવાળુ जुहूः – હોમનાર વગેરે

卐 વિશેષ :– 0 બહુલ અધિકારથી धीः सुधीः प्रधीः, आधीः... વગેરે થાય

0 *भ्राजादि ગણ :– भ्राज् –विभ्राट्, भाः पूः धूः ऊर्क्, पक्, शक्, भित्, वित् વગેરે

[2235]

(५०) त्यदाद्यन्य समानादुपमानाद्व्याप्ये दृश ष्टक् सकौ च ५/१/१५२

★ સૂત્રપૃથ૦ :– त्यदादि–अन्य–समानात्–उपमानात् –व्याप्ये–दृशः टक् सकौ च

★ વૃત્તિ :– एभ्य उपमानेभ्यो व्याप्येभ्यः पराद्दृशेर्व्याप्य एव टक् सकौ क्विप् च स्युः ।

*भ्राजादि–વ્યુત્પતિ માટે બૃહદ્ કે મધ્યમવૃત્તિ જોવી– જેમકે शक्नोति इति शक्

卐 વૃત્યર્થ :- ઉપમાનવાચી કર્મરૂપ ત્યદાદિ શબ્દો, અન્ય અને સમાન શબ્દથી પર દૃશ્ ધાતુને કર્મણી અર્થમાં ટક્, સક્ અને ક્વિપ્ પ્રત્યયો થાયછે (દિશા, સૂત્રઃ ૫૧ મા જુઓ)

★ અનુવૃત્તિ :- ક્વિ પૃ ૫/૧/૧૪૮

卐 વિશેષ - 0 કર્મ કેમ કહ્યું ?
તેન દૃશ્ દૃશ્યતે-તે વડે જોવો દેખાય છે અહીં ત્યદ્ શબ્દ કર્મરૂપ નથી પણ તૃતીયાન્ત છે માટે આ સૂત્ર ન લાગે
0 ઉપમાન કેમ કહ્યું ?
વૃક્ષ ઇવ દૃશ્યતે-વૃક્ષ શબ્દ સૂત્રમા નથી માટે ટક્,સક્ ન થાય
0 ઉપમાનાત્ કેમ કહ્યું ?
સ દૃશ્યતે - તે દેખાય છે ઉપમાનવાચી નથી
0 સૂત્રમા જે વચનભેદ મુક્યો તે યથાસંખ્યના અભાવ માટે
0 ત્યદાદિ (સૂત્રઃ ૧ ૪/૭) ત્યદ્, તદ્, યદ્, અદસ્, ઇદમ્, એતદ્, એક, દ્વિ, યુષ્મદ્, અસ્મદ્, ભવતુ, કિમ્

[૧૧૩૪]

(૫૧) અન્યત્યદાદેરાઃ ૩/૨/૧૫૨

★ સૂત્રપૃથ૦ :- અન્ય ત્યદાદેઃ આઃ

★ વૃત્તિ :-અન્યસ્ય ત્યદાદેશ્ચ દૃશાદાવુત્તરપદે આ સ્યાત્ સ ઇવ દૃશ્યતે ઇતિ ત્યાદૃશઃ ત્યાદૃશી। ત્યાદૃશઃ ત્યાદૃશી। ત્યાદૃક્। એવમન્યાદૃશઃ। ઈદૃક્।

卐 વૃત્યર્થ :- દૃક્,દૃશ,દૃક્ષ ઉત્તરપદમા હોયતો અન્ય અને ત્યદાદિ શબ્દોના અન્ત્ય વર્ણનો આ થાય છે ત્યાદૃશઃ - સઃ ઇવ દૃશ્યતે તેના જેવા દેખાય છે-ત્યદ્+દૃશ(આ સૂત્રથી) ત્યા+દૃશ્+ટક્ (પૂર્વ સૂત્રથી ટક્-અ લાગે) = ત્યાદૃશઃ

0 ત્યાદૃશી-તેના જેવી ત્યાદૃશ+ઙી (ટિડ્ઢાણ્ ઉમ ટે ૨/૪/૨૦ થી ઙી) ત્યાદૃશ્+ઈ

0 ત્યાદૃક્ષઃ, ત્યાદૃક્ષી-ત્યદ્+દૃશ્+સક્ અન્ત્ય+દૃશ્+સ=ત્યા+દૃક્+ષત્વભાવ (મ નો પૂ ષ) પડો: કઃસિથી ષ્ ને ક્ નામ્યન્તસ્થા થી સ્ નો ષ્)

0 ત્યાદૃક્-ત્યદ્+દૃશ્+ક્વિપ્=આ કરીને અન્યાદૃશઃ બીજા જેવો (ઈદૃક્ - સૂત્ર - ૫૪ નું ઉદાહરણ છે)

★ અનુવૃત્તિ :- દૃક્ દૃશ્ દૃક્ષે

卐 વિશેષ :- 0 ૨૫૮

[૧૧૩૭]

□ 'દેશવૃત્તિ :- ત્યાદૃશી પ્રયોગ અન્યમતે છે - જુઓ દેવમુદ્ર શ ઉણાદિ' પૃ. ૮૫૫ સિદ્ધહેમ મતે તો ત્યાદૃશાજ થાય

(૫૦) દૃગ્દૃશદૃક્ષે ૩/૨/૧૫૧

★ સૂત્ર . સમાનસ્ય સ દૃક્. દૃશ, દૃક્ષ, સદૃક્ષ:

卐 વૃત્યર્થ :- દૃગ્-દૃશ-દૃક્ષ ઉત્તરપદમાં હોય ત્યારે સમાન ને બદલે સ (આદેશ) થાયછે (સૂત્રઃ ૫૦ ત્યદાદ્ય ૧૫૦ થી દૃશ્ ને ક્વિપ્, ટક, અને સક્ લાગીને અનુક્રમે દૃક્, દૃશ , દૃક્ષ થયા છે

0 સમાન ઇવ દૃશ્યતે-(સમાન નો સ) (1) સદૃક્ (2)સદૃશઃ (3) સદૃક્ષ સરખા જેવુ દેખાયછે

[0 દૃક્ષ , સિદ્ધઃ માટે જુઓ સૂત્રઃ ૫૨]

★ અનુવૃત્તિ - (૧) સમાનસ્ય૦ ૩/૨/૧૪૯ થી સઃ (૨) સમાન૦ ૩/૨/૧૪૯

卐 વિશેષ :- 0 દૃક્ શબ્દને ક્વિપ્ પ્રત્યય લાગતા ૨/૧/૬૯ થી શ્ નો ષ્ - વિરામે વા થી ક્ થતા દૃક્

[૧૧૩૮]

(૫૩ ઇદ કિમીત્ કી ૩/૨/૧૫૩

★ સૂત્રપૃથ૦ :- ઇદમ્ કિમ્- ઈત્-કી

★ વૃત્તિ :- દૃગાદાવુત્તરપદે ઇદં કિમો ઈત્કીરાદેશૌ સ્યાતામ્। ઈદૃક્। કીદૃક્।

卐 વૃત્યર્થ :- દૃક્, દૃશ, દૃક્ષ ઉત્તરપદમાં હોયતો ઇદમ્ ને બદલે ઈ અને કિમ્ ને બદલે કી રૂપ થાયછે

0 ઇદમ્-આ ઇવ દૃશ્યતે-આના જેવો દેખાયછે (સૂત્રઃ ૫૦ મુજબ અનુક્રમે ત્રણ રૂપ) ઈદૃક્, ઈદૃશઃ, ઈદૃક્ષઃ

0 કઃ-ક ઇવ દૃશ્યતે-કોના જેવો દેખાય કીદૃક્,કીદૃશઃ,કીદૃક્ષઃ

★ અનુવૃત્તિ :- દૃક્ દૃશ્ દૃક્ષે ૩/૨/૧૫૧

卐 વિશેષ :- 0 ૨૫૮

[૧૧૩૯]

(૫૪) કર્તુર્ણિન્ ૫/૧/૧૫૩

★ સૂત્રપૃથ૦ : કર્તુ. ણિન્

★ વૃત્તિ:-કર્તુરુપમાનાત્ પરાદ્ધાતોર્ણિન્ સ્યાત્ ઉષ્ટ્રક્રોશી

卐 વૃત્યર્થ - ઉપમાન સ્વરૂપ કર્તારૂપ પછી આવેલ ધાતુને ણિન્ પ્રત્યય થાયછે ઉષ્ટ્રક્રોશી-ઉંટની જેમ આક્રોશ કરનાર ઉષ્ટ્ર ઇવ ક્રોશતિ ઇતિ ઉષ્ટ્ર+ક્રુશ્+ણિન્=ઉષ્ટ્ર+ક્રોશ્+ઇન્(પ્રથમા એ વ) ઉષ્ટ્રક્રોશી

★ અનુવૃત્તિ :- ત્યદાદ્ય-સમાનાત્-ઉપમાનાત્ ૫/૧/૧૫૨ થી ઉપમાનાત્

卐 વિશેષ :- 0 કર્તુ. કેમ કહ્યું ?
શાલીન્ ઇવ કોદ્રવાન્ ભુદક્તે ચોખાની જેમ કોદરા ખાયછે

અહીં શાલીન્ કર્તા નથી માટે ણિન્ ન થાય

0 उपमानात् કેમ કહ્યું ?

उष्ट्रः क्रोशती–ઉંટ આક્રોશ કરેછે. અહીં ઉપમા નથી

[२२४०]

(५५) अजातेः शीले: ५/१/१५४

★ વૃત્તિ :– अजातिवाचिनो नाम्नः परात् धातोः शीलेऽर्थे वर्तमानाण्णिन् स्यात् । उष्णभोजी । अजातेरिति किम् । शालीन् भोक्ता ।

साधोस्तथा । साधुकारी ।

卐 વૃત્યર્થ :– અજાતિવાચી (જાતિવાચક નહોય તેવા) નામ પછી આવેલ ધાતુને શીલ (સ્વભાવ, ટેવ) અર્થમાં णिन् (इन्) પ્રત્યય થાયછે

0 उष्णभोजी – ઊનું ખાવાના સ્વભાવવાળો– उष्णंभुङ्क्ते इति एव शीलः=उष्ण+भुज्+णिन्

0 अजातेः કેમ કહ્યું ?

शालीन् भोक्ता–ચોખાને ખાનાર અહીં શાલી નામ જાતિ વાચી છે માટે णिन् ન થયે (*तृन् થયો)

★ અનુવૃત્તિ :– कर्तुर्णिन् ५/१/१५३ થી णिन्

卐 વિશેષ :– 0 शील કેમ કર્યું ?

उष्ण भोज आतुरः ગરમ ખાવાને આતુર શીલ અર્થ નથી માટે णिन् ન થયો પણ कर्मणोऽण् ५/१/७२ થી अण् થયો

[२२४१]

(५६) ब्रह्मभ्रूणवृत्रात् क्विप् ५/१/१६१

★ સુત્રપૃથ૦ :– ब्रह्म–भ्रूण–वृत्रात् क्विप्

★ વૃત્તિ :– एभ्यस्त्रिभ्यः कर्मभ्यः पराद् भूतार्थाद्धन्तेः क्विप् स्यात् । ब्रह्म हतवान् ब्रह्महा ।

卐 વૃત્યર્થ :– કર્મરૂપ ब्रह्म, भ्रूण અને वृत्र શબ્દો પછી हन् ધાતુને ભૂતકાળ અર્થમાં क्विप् પ્રત્યય થાયછે

ब्रह्महा–બ્રહ્મની જેણે હત્યા કરી તે–ब्रह्म हतवान् इति क्विप्=ब्रह्म+हन्+क्विप्=(દીર્ઘ ङ्याब् થી સિ લોપ, हन् हन् १/४/८७ न् લોપ, नि दीर्घः થી પૂર્વ સ્વર દીર્ઘ થતાં ब्रह्महा થશે　　　　એ–જ–રી–તે

0 भ्रूणहा – ગર્ભની જેણે હત્યા કરીછે તે

0 वृत्रहा – વૃત્રની જેણે હત્યા કરીછે તે

★ અનુવૃત્તિ :–(१) करणाद् भूते ५/१/१५८ થી भूते (२) हनो णिन् ५/१/१६० થી हन्

卐 વિશેષ :– 0 क्विबन्त ५/१/१४८ થી આ નિયમ સિધ્ધ હતો છતાં સૂત્ર બનાવવા થી ब्रह्म, भ्रूण् वृत्र થી જ हन् ધાતુને ભુત અર્થમાં क्विप् થાયછે...નિયમ ચાર પ્રકારે કહ્યો-(१) ધાતુ નિયમ (२) ઉપપદ નિયમ (३) કાળ નિયમ (४) પ્રત્યય નિયમ...અહીં हन् માટે નો નિયમ ચાર પ્રકારે સિધ્ધ કરીએ તો (१) ધાતુ–हन् (२) ઉપપદ–भ्रूणादि (३) પ્રત્યય–क्विप् (४) કાળ–ભૂત [1] જેમકે :– (१) ધાતુ–ब्रह्मादिभ्यः થી પર हन् ને જ ભુતકાળમાં क्विप् થાય અન્યને નહીં

-0- [2] (१) ધાતુ–हन् સિવાયની હોતતો अण् થાય (२) ઉપપદ–ब्रह्मादि સિવાય દા.ત. पुरुष घातः ५/१/१४८ થી क्विप् (३) પ્રત્યય સામાન્ય કાળ અર્થમાં ब्रह्मादिभ्यः ५/३/८२ થી टक् (४) કાળ – ભવિષ્યતિ – अण्

[२२४२]

(५७) कृगः सुपुण्यपापकर्ममन्त्रपदात् ५/१/१६२

★ સૂત્રપૃથ૦ :– कृगः सु–पुण्य–पाप–कर्म–मन्त्र पदात्

★ વૃત્તિ :– सोः पुण्यादेः कर्मणश्च पराद् भूतार्थात् कृगः क्विप् स्यात् ।

卐 વૃત્યર્થ :– सु શબ્દ પછી અને કર્મરૂપ એવા पुण्य, पाप, कर्म, मन्त्र અને पद શબ્દો પછી રહેલા कृ ધાતુને ભુતકાળના અર્થમાં क्विप् થાયછે

(ઉદાહરણ – જુઓ સૂત્ર: ५८)

★ અનુવૃત્તિ :–(१) करणाद्...भूते ५/१/१५ થી भूते (२) ब्रह्म...क्विप् ५/१/१६१ થી क्विप्

卐 વિશેષ :– 0 આ સૂત્રમાં પણ ત્રણ નિયમ છે (१) ઉપપદ (२) પ્રત્યય (३) કાળ– सु – ઉપપદ, क्विप्–પ્રત્યય ભુતકાળ જેમકે क्विप् પ્રત્યય થાય અન્ય નહીં

[२२४३]

(५८) ह्रस्वस्य तः पित्कृति ४/४/११३

★ સૂત્રપૃથ૦ :– ह्रस्वस्य तः पित् कृति

★ વૃત્તિ :– ह्रस्वान्तस्य धातोः पिति कृति तोऽन्तः स्यात् सुष्ठु कृतवान् सुकृत्

卐 વૃત્યર્થ :– હ્રસ્વાન્ત ધાતુને प्–इत् (पित्) હોય તેવો कृद् પ્રત્યય લાગ્યો હોય ત્યારે ધાતુને અન્તે त् આગમ થાયછે

0 सुकृत् – જેણે સારું કામ કર્યું છે તે सुष्ठु कृतवान्=

* तृन् शीलधर्म साधुषु ५/२/२७ થી तृन्

* 1 લઘુ પ્રક્રિયા – ટીપ્પણ ५१, પૃ. ३८०

* 2 મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨ – પૃ.१८६

सु+कृ+क्विप् (कृग् सुपुरु० ५/१/१६४थी विहित) आ सूत्रथी त् आगम कृ हस्व होवाथी थाय सु+कृत्

卐 विशेष :- 0 ह्रस्वस्य केम कह्युं ? ग्रामणी+क्विप्=ग्रामणी आमां नेत-अहीं नी दीर्घ छे माटे त् आगम न थाय

0 पित् एम केम कह्युं ?

चित--चि+क्त छे - पत् नथी

[१९४४]

(५९) दृशः क्वनिप् ५/१/१६६

★ वृत्ति - ...यात् परद् दृश् ... क्वनिप् स्यात् ...दृष्टवा ।

卐 वृत्यर्थ :- कर्मथी पर रहेल दृश् धातुने भूतकाळ ना अर्थमां क्वनिप् थाय छे ...दृष्टवा-दृश्+क्वनिप् ...+क्वनिप् ...(प्र. एक व.) ...

★ अनुवृत्ति - ...कृ सुते ५/१/१५८ थी ...

卐 विशेष :- 0 ...क्वनिप् ५/१/१६७ ...सामान्य सूत्रथी क्वनिप् प्रत्यय सिद्ध होवा छतां ... ना) भावन माटे आ सूत्र बनावेल छे * ...-क्विप् ... ना बाधक माटे छे

[१९४५]

(६०) सर्वाऽऽदेरादु विचच ५/१/६६

★ सूत्रपृथ० :- ... स्व-अर पाद् ...

★ वृत्ति :- ...सर्वादेरादेः ...स्यात् ... ।

卐 वृत्यर्थ :- ...-स्व हे कथीत व्यञ्जन अने दोष तेवा शब्दोने ... प्रत्यय थायो होय त्यारे तेमने स्त्रीलिंगी बनाववा डी (ङी) प्रत्यय थायछे. तेमा ...ना न ने र थायछे

0...+डी (...अन्ते ... कथीत छ माटे आ सूत्र लागु)

★ अनुवृत्ति :- ...डोऽन्त्यादेः २/४/१ ...

卐 विशेष :- 0 ... :- धी+...+डी= धीवरी-मासीमारनी स्त्री

0 ... केम कह्युं ?

* ... ह्रि-...-...१. १०६

...ते म छे ते थायछे ...

[१९४६]

(६१) ...कृगः सुवे ५/१/१६७

★ सूत्रपृथ० - ... राजन् कृग् ...:

★ वृत्ति :- ...कर्मणो परात् भूतार्थात् कृगः ...क्विप् स्यात् । ...कृत्वा । ...राजकृत्वा

卐 वृत्यर्थ :- ... अने राजन् कर्मथी पर रहेल ... भूत ... अने कृग् धातुने क्वनिप् प्रत्यय थाय

0 ... कर्मथी ...छे, जेवा ...+क्वनिप् (... थी ...) ...+कृ+... (...) ...

0 ... ते ... थी ... जेवु तेवो ... ने ... ने ... ना (...) ५/१/१६६)

★ अनुवृत्ति :- ... क्वनिप् (२) सुते-५/१/१५८

卐 विशेष - 0 ... अन्य तथा प्रयोग ... सूत्र कर्यु छे ... अर्थमां ... ने ... अर्थ थयो छे

0 ... भाव होवा आ सूत्र छे जेवी :- ... - ... - ... वगेरे

0 ... ... "यथाप्राप्तम्" ने ...

[१९४७]

(६२) ...नेर्द: ५/१/१६८

★ सूत्रपृथ० :- ...:

★ वृत्ति :- कर्मणः परात् भूतार्थात् ...ःनेर्दः ...स्यात् । ...

卐 वृत्यर्थ - कर्मथी पर ... धातुने भूत ... अर्थमां ... प्रत्यय थायछे ...पेनना ... -... +...+... (...० ५/१/११४ थी ...)

卐 विशेष :- 0 ...

[१९४८]

(६३) ...: ५/१/१६९

★ वृत्ति :- ...कर्मणः परात् भूतार्थात् ...स्यात् । ..., ...

☐ ... । ... । कश्चित् यथाऽर्थं ... स्यात् । ...

卐 વૃત્યર્થ :- સપ્તમ્યન્ત નામ પછી આવેલા जन् ધાતુને ભુતકાળના અર્થમાં ड (અ) થાયછે
0 उपसरजः उपसरे जातः પશુના ગર્ભ ગ્રહણ કાળે જન્મેલો
0 मन्दुरे जातः – मन्दुर् + जन् + ड = मन्दुरजः તબેલામાં જન્મેલો-ઘોડો 0 अप्सु जातम्–अप्+जन्+ड= अब्जम्

★ અનુવૃતિ :-(૧) अनोर्जनेड: ૫/૧/૧૬૮થી जनेःड: (૨) भूते ૫/૧/૧૫૮

卐 વિશેષ :- 0 मन्दुरजः=मन्दुराङ्यापो बहुलं नाम्नि ૨/૪/૯૯ થી હ્રસ્વ
0 अब्जम् પક્ષે अप्सुजम्-वर्षक्षर...૩/૨/૨૬ થી વિકલ્પે સપ્તમી લોપ

■ શેષવૃતિ :- (૨૦) अजाते: पञ્ચम्या ૫/૧/૧૭૦ જાતિવાચક નામ સિવાય પંચમ્યન્ત નામ પછી जन् ધાતુને ભુતકાળના અર્થમાં ड થાયછે बुद्धेः जातवान्:बुद्धि+जन् +ड=बुद्धज બુદ્ધિથી ઉત્પન્ન થયેલ [૫૫૯]
(૨૧) क्वचित् ૫/૧/૧૭૧ કોઇપણ નામથી પર કોઇપણ ધાતુને ड પ્રત્યય થાયછે अनुजातः= अनुजः નાનો ભાઇ, किं जातेन–किञ्जः જન્મ્યાથી શુ ? [૫૬૦]

[૧૧૪૯]

(૬૪) क्त क्तवतू ૫/૧/૧૭૪

★ વૃત્તિ :- भूतार्थाद्धातोरेतौ स्याताम् । तत्र तत्साप्याऽनाप्यात्कर्म भावे कृत्यक्तखलर्थाश्चेति वचनात् क्तः कर्मणि भावे च । क्रियते स्म । कृतः कटश्चैत्रेण । स्थितं चैत्रेण । क्तवतुश्च कर्तरि । करोति स्म । कृतवान् कटं चैत्रः । स्थितवांश्चैत्रः ।

卐 વૃત્યર્થ :- ભુતકાળના અર્થમાં વર્તતા ધાતુને क्त, क्तवतु પ્રત્યયો થાયછે -0- तत्साप्यानाप्यात्कर्म भावे कृत्य क्तखलर्थाश्च ૩/૩/૨૧ થી क्तः (त) પ્રત્યય કર્મણી અને ભાવે અર્થમાં થાયછે. 0 क्रियते स्म कृ+क्त=कृतः =કરેલો -0- कृतः कटः चैत्रेण-ચૈત્ર વડે સાદડી કરાઈ
0 स्थितः चैत्रेण ચૈત્ર વડે ઉભાયું स्था+कृत=(दो–सो–मा–स्थ इः ૪/૪/૧૧ થી आ નો इ) स्थि+त=स्थितम्
0 क्त क्तवतु–કર્તરિ भूत–करोति स्म–कृ+क्तवतु (तवत्) =कृतवान् (સાધનિકા :-(૧) कित् છે માટે ગુણ ન થાય (૨) अभ्वादेरत्वसः सौ થી वत् નું वात् થયું (૩) ऋदुदितः १/४/७० થી न् આગમ (૪) पदस्य ૨/૧/૮૯ થી त् લોપ (૫) दीर्घ ङ्याब् थी सि લોપ – कृतवान्–
0 स्थितवांश्चैत्रः ઉભેલો ચૈત્ર स्था+तवत्=(ઉપર મુજબ)

★ અનુવૃત્તિ :- करणाद् भूते ૫/૧/૧૫૮ થી भूते

卐 વિશેષ :- 0 કર્મણી-કર્તરિ બન્નેને ભુતકૃદન્તમાં क्त-क्तवतु પ્રત્યયો થાયછે.

[૧૧૫૦]

(૬૫) श्लिषशीङ्स्थासवसजनरुहजॄभजेः क्त ૫/૧/૯

★ સૂત્રપૃથ૦ :- श्लिष्-शीङ्–स्था–आस–वस – जन रुह्-जॄ-भजेः क्त

★ વૃત્તિ :- एभ्यो नवभ्यः कर्तरि क्तो वा स्यात् । आश्लिष्टः कान्तां चैत्रः । आश्लिष्टा कान्ता चैत्रेण । अतिशयितो गुरुं शिष्यः । अतिशयितो गुरुः शिष्येण उपस्थितो गुरुं शिष्यः । उपस्थितो गुरुः शिष्येण । उपासितो गुरुं सः उपासितो गुरुस्तेन । अनूषितो गुरुं सः । अनूषितो गुरुस्तेन । अनुजातः तं सः । अनुजातः स तेन । आरूढोऽश्वं सः । आरूढोऽश्वस्तेन । अनुजीर्णस्तं सः । अनुजीर्णः स तेन । विभक्ताः स्वं ते । विभक्तं स्वं तैः ।

卐 વૃત્યર્થ :- श्लिष् વગેરે નવ ધાતુઓને કર્તરિમાં વિકલ્પે क्त થાયછે
0 श्लिष् :- आश्लिष्टः कान्तां चैत्रः ચૈત્રે પત્નીને આલીંગન કર્યું आ+श्लिष्+क्त (आश्लिष्यति स्म) કર્મણી માં आश्लिष्यते स्म થાય
-0- સ્ત્રીલિંગે–आश्लिष्टा कान्ता चैत्रेण–આ કરા. કર્યુ
0 शी–अति+शी+क्त–अतिशयितो गुरुं शिष्यः શિષ્યે ગુરૂને અતિશય કર્યો -0- अतिशयितो शिष्यैः गुरुः શિષ્યો વડે ગુરૂ અતિશયિત થયા
0 स्था–उप+स्था+क्त=उपस्थितः= સેવાયેલા
0 वस्–अनु+वस्+क्त= य्वृत् થતાં व् નો उ, क्षुधवस... ૪/૪/૪૩ થી इट्=अनूषितः રહેવાયું
0 जन्-अनु+जन्+क्त=आः खनि सनि जनः ૪/૪/૪૨ થી आ अनु+जा+त=अनुजातः પછી જન્મેલો
0 रुह् -आ+रुह्+क्त=(हो धुट् पदान्ते) आरुढ्+ह्= (अधश्च तुर्थात्) आरुढ्+ध्=(तवर्गस्य०) आरुढ्+ढ= (ढस्तड्ढे) आरूढः ચઢેલો
जॄ–अनु+जॄ+क्त+(ॠ નો ईर्, ऋल्वादेरेषां ૪/૨/૬૮થી त નો न रपृवर्णान्नो थी ण् स्वादेर्नामिनो थी સ્વર દીર્ઘ
0 भज्–वि+भज्+क्त=चजः क-गम् थी ज् નો ग्, ग् નો क् થય वि+भक्+त=विभक्त – વહેંચવું

卐 વિશેષ :- 0 અકર્મક ધાતુ પણ ઉપસર્ગ પૂર્વક સકર્મક બનેછે તેથી अति+शी વગેરેના કર્મણી રૂપ

સિદ્ધ થયા અન્યથા ગત્યર્થાકર્મક૦ ૫/૧/૧૧થી ક્ત થતો હતો

[૧૧૫૧]

(૬૬) आरम्भे ५/१/१०

★ વૃત્તિ :- आरम्भार्थाद्धातोः कर्तरि क्तो वा स्यात् प्रकृताः कटं ते । प्रकृतः कटस्तैः ।

卐 વૃત્યર્થ :- આરંભ અર્થવાળા ધાતુને કર્તરિમા ક્ત વિકલ્પે થાયછે

0 प्र+कृ+क्त=(કર્તરિ) प्रकृताः कटम्. તેઓએ સાદડી કરી (કર્મણી) प्रकृतः कटः तैः તેઓ વડે સાદડી કરાય (કરવી એટલે આરંભવી અર્થમા ક્ત થયોછે

★ અનુવૃત્તિ :-(૧) ञ्णिद्वृद्धि क्तः ५/१,६ थी क्त. (૨) कर्तरि ५/१/३

卐 વિશેષ - 0 [લિદહેમ ત્યા નો વૃત્તિમાં भूतादि शब्द લખેલછે તેથી] * आदि શબ્દના ગ્રહણથી વર્તમાના અને ભવિષ્યતિ મા પણ આ સૂત્ર મદદ કરાશે જેમકે :- ज्ञातुम् आरमते इति-प्र+ज्ञा+क्त=प्रज्ञातः

[૧૧૫૨]

(૬૭) गत्यर्थाऽकर्मकपिबभुजेः ५/१/११

★ સુત્રપૃથ૦ :- गत्यर्थ-अकर्मक-पिब-भुजेः

★ વૃત્તિ :- एभ्यः कर्तरि क्तो वा स्यात् । गतोऽसौ ग्रामम् । गतो ग्रामस्तैः । आसितोऽसौ, आसितं तैः । पीताः पयस्ते,पीतं पयस्तैः । इदं भुक्तास्ते इदं भुक्तं तैः ।

卐 વૃત્યર્થ :- ગત્યર્થક અકર્મક, पा (पिब्) ग.-૧-भुज् ધાતુઓને કર્તા અર્થમાં ક્ત વિકલ્પે થાયછે

0 गम्+क्त=गतः (म् નો લોપ-यमिरमिनमि० ४/२/५५थी

0 ગત્યર્થક :-गतोऽसौ ग्रामम् ગામમા આ ગામ ગયો (કર્મણીમાં] गतो ग्रामः तैः તેના વડે ગામમા જવાયું

0અકર્મક:- आस्+क्त=आसितः=બેઠો (બેસ ધાતુ હોવાથી इट्) आसितोऽसौ આ બેઠો-(ભાવેમા) आसितम् तैः.

0 पा-पा+क्त=(ईर्व्यञ्जनेऽयपि ४/३/९७ थी ई) पीताः पयस्ते=તેઓએ દુધ પીધું (કર્મણીમાં) पीतं पयः तैः

0 भुज्-भुज्+क्त=इदं भुक्तास्ते આ તેઓએ ખાધું (કર્મણીમા) इदं भुक्तं तैः

★ અનુવૃત્તિ :-(૧) ञ्णिद्वृद्धि...क्त. ५/१/६ (૨) कर्तरि ५/१/३

卐 વિશેષ :- 0 અવિવક્ષિત કર્મ પણ અકર્મક જ કહેવાય

0 कालाध्वभाव...२/२/२३ थी સકર્મક સંજ્ઞા પણ અકર્મક બને છે

[૧૧૫૩]

(૬૮) ज्ञानेच्छार्थार्चार्थञीच्छील्यादिभ्यः क्तः ५/२/९२

★ સૂત્રપૃથ૦ ज्ञान-इच्छा अर्चार्थ-ञीत्-शील्यादि-भ्यः क्तः

★ વૃત્તિ :- एभ्यः सतेऽर्थे क्तः स्यात् राज्ञां ज्ञातः इष्ट, पूजितः, मिन्न, शीलितो रक्षितः ।

卐 વૃત્યર્થ :- જ્ઞાનાર્થક ઇચ્છાર્થક અને અર્ચ (પૂજા) અર્થક ધાતુ તથા ञित् (ञि इत् વાળા ધાતુઓને અને शील् વગેરે ધાતુઓને વર્તમાનકાળ અર્થમાં ક્ત થાયછે राज्ञा...રાજાઓને

0 જ્ઞાન :- ज्ञा + क्त = ज्ञातः જાણેછે

0 ઇચ્છા :- इष् + क्त = इष्टः ઇચ્છે છે

0 પૂજા :- पूज् + क्त = पूजितः પૂજે છે

0 ञित् :- मिद्+क्त=मिन्न.=સ્નેહ કરેછે (ञि मिदाङ्-धातु-मिद्) સૂત્ર: ૭० थी द् नो न्

0 शील्यादि :- शील्+इ+क्त=शीलितः શીલવાળો रक्षितः=रक्ष् +इ + क्त - રક્ષણ કરનાર

卐 વિશેષ :- 0 राज्ञाम्-"રાજાઓને" શબ્દ બધાંજ પ્રયોગમાં સાથે મૂકવો જેમકે 'રાજાઓને ઈષ્ટ'

0 ચકાર અધિકારથી ભૂત અર્થમાં પણ ક્ત પ્રત્યય થાય

0 शील्यादि-शीलितः,रक्षितः,शान्त, आक्रुष्ट, जुष्ट, रुष्ट, रुषित, हृष्टः, तुष्टः, कान्त., संयत , उद्यतः, आश्वस्तः વગેરે

[૧૧૫૪]

(૬૯) ऋल्वादेरेषां तो नोऽप्रः ४/२/६८

★ સુત્રપૃથ૦ :- ऋत्-ल्व-आदेः एषा तः नः अ-प्रः

★ વૃત્તિ :- पृ वर्जात् ऋदन्तात् ल्वादिभ्यश्च परेषां क्ति क्त क्तवतूनां तो नः स्यात् । तीर्णः, तीर्णवान् । लूनः, लूनवान् । अप्र इति किम् । पूर्तः पूर्तवान् ।

卐 વૃત્યર્થ :- पृ ધાતુ શિવાયના દીર્ઘ ऋ કારાન્ત ધાતુ ल्व-आदि (ल्वृ-धू-स्तृ-कृ-गॄ) ધાતુઓ પછી क्ति, क्त, क्तवतु પ્રત્યય લાગ્યા હોય તેમના त् નો न् થાયછે 0 तॄ+क्त=(ऋतामिर्क्ङितिर् थी) तिर-स्वादेर्नाभिनो थी દીર્ઘ तीर्+क्त=(આ સુત્રથી न) तीर्+न = तीर्ण તરેલો -0- तॄ+क्तवतु=तीर्+क्तवतु=(1-આ સૂત્રથી -त् नो न, रषृवर्णान्नो० २/३/६३ थी न् नो ण् प्र. એ.વ. છે

* आदि – મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨. પૃ ૧૫૯

માટે વત્ નું રૂપ ન્ આગમ અને ત્ નો લોપ થઈ વાન્ થતા) तीर्णवान्

0 लू=लू+क्त=लून: કાપેલો -0- लू+ तवत् = लूनवान् (બન્ને તૃ ના રૂપમુજબ)

0 अ प्र કેમ કહ્યું ?

पृ+क्त=पूर्त, पृ+क्तवतु=पूर्तवान् ભરેલો-(૧) ओष्ठ्यादुर् ૪/૪/૧૧૭ થી ऋ નો उर् (૨) भ्वादेर्नामिनो० ૨/૧/૬૩ થી પૂર્વ સ્વર દીર્ઘ

★ અનુવૃત્તિ :-(૧) अपात्...क्तौ ૪/૨/૬૬થી क्तौ (૨) हलादे...तयोश्च ૪/૨/૬૭ થી क्त-क्तवतु

卐 વિશેષ :- 0 लू आदि-ऋयादि ગણ : ૯ માં આ ધાતુઓ છે. ક્રમ :- 1519 થી 1539 लू-धू-स्तृ-कृ-वृ-ज्यारी-ली-ब्ली-ल्वी-कॄ-मॄ-शॄ-पॄ-वॄ-भॄ-दॄ-जॄ-नॄ-गॄ-ॠ

[૨૨૫૫]

(૭૦) रदामूर्च्छमदः क्तयोर्दस्य च ૪/૨/૬૯

★ સૂત્રપૃથ૦ :- रदात् अमूर्च्छ-मदः क्तयोः दस्य च

★ વૃત્તિ :- मूर्च्छमद वर्जाद्रदन्तात्परयोः क्तयोस्तस्य तद्योगे धातोर्दस्य च नः स्यात् । पूर्णः, पूर्णवान् । भिन्नः । भिन्नवान् ।

卐 વૃત્યર્થ :- मूर्च्छ, मद् ધાતુ સિવાયના र કે द કા. ધાતુઓને લાગેલા क्त-क्तवतु ના આદિના त કાર નો न કાર થાય છે તેના યોગમાં ધાતુના द् નો પણ न् થાય

0 र કારા.-पूर्+क्त=(આ સૂત્રથી त નો न થતાં) पूर्+न=पूर्णः=ભરેલો -0- पूर्+तवत्=पूर्णवान् - ભરનાર

0 द् કારા.-भिद्+क्त=भिन्नः ભેદાયેલો भिद्+ क्तवतु = भिन्नवान् ભેદનારો (અહીં द् તથા त બન્નેનો न् થયો છે

★ અનુવૃત્તિ :- ऋल्वादे:० થી तः नः

卐 વિશેષ :- 0 अमूर्च्छमदः કેમ કહ્યું ?

मूर्च्छ+क्त=(राल्लुक् ૪/૨/૧૧૦ થી च्छ લોપ થતાં मूर्+त=मूर्तः મૂર્ચ્છા પામેલો

0 मद्+क्त=(अवोपे प्रथमो थी) मत्तः ઉન્મત્ત થયેલો

0 આદિમાં त् કેમ કહ્યું ?

चर्+इ+क्त=चरितम् અહીં त् કાગદિ નથી इ+क्त છે

0 रदात् કેમ કહ્યું ?

चित: = चि + क्त - इ થી પર क्त છે

0 क्त-બન્ને क्त क्तवतु (૫/૧/૧૭૪) ગ્રહણ થશે

[૨૨૫૬]

(૭૧) सूयत्याद्योदितः ૪/૨/૭૦

★ સૂત્રપૃથ૦ :- सूयति-आदि ओत्-इतः

★ વૃત્તિ :- सूयत्यादिभ्यो नवभ्य ओदिद्भ्यश्च परयोः क्तयोस्तो नः स्यात् । सूनः । सूनवान् । दूनः, दूनवान् । लग्नः, लग्नवान् ।

卐 વૃત્યર્થ :- सूयति વગેરે નવ ધાતુઓ (ક્રમ -1242 થી 1250-सू, दू, दी, धी, मी, री ली, डी, व्री,) તથા ओदित् (ओ-इत् હોય તેવા) ધાતુઓને લાગેલા क्त, क्तवतु પ્રત્યયના त् નો न् થાય सू+क्त=सूनः જન્મેલો सू+क्तवतु=सूनवान्=જન્મેલ (સાધનિકા-ઉપરોક્ત સૂત્ર: ૭૦ મુજબ) એ-જ-રીતે दू→दून, दूनवान् - દુઃખી લજ્જ - (બોલવું) लग्नः, लग्नवान् -

★ અનુવૃત્તિ :-(૧) रदादमूर्च्छमदः क्तयो ૪/૨/૬૯ થી क्तयोः (૨) ऋल्वादे...तोनः ૪/૨/૬૮ થી तो नः

卐 વિશેષ :- 0 एग्यः કેમ કહ્યું ?

पीतः -पा+क्त=(ईर्व्यञ्जनेऽयपि થી આ નો ई)=पीतः અહીં पा ધાતુ सूयत्यादि કે ओदित् નથી માટે સૂત્ર ન લાગે

0 लज् કે लस्ज्-संयोगादस्यादौ० ૩/૧/૮૮ થી स् લોપ (चजः कगम् ૨/૧/૮૬ થી ज् નો ग् થશે

0 सूयति-श्य નિર્દેશથી ગણ:૪ दिवादि નો જ લેવો ગણ: ૧ કે ગણ: ૨ નો નહીં

[૨૨૫૭]

(૭૨) व्यञ्जनान्तस्थातोऽख्याध्यः ૪/૨/૭૧

★ સૂત્રપૃથ૦ :- व्यञ्जन-अन्तस्था-आतः अ-ख्या-ध्यः

★ વૃત્તિ :- व्यञ्जनात्परा याऽन्तस्था तदन्तस्य ख्याध्या-वर्जस्य क्तयोस्तो नः स्यात् । स्त्यानः, स्त्यानवान् । द्राणः । ग्लानः । अख्याध्य इति किम् । ख्यातः । ध्यातः ।

卐 વૃત્યર્થ :- (ધાતુમાં રહેલ) વ્યંજનથી પર ख्या અને ध्या સિવાયનો જે आ કારવાળો અન્તસ્થા (य,र,ल,व) તેને લાગેલા क्त, क्तवतु ના त નો न થાય છે

0 स्त्या-स्त्या+क्त=स्त्यानः જામી ગયેલો, स्त्यानवान्-જામી ગયેલ (અન્તે या છે માટે त નો न થયો)

0 द्रा-द्राणः - द्रा + क्त = ઉંઘેલો

0 ग्ला - ग्लानः = ग्ला + क्त કરમાયેલો

0 अख्याध्य કેમ કહ્યું ?

ख्या+क्त=ख्यातः કહેલો ध्या+क्त=ध्यातः ધ્યાયેલો

★ અનુવૃત્તિ :-(૧) रदादमूर्च्छ...क्तयोः ૪/૨/૬૯ થી क्तयोः (૨) ऋल्वादेः...तो नः ૪/૨/૬૮ થી तो नः

卐 વિશેષ :- 0 અજન્તથી પર કેમ કહ્યું ? યાનક્ત-યાત ગયેલો અહીં આદિમાં અન્તસ્થા છે
0 અન્તસ્થા કેમ કહ્યું ?
સ્નાતઃ સ્ના । કરેલો-અન્તસ્થા નથી
0 આ ૬ર કેમ કહ્યું ?
ચ્યુત પડી ગયેલો અન્તસ્થા છે આ કાર નથી

[૧૧૫૮]

(૭૩) ક્ષે ક્ષી ચાઽઽર્યાર્થે ૪/૨/૭૪

★ સૂત્રપૃથ૦ :- ક્ષે ક્ષી ચ અ-આર્યાર્થે
★ વૃત્તિ :- ક્ષેસ્તો નસ્તયોગે ક્ષે ક્ષીશ્ચ ન તુ ભ્યાર્થે । ક્ષીણઃ, ક્ષીણવાન્ । ભ્યાર્થે ઇતિ કિમ્ । મ ચર્મતેરત વિગ્રહ

卐 વૃત્યર્થ :- ક્ષિ ધાતુને લાગેલા ક્ત, ક્તવતુ ના ત નો ન થાય છે તેના યોગે ક્ષિ ના ક્ષી (દીર્ઘ ઈ) રૂપ થશે (પણ ભાવ અને કર્મણી અર્થને મૂકી ભાવ પ્રત્યય તે ભાવ અર્થ સિવાય એટલે) ભાવ અને કર્મણી અર્થ સિવાય આ સૂત્ર લાગે ક્ષિ+ક્ત ક્ષીણ ક્ષય પામેલ ક્ષિ+ક્તવતુ=ક્ષીણવાન્ (ત નો આ સૂત્રથી ન થયું ર્ઋવર્ણાતો થી ણ)
0 અભ્યાર્થે કેમ કહ્યું ?
ભાવ-કર્મ ક્ષિત્ ક્ષય - આનો ક્ષય થયો અહીં ભાવ એટલે ક્રિયા અર્થ હોવાથી સૂત્ર ન લાગે

★ અનુવૃત્તિ :-(૧) રદાદમૂર્ચ્છ...ક્તયો ૪/૨/૬૯થી ક્ત-ક્તવતુ (૨) સૂત્વાદે તેનો૦ ૪/૨/૬૮થી ત ન

卐 વિશેષ :- 0 ક્ષીણ=ક્ષયતિ સમ ૫/૧/૧૧ સ્થાર્થકર્મ૦ ૫/૧/૧૧ થી ક્ત.

[૧૧૫૯]

(૭૪) ઋહ્રીઘ્રાધ્રાત્રોન્દનુદવિન્તેર્વા ૪/૨/૭૬

★ સૂત્રપૃથ૦ :- ઋ-હ્રી ઘ્રા-ધ્રા ત્રા-ઉન્દ્ નુદ-વિન્ત
★ વૃત્તિ :- એભ્યોઽન્ત્યાભ્યાં ક્તક્તવતોસ્તસ્ય નો વા સ્યાત્ । ઋણં ઋતમ્ । હ્રાણઃ, હ્રાણવાન્ । હ્રીણ, હ્રીતવાન્ ।

卐 વૃત્યર્થ :- ઋ વગેરે આઠ ધાતુઓ ને લાગેલા ક્ત-ક્તવતુ પ્રત્યયના ત નો ન વિકલ્પે થાય છે (ઋ) ઋ+ ક્ત=ઋણમ્ પક્ષે ઋતમ્ (ઋણ-દેવું ઋત સત્ય, એમ ર્કે તે અર્થ લેવો વિકલ્પે નહીં)
(૧)-હ્રી+ક્ત=હ્રીણઃ પક્ષે હ્રીતઃ શરમાયેલો
-૧)- હ્રી+ક્તવતુ=હ્રીણવાન પક્ષે હ્રીતવાન

★ અનુવૃત્તિ :- રદાદમૂર્ચ્છ'.. ક્તયો: ૪/૨/૬૯થી ક્ત-ક્તવતુ

卐 વિશેષ :- 0 વા-વિકલ્પ વાચી નહીં પણ વ્યવસ્થિત વિભાષા વાચી છે તેથી ન દેવું અર્થે ઋણમ્ સત્યાર્થે ઋતમ્ થયું [૧૧૬૦]

(૭૫) દૌનુવિનશ્ચેમક્તમ ૪/૨/૭૮

★ સૂત્રપૃથ૦ :- દો-શુષિ-પચ. મ-ક્ત-વમ્
★ વૃત્તિ :- એભ્યસ્ત્રિભ્યઃ ક્તક્તવતોસ્તસ્ય મકવા સ્યુઃ ક્ષામઃ, ક્ષામવાન્ । શુષ્કઃ, શુષ્કવાન્ । પક્વઃ પક્વવાન્ ।
▢ નિર્વાણમવાતે । નિર્વાણોઽગ્નિઃ । નિર્વાણો મુનિઃ । વાતે તુ નિર્વાતઃ । નિર્વાતો વાતઃ એવં ક્ષીબાદયો નિપાત્યન્તે ।

卐 વૃત્યર્થ :- ક્ષૈ, શુષ્ અને પચ્ ધાતુને લાગેલા ક્ત, ક્તવતુ ના ત નો અનુક્રમે મ.ક.વ થાય છે
0 ક્ષૈ ક્ષૈ+ક્ત (આત્સન્ધ્યક્ષરસ્ય ૪/૨/૧ થી આ) ક્ષામઃ, ક્ષામવાન્ દુબળો (આ સૂત્રથી ત નો મ)
0 શુષ્ - શુષ્ + ક્ત = શુષ્ક સુકાયેલો
0 પચ્ - પચ્ + ક્ત = (ચજઃ ક ગમ્) = પક્+વ= આ સૂત્રથી વ) પક્વ પક્વવાન્ - પાકેલ

★ અનુવૃત્તિ :-(૧) રદાદમૂર્ચ્છ'...ક્તયોઃ ૪/૨/૬૯ થી ક્ત ક્તવતુ (૨) સૂત્વાદે: તે નો૦ ૪/૨/૬૮થી ત:ન:

卐 વિશેષ :- 0 ૨૫૮

▢ ગણવૃત્તિ :- *(૨૨) નિર્વાણમવાતે ૪/૨/૭૯ જો વાયુ કર્તા ન હોય તો નિર્+વા+ક્ત નો સ્થિતિમાં ત નો ન થાય છે 0 નિર્વાણો મુનિ-મુનિ શાંત થયો [૫૬૧]
(૨૩) અનુપસર્ગા. ક્ષીબોલ્લાઘ કૃશપરિકૃશ ફુલ્લોત્ફુલ્લ સમ્ફુલ્લાઃ ૪/૨/૮૦ અન્ય કે ૪ ઉપસર્ગ લગ ત્વા સિવાય ક્ષીબઃ ઘેલો, ઉલ્લાઘઃ=સમર્થ, કૃશઃ=દૂબળો, પરિકૃશઃ =દૂબળો ફુલ્લઃ કે ઉત્ફુલ્લ. કે સંફુલ્લઃ વિકસ્વર પામેલો - નિપાતન કરાય છે [૫૬૨]

[૧૧૬૨]

(૭૬) ક્ષુધવસસ્તેષામ્ ૪/૪/૪૩

★ સૂત્રપૃથ૦ :- ક્ષુધ-વસઃ તેષામ્
★ વૃત્તિ :- આભ્યાં તેષાં ક્તક્તવતુ-ક્ત્વાનામિટ્ સ્યાત્ ક્ષુધિતઃ । ઉષિતઃ

卐 વૃત્યર્થ :- ક્ષુધ્ અને વસ્ ધાતુને ક્ત, ક્તવતુ, ક્ત્વા લાગે ત્યારે પ્રત્યય પૂર્વે ઇટ્ થાય છે
0 ક્ષુધ્+ક્ત=ક્ષુધ્+ઇ+ત=ક્ષુધિત=ભૂખ્યો થયેલો.
0 વસ્+ક્ત=(સ્વૃત્ થતાં) ઉષિત-રહેલા એ-જ-રીતે ક્તવતુ - ક્ષુધિતવત્

* ગણવૃત્તિ :- હૈમપ્રકાશ ઉત્તરાર્ધ-૫૮૫-૮૬

★ અનુવૃત્તિ :-(૧) क्तयोः ४/४/४०
(૨) जॄ-व्रश्चः क्त्वः ४/४/४१ थी क्त्वा

卐 વિશેષ :- 0 क्षुध्-क्षुध च बुभुक्षायाम्, वम् गस निगासे-એમ લેવી
0 ग्लृत् - यजादि गश गचः० ४/१/७२ થી

[११६२]

(७७) लुभ्यञ्चेर्विमोहार्चे ४/४/४४

★ સુત્રપૃથ૦ :- लुभि-अञ्चेः विमोह-अर्चे
★ વૃતિ :- आभ्यां यथासङ्ख्यं विमोहनं पूजार्थाभ्यां क्त क्तवतुक्त्वामिट् स्यात् । विलुभितः । अञ्चितः ।

卐 વૃત્યર્થ :- लुभ् ધાતુને વિમોહન અર્થમાં અને अञ्च् ધાતુને પૂજા અર્થ क्त क्तवतु-क्त्वा લાગ્યા હોય ત્યારે પરા પૂર્વે इट् થાય છે वि+लुभ्+क्त=वि+लुभ् +इ+त=विलुभितः - વિમોહન પામેલો
0 अञ्च्-अञ्च्+क्त=अञ्चितः પૂજાયેલો - अञ्चितवान्

★ અનુવૃત્તિ :- (૧) क्तयोः ४/४/४०
(૨) जॄ व्रश्च:...क्त्वः ४/४/४१ थी क्त्वा

卐 વિશેષ :- 0 વિમોહન કેમ કહ્યું ?
लुब्धः=लुभ्+क्त-અહીં લુબ્ધ અર્થ છે માટે इ ન લાગ્યો પણ अधश्चतुर्थात्० થી त् નો ध् થયો. तृतीयस्तृती० થી પૂર્વે भ् નો ब् થયો
0 सह लुभेच्छ रुष ४/४/४६ થી लुभ् ને इट् વિકલ્પે થાય - તેના નિષેધમાં આ સૂત્ર છે

[११६३]

(७८) ॠवर्णश्र्यूर्णुगः कितः ४/४/५७

★ સુત્રપૃથ૦ :- ॠ वर्ण-श्रि ऊर्णु गः कितः
★ વૃતિ :- ॠवर्णान्तादेकस्वरादधातोः श्रेरूर्णोश्च कित इट् न स्यात् वृतः श्रितः,ऊर्णुतः । एकस्वरादिति किम् जागरितः

卐 વૃત્યર્થ :- ॠ વર્ણાન્ત એકસ્વર ધાતુને તથા श्रि અને ऊर्णु ધાતુને લાગેલા कित् પ્રત્યયોની પૂર્વે इट् ન થાય वृ+क्त=वृतः=વરેલો, श्रितः સેવાયેલો, ऊर्णुतः - ઢાંકેલો
0 एक स्वरात् કેમ કહ્યું ?
जागरितः=જાગેલો जागृ ધાતુ એકસ્વરી નથી માટે इट् લાગ્યો

★ અનુવૃત્તિ :-(૧) न वृद्भ्यः ४/४/५५ थी न
(૨) ४/४/३२ થી इट्

卐 વિશેષ :- 0 कित् કેમ કહ્યું ?
वरिता-वृ+तृच्=वर्+इ+तृ (પ્રથમા એ વ) વરેતા तृच् એ कित् નથી માટે वृ નો ગુણ થઇ इ લાગ્યો
0 विहित...વિશેષણ હોવાથી ॠ નો इर्-उर् આદેશ થયા પછી પણ આ નિયમથી इट् નહીં થાય तॄ+क्त्वा= तीर्+त्वा=तीर्त्वा - તરીને

[११६४]

(७९) उवर्णात् ४/४/५८

★ વૃતિ :- उवर्णान्तादेकस्वराद्धातोर्विहितस्य कित इट् न भवति युतः । भूतः ।

卐 વૃત્યર્થ :- ઉ વર્ણાન્ત એવા એક સ્વરી ધાતુને कित् પ્રત્યય પુર્વે इट् ન થાય यु+क्त=युतः મિશ્ર થયેલો भू+क्त=भूतः થયેલો

★ અનુવૃત્તિ :-(૧) न वृद्भ्यः ४/४/५५ थी न
(૨) ॠ वर्णश्रि० ४/४/५७ थी कितः (૩) ४/४/३२थी इट्

卐 વિશેષ :- 0 कित् કેમ કહ્યું ?
लू+तृच्=लू+इ+तृ=लव्+इ+तृ=लविता - લણનાર

[११६५]

(८०) पूङ्-क्लिशिभ्यो नवा ४/४/४५

★ સુત્રપૃથ૦ :- पूङ् क्लिशिभ्यः नवा
★ વૃતિ :- पूङ्क्लिशिभ्यां च क्तक्तवतु क्त्वामिट् वा स्यात् । पूतः । पवितः । क्लिष्टः क्लिशितः

卐 વૃત્યર્થ :- पूङ् અને क्लिश् ધાતુને क्त-क्तवतु અને क्त्वा પુર્વે इट् વિકલ્પે થાય पू+क्त=पूतः પક્ષે (इट्) पवितः=પવિત્ર થયેલો
0 क्लिश्+क्त=क्लिष्टः પક્ષે क्लिशितः કલેશ પામેલો એ-જ -રી-તે पूतवान् પક્ષે पवितवान् થાય

★ અનુવૃત્તિ :-(૧) क्तयोः ४/४/४०
(૨) जॄ-व्रश्चः क्त्वः ४/४/४१થી क्त्वा (૩) ४/४/३२थी इट्

卐 વિશેષ :- 0 पूङ् નિર્દેશથી पूङ् पवने- લેવું અને क्लिशिभ्यः એમ બ.વ. માં નિર્દેશથી क्लिशिच् उपतापे અને क्लिशौच् विबाधने બન્ને ગ્રહણ કરવા
0 पूङ् માં उवर्णात् ४/४/५८ થી અપ્રાપ્ત હતી क्लिश् માં નિત્ય इट् ની પ્રાપ્તિ હતી તે બન્નેનું આ સૂત્ર વિકલ્પે કરે છે

[११६६]

(८१) डीयश्व्यैदितः क्तयोः ४/४/६१

★ સુત્રપૃથ૦ :- डीय-श्वि-ऐदितः क्तयोः
★ વૃતિ :- दिवादिकस्य डीयतेः श्वेरैदिद्भ्यश्च धातुभ्यः परयोः क्तक्तवत्वोरिट् न स्यात् । त्रस्तः । डीनः श्वितः । लग्नः

卐 વૃત્યર્થ :– ડી (ગ ૪/1243), શ્વિ (ગ -૧ /937) અને ઐદિત્ (ऐ–इत् હોય તેવા) ધાતુને લાગેલ क्त–क्तवतु પ્રત્યયની આદિમા इट् થાય નહીં

0 डी→डी+क्त=डीनः ઉડેલો (આ સૂત્રથી इट् નિષેધ સૂર્‌યત્યાદ્યો૦ ૪/૨/૭૦ થી न्)

0 શ્વિ°– (૧) સૂરયત્યો૦ ૪/૨/૭૦ થી त નો न (૨) યજાદિ વચેઃ કિતિ ૪/૧/૭૯ થી વૃત્ થય માટે દીર્ઘમ-વોઽન્ત્યમ્ થી દીર્ઘ શૂનઃ, શૂનવાન્ થશે

0 ઐદિત્ (લગેૈ્)લગ્+क्त=लग्न થાય પામેલો– લગ્ને઼ૈદ્–लग् + क्त = लग्नः – લાગેલો

✯ અનુવૃત્તિ :–(૧) ન ડીઙ્‌શીઙ્‌ ૪/૪/૫૧ થી ન (૨) इट् ઇવર્ણાદેઃ ૪/૪/૩૬ થી इट्

卐 વિશેષ :– 0 ડીય – ડા નિર્દેશથી ચોથા ગણનો ડી લેવો

0 क्तयोः કેમ કહ્યું ?

डी + तृच् = डी + इ + तृ = डयिता થયું

0 लगेच्, त्रसीच् વગેરેમા વેટત્વ હતું પણ ક્તયોઃ થી इट् નો પ્રતિષેધ થવો હતો છતા અહીં ऐदित् કહ્યું તે વહ્નુપ્રત્યયમા પણ આ સૂત્રના પ્રવૃત્તિ માટે

[૧૧૫૭]

(૮૨) વેટોઽપતઃ ૪/૪/૬૨

★ સૂત્રપૃથ૦ :– વા–इटः અ–પતઃ

★ વૃત્તિ :– પતિ વર્જનાત્ ક્વચિદ્ વેકારવાનિદિત્ત્વાત્ ધાતોઃ ક્તયોરાદિર્ ન સ્યાત् नशौच् नष्टो नष्टः । अपत इति किम् । पतितः ।

卐 વૃત્યર્થ :– પત્ (ભ્વાદિ-962) સિવાયના ધાતુને ક્યારેક વિકલ્પે इट् ઉમેરાતો હોય તેવા એકસ્વરી ધાતુને લાગેલ क्त क्तवतु પ્રત્યયની આદિમા इट् ન થાય

0 नशौच्–नश्+क्त=नष्+ट=नष्टः––નાશ પામેલો (અહીં ઓ–इत् છે માટે ધુગ્લેદિતઃ થી વિકલ્પે इट् થાય તેમજ नश् ના श् નો ष् – યજસૃજમૃજ૦ થી થયો તેના યોગે त નો ट થયો)

0 अपतः કેમ કહ્યું ?

पतितः = पत् + क्त = इट् લાગ્યો

✯ અનુવૃત્તિ :–(૧) એકસ્વરાત્૦ ૪/૪/૫૬ (૨) ડીય્‌શ્વ્યૈ...ક્તયોઃ ૪/૪/૬૧ થી ક્તયો (૩) ન વૃદ્ભ્યઃ થી ન

卐 વિશેષ :– 0 એકસ્વરાત્ કેમ કહ્યું ?

दरिद्रितः=दरिद्रा+इ+क्त – અનેક સ્વરી છે માટે इट् થયો

[૧૧૫૮]

(૮૩) ન ડીઙ્‌શીઙ્‌પૂઙ્‌ધૃષિક્ષ્વિદિસ્વિદિમિદઃ ૪/૩/૨૭

★ સૂત્રપૃથ૦ :– ન ડીઙ્ – શીઙ્ – પૂઙ્ – ધૃષ – ક્ષ્વિદિ સ્વિદિ – મિદઃ

✯ વૃત્તિ :– એભ્યઃ ક્તક્તવતૂ પરૌ સેટૌ ક્તૌ કિદ્વન્ન સ્યાતામ् । डयितः । शयितः । पवितः डीङ् इत्यादिकः

卐 વૃત્યર્થ :– ડી, શી, પૂ, ધૃષ્, ક્ષ્વિદ્, સ્વિદ્, મિદ્ એ સાત ધાતુઓને લાગેલા સેટ્ क्त–क्तवतु પ્રત્યયો કિત્વત્ ન સમજવા 0 डी+इ+क्त=डयितः ઉડેલો 0 शी+इ+क्त=शय्+इ+त=शयितः=સૂતેલો 0 पू+इ+क्त=पवितः= પવિત્ર થયેલો 0 ડીઙ્ ઇત્યાદિકનો સમજવો

✯ અનુવૃત્તિ :–(૧) ઉતિ શવર્હ .. ક્તૌ ૪/૩/૨૬ થી ક્તૌ ૨. ઇન્ધ્યસંયોગાત્૦ ૪/૩/૨૧ થી કિદ્વત્ ૩. ૪/૩/૨૪ થી સેટ્

卐 વિશેષ :– 0 સેટ્ કેમ કહ્યું ?

डीनः=डी+क्त–અનિટ્ થી डीनः થયું (જુઓ સૂત્ર: ડીય્‌શ્વ્યૈ દિતઃ ૪/૪/૬૧)

0 ક્ષ્વિદ્ધીર ..૫/૧/૯ થી क्त

0 पूङ् ક્લિશઃ ક્તક્તવતો૦ ૪/૪/૪૫ થી વિકલ્પે इट्

0 नवाऽऽरम्भ ૪/૪/૪૨ થી વિકલ્પે इट

[૧૧૫૯]

(૮૪) ઉતિ શવર્હાદ્ભાવારમ્ભે ૪/3/૨૬

✯ સૂત્રપૃથ૦ :– ઉતિ શવ્-અર્હ અદ્ભ્યઃ ક્તૌ ભાવારમ્ભે

★ વૃત્તિ :– ઉપુધાન્ત્યે મતિ શવર્હ ય્યોઽર્હાદિભ્યશ્ચ પરૌ ભાવારમ્ભે ક્તક્તવતૂ સેટૌ વા કિદ્વત્ સ્યાતામ् ઇતિ । રોદિતમેભિઃ । પ્રરુદિતઃ, પ્રરોદિતઃ । પ્રદ્યોતિતઃ । શબર્હાદ્ભ્યઃ ઇતિ કિમ् । પ્રરુદિત. ઇત્યાદિ

卐 વૃત્યર્થ :– ઉપાન્ત્યમા उ વાળા અને શવ્ (ક્તર્યનદ્ભ્યઃ શવ્) પ્રત્યયને યોગ્ય એવા ધાતુઓ તેમજ ૨ ક્યાદિ ના ધાતુઓને લાગેલા ભાવ અર્થના અને આરંભ અર્થના સેટ્ ક્ત – ક્તવતુ પ્રત્યયો વિકલ્પે કિત્વત્ થાય છે

0 ભાવાદિ.– 1 ભાવ – रुदितम् પક્ષે रोदितम् – રડાયું – એમના વડે રડાયું વિકલ્પે કિત્વત્ થતા વિકલ્પે ગુણ થયો રુદ્+इ+क्त 2 આરંભ :– (પ્ર) रुदितः (પ્ર) रोदितः પ્ર+रुद् + क्त – રડવાનો આરંભ કરનાર

0 ઉપાન્ત્ય–उ–પ્રદ્યુતિતઃ પક્ષે પ્રદ્યોતિતઃ દીપવાનો આરંભ કર્યો (ધાતુ ભ્વાદિ-937)

* પ્રક્રિયામા શ્વિતઃ કેમ થયું ને એ કુ છ – નૃહસ્વત્તિ-અન્ત્યમનૃત્તિનાં પણ શ્વિ. નહી શૂરઃ છ.

0 शब् – અહં કેમ કહ્યું ?
गुधू-प्रगुधितः રોષે ભરાયેલો (ગણ: ૯ ઋયાદિ એ શબ્ ને યોગ્ય નથી માટે કિત્વ અભાવ ન થયો–ગુણ ન થયો)

★ અનુવૃત્તિ :–(૧) इन्ध्यसं यागात्० ૪/૩/૨૬ થી कित्वत् (૨) ૪/૩/૨૪ થી सेट्

卐 વિશેષ :– 0 ઉપાન્ત્ય उ કેમ કહ્યો ?
श्चिवति तम् एभिः એઓ વડે ધોળા કરાયું અહીં ઉપાન્ત્ય उ નથી
0 भावारम्भ કેમ કહ્યું ?
रुचितः ગમેલો–કર્મ અર્થનો "क्त" પ્રત્યય છે
0 સેટ કેમ કહ્યું ?
रूढम् – ઉગેલો रुह्+क्त – अनिट् છે માટે વિકલ્પે कित्वत् ન થતાં નિત્ય किद्वत् થાય

[૧૧૭૦]

(૮૫) आदितः ૪/૪/૭૧

★ સૂત્રપૃથ૦ :– आत् – इतः
★ વૃત્તિ :–आदितो धातोः परयोः क्तक्तवतोरिट् न स्यात् । भिन्नः

卐 વૃત્યર્થ :– આ – इत् હોય તેવા ધાતુઓને લાગેલા क्त-क्तवतु પૂર્વે इट् ન થાય 0 भिन्न:=भिद् + क्त= (रदादमूर्च्छ० ૪/૨/૬૯ થી द् નો न्, त નો न् થતાં) भिन् + न थयुं) भिद् માં મૂળ ધાતુ जिभिदाच् માં आ-इत् છે તેથી આ સૂત્ર લાગ્યું

★ અનુવૃત્તિ :–(૧) डीय श्चि...क्तयो. ૪/૪/૬૧ (૨) न वृद्भ्यः ૪/૪/૫૫ થી न (૩) इट् इवादिशिषो ૪/૪/૩૩ થી इट्

卐 વિશેષ :– 0 वेटोऽपत् ૪/૪/૬૨ થી નિત્ય इट् નો પ્રતિષેધ સિદ્ધ હતો છતાં જુદું સૂત્ર બનાવ્યું તે *ન્યાય માટે છે

[૧૧૭૧]

(૮૬) नवाऽनयोः ૪/૪/૭૨

★ સૂત્રપૃથ૦ :– नवा–अनयोः (મૂળ–नवा भावारम्भे)
★ વૃત્તિ :–भावारम्भयोः क्ते तु वा । भिन्नं, मेदितम् ।

卐 વૃત્યર્થ :–(આ–इत् હો તેવા ધાતુઓને) ભાવ અને આરંભ અર્થમાં क्त – क्तवतु લાગ્યા હોય ત્યારે પ્રત્યય પૂર્વે વિકલ્પે इट् થાય.
0 भिद्+क्त=भिन्नम् પક્ષે (इट्) मेदितम् -ચીકાશવાળું થયેલ

0 क्तवतु :– भिन्नवान् પક્ષે मेदितवान्

★ અનુવૃત્તિ :– (૧) आदितः ૪/૪/૭૧ (૨) डीय श्चि...क्तयोः ૪/૪/૬૧ થી क्तयोः (૩) इट् सिजाशिषो ૪/૪/૩૬ થી इट्

卐 વિશેષ :– 0 મૂળ સૂત્ર नवाभावारम्भे છે પણ પ્રક્રિયાકારે नवाऽनयोः કર્યું
0 आदित् કેમ કહ્યું ?
प्रविदितः જાણેલ–विदितम् अनेन–प्र+विद्+इ+क्त
0 मादितः સૂત્રથી નિત્ય अनिट् ધાતુને આ સૂત્રથી વિકલ્પે इट् થાયછે.

[૧૧૭૨]

(૮૭) श्वसजपवमरुषत्वरसंघुषास्वनामः ૪/૪/૭૫

★ સૂત્રપૃથ૦ :– श्वस जप–वम–रुष–त्वर–संघुष–आस्वन – अमः
★ વૃત્તિ :– एषामष्टानां क्तयोरिड्वा स्यात् । श्वस्तः । श्वसितः । जप्तः, जपितः । अहन्पञ्चमस्येति दीर्घे, वान्तः वमितः । रुष्ट, रुषितः । तूर्णः, त्वरितः संघुष्टः, संघुषितः आस्वान्तः, आस्वनितः । अभ्यान्तः, अभ्यमितः ।

卐 વૃત્યર્થ :– श्वस વગેરે આઠે ધાતુઓને क्त क्तवतु પ્રત્યય લાગે ત્યારે इट् વિકલ્પે થાયછે
0 श्वस् – श्वस्तः પક્ષે श्वसितः – શ્વાસ યુક્ત
0 जप् – जप्तः પક્ષે जपितः – જપ કરેલો
0 रुष् – रुष्टः પક્ષે रुषितः – રોષ પામેલો
0 वम् – वान्तः પક્ષે वमितः – વમેલ
(અહીં व નો वा થયો તે अहन्पञ्चम० ૪/૧/૧૦૭)
0 त्वर् – तूर्ण પક્ષે त्वरितः – ત્વરિત
0 संघुष्–संघुष्टः પક્ષે संघुषितः–આ રીતે અવાજ કરનાર
0 आस्वन् – आस्वान्तः પક્ષે आस्वनितः અવાજવાળો
0 अभि+अम् – अभ्यान्तः પક્ષે अभ्यमितः –સામે ગયેલો

★ અનુવૃત્તિ :–(૧) नवाभावारम्भे ૪/૪/૭૨થી नवा (૨) इट् सिजाशिषो ૪/૪/૬૬ થી इट् (૩) डीय श्चि...क्तयोः ૪/૪/૬૧

卐 વિશેષ :– 0 સ્પષ્ટ

[૧૧૭૩]

(૮૮) आः खनिसनिजनः ૪/૨/૬૦

★ વૃત્તિ :– खातः । सातः जातः
卐 વૃત્યર્થ :– (નોંધ :– આ સૂત્ર *यङ्लुबन्त માં

* ન્યાય :– यदुपाधेर्विभाषा तदुपाधेः प्रतिषेध.

* यङ्लुबन्त સૂત્ર: ૪, ક્રમાંક સૂત્ર ૧૦૬૦ જુઓ.

卐 વૃત્યર્થ :– ડી (ભ ૪/૧૨૬૩), શ્વિ (ભ –૧/937) અને ઐદેત્ (એ–ઇત્ હોય તેવા) ધાતુને લાગેલ ક્ત–ક્તવતુ પ્રત્યયની આદિમાં ઇટ્ થાય નહીં

0 ડી → ડી+ક્ત=ડીન: ઉડેલો. (ના સૂત્રથી ઇટ્ નિષેધ સૂત્રમાયો૦ ૪/૨/૭૦ થી ન્)

0 શ્વિ * – (૧) સૂત્રમાયો૦ ૪/૨/૭૦ થી ત નો ન (૨) યજાદિ વચેઃ કિતિ ૪/૧/૭૯ થી વૃત્ થવાથાઃ દીર્ઘમવોડન્ત્યમ્ થી દીર્ઘ શૂનઃ, શૂનવાન્ થશે

0 ઐદેત્ (લગેચ્) લગ્+ક્ત=લગ્ન લાગ પામેલો– તેઅગ્નેઇત્ –લગ્ + ક્ત = લગ્ન: – લાગેલો

✱ અનુવૃત્તિ :–(૧) ન ડીદ્યઃ ૪/૪/૫૧ થી ન (૨) ઇટ્ શ્વિજાશિષેઃ ૪/૪/૩૨ થી ઇટ્

卐 વિશેષ :– 0 ડીય – દા નિર્દેશથી ચોથા ગણનો ડી લેવો

0 ક્તયો: કેમ કહ્યું ?

ડી + તૃચ્ = ડી + ઇ + તૃ = ડયિતા થયું

0 લ્ગીચ્, વ્રીચ્ વગેરેમા વેટત્ કર્યુ પણ ક્તયો: થી ઇટ્ નો પ્રતિષેધ થયો હોવા છતા અહીં ઐદેત્ કહ્યું તે નદ્દુપન્તમા પણ આ સૂત્રના મદયુ માટે

[૨૨૪૭]

(૮૨) વેટોડપતઃ ૪/૪/૬૨

★ સૂત્રપૃથ૦ :– વા–ઇટઃ અ–ત્ત

★ વૃત્તિ :– વતિ વર્જનાત્ ક્વચિદેકસ્વરાત્વેટસ્ત્વરાત્ પરયો. ક્તયોરિટ્ ન સ્યાત્ નશીચ્ નષ્ટ નષ્ટ: । અપત ઇતિ કિમ્ । પતિતઃ ।

卐 વૃત્યર્થ :– પત્ (ભ્વાદિ–962) સિવાય જે ધાતુને ક્યારેક વિકલ્પે ઇટ્ ઉમેરાતો હોય તેવા એકસ્વરી ધાતુને લાગેલ ક્ત ક્તવતુ પ્રત્યયની આદિ માં ઇટ્ નથાય

0 નશીચ્–નશ્+ક્ત=નશ્+ત=નષ્ટ:–નાશ પામેલો (અહીં ઔ–ઇત્ છે માટે ધુગૌદિતઃ થી વિકલ્પે ઇટ્ થાય તેમજ નશ્ ના શ્ નો ષ્ –યજસૃજમૃજ૦ થી થયો તેના યોગે ત નો ટ થયો)

0 અપતઃ કેમ કહ્યું ?

પતિતઃ = પત્ + ક્ત = ઇટ્ લાગ્યો

✱ અનુવૃત્તિ :–(૧) એકસ્વરાત્૦ ૪/૪/૫૬ (૨) ડીયશ્વિ...ક્તયો: ૪/૪/૬૧ થી ક્તયો: (૩) ન ડીદ્યઃ થી ન

* પ્રક્રિયામા શ્વિઃ કેમ થયું તે ખેડુ ‌છ –બૃહદ્વૃત્તિ–અખયદૃત્તિમાં પણ શ્વિ. નથી શૂનઃ છે.

卐 વિશેષ :– 0 એકસ્વરાત્ કેમ કહ્યું ?

દરિદ્રિતઃ=દરિદ્રા+ઇ+ક્ત – અનેક સ્વરી છે માટે ઇટ્ થયો.

[૨૨૪૮]

(૮૩) ન ડીશીપૂઙ્ધૃષિક્ષ્વિદિસ્વિદિમિદઃ ૪/૩/૨૭

★ સૂત્રપૃથ૦ :– ન ડીઙ્ – શીઙ્ – પૂઙ્ – ધૃષ–ક્ષ્વિદિ સ્વિદિ – મિદઃ

✱ વૃત્તિ :– એભ્યઃ ક્તક્તવતૂ પરૌ સેટૌ કિતૌ ન સ્યાતામ્ । ડયિતઃ । શયિતઃ । પવિતઃ ડીઙ્ ત્યાદિકઃ

卐 વૃત્યર્થ :– ડી,શી,પૂ, ધૃષ્, ક્ષ્વિદ્, સ્વિદ્, મિદ્ એ સાત ધાતુઓને લાગેલા સેટ્ ક્ત–ક્તવતુ પ્રત્યયો કિત્વત્ ન સમજવા 0 ડી+ઇ+ક્ત=ડયિતઃ ઉડેલો 0 શી+ઇ+ક્ત=શય્+ઇ+ત=શયિતઃ =સૂતેલો 0 પૂ+ઇ+ક્ત=પવિતઃ= પવિત્ર થયેલો 0 ડીઙ્ ત્યાદિનો સમજવો

✱ અનુવૃત્તિ –(૧) ઉતિ શવર્હાત્ ... ક્તૌ ૪/૩/૨૩ થી ક્તૌ ૨. ઇન્ધ્યસંયોગાત્૦ ૪/૩/૨૧ થી કિદ્વત્ । ૪/૩/૨ ન્યમિદ્

卐 વિશેષ :– 0 સેટ્ કેમ કહ્યું ?

ડીનઃ=ડી+ક્ત–અનિટ્ થી ડીનઃ થયુ (જુઓ સૂત્રઃ ડીયશ્વ્યૈદિતઃ ૪/૪/૬૧)

0 શ્વિડ્શીઙ્ ..૫/૧/૯ થી ક્ત

0 પૂઙ્ ઃક્લિશિભ્યાં૦ ૪/૪/૪૫ થી વિકલ્પે ઇટ્

0 નવાડડરમ્ભે ૪/૪/૭૨ થી વિકલ્પે ઇટ્

[૨૨૪૯]

(૮૪) ઉતિ શવર્હાદ્ભાવે ક્તૌ ભાવારમ્ભે ૪/૩/૨૬

★ સૂત્રપૃથ૦ :– ઉતે શવ્–અર્હ અદ્ભાવઃ ક્તૌ ભાવારમ્ભે

★ વૃત્તિ :– ઉપ્રાન્ત્યે ભાવે શવર્હ ભ્યોઽદ્ભાવિભ્ય પરૌ ભાવારમ્ભે ક્તક્તવતૂ સેટૌ વા કિદ્વત્ સ્તાત્ સ્યાતામ્ કુદિત । રોદિતમેભિઃ । પ્રમુદિતઃ, પ્રમોદિતઃ । પ્રરુદિતઃ । શવર્હાદ્ભાવઃ ઇતિ કિમ્ । પ્રગુપિત. રુદ્ષાદિ

卐 વૃત્યર્થ :– ઉપાન્ત્યમા ઉ વાળા અને શવ્ (કર્તર્યનદ્ભ્યઃ શવ્) પ્રત્યયને યોગ્ય એવા ધાતુઓ તેમજ અભ્ ? આદિ ના ધાતુઓને લાગેલા ભાવ અર્થના અને આરંભ અર્થના સેટ્ ક્ત – ક્તવતુ પ્રત્યયો વિકલ્પે કિદ્વત્ થાય છે

0 અહિ ,– 1 ભાવ – રુદિતમ્ પક્ષે રોદિતમ્ – એભિઃ – એમો વડે રડાયું વિકલ્પે કિદ્વત્ થવા વિકલ્પે ગુણ થયો રુદ્+ઇ+ક્ત 2 આરંભ :– (પ્ર) રુદિતઃ (પ્ર) રોદિતઃ પ્ર+ રુદ્ + ક્ત – રડવાનો આરંભ કરનાર

0 ઉપાન્ત્ય–ઉ–પ્રમુદિતઃ પક્ષે પ્રમોદિતઃ દીપવ નો આરંભ કર્યો (ધાતુ ભ્વાદિ–937)

0 शत् – અહ કેમ કહ્યું ?
गुध्-प्रगुधितः રોષે ભરાયેલો (ગણ: ૯ क्र्यादि એ शत् ને યોગ્ય નથી માટે कित्व અભાવ ન થયો–ગુણ ન થયો)

★ અનુવૃત્તિ :-(૧) इन्ध्यसंयोगात्० ४/३/२६ થી किद्वत् (૨) ४/३/२४ થી सेट्

卐 વિશેષ :- 0 ઉપાન્ત્ય उ કેમ કહ્યો ?
क्ष्विति तम् एभिः એઓ વડે ધોળા થવાયું અહીં ઉપાન્ત્ય उ નથી
0 भावारम्भ કેમ કહ્યું ?
रुचितः ગમેલો–કર્મ અર્થનો "क्त" પ્રત્યય છે
0 સેટ કેમ કહ્યું ?
रूढम् – ઉગેલો रुह्+क्त – અનિટ્ છે માટે વિકલ્પે किद्वत् ન થતાં નિત્ય किद्वत् થાય

[૨૨૭૦]
(૮૫) आदितः ४/४/७१

★ સૂત્રપૃથ૦ :- आत् – इतः
★ વૃત્તિ:-आदितो धातोः परयोः क्तक्तवतोरिट् न स्यात् । भिन्नः
卐 વૃત્યર્થ :- આ – इत् હોય તેવા ધાતુઓને લાગેલા क्त-क्तवतु પૂર્વે इट् ન થાય 0 भिन्न=भिद् + क्त= (रदादमूर्च्छ० ४/२/६९ થી द् નો न्, त् નો न् થતાં) भिन् + न થયું) भिद् માં મૂળ ધાતુ ञिभिदाँ માં आ-इत् છે તેથી આ સૂત્ર લાગ્યું

★ અનુવૃત્તિ :-(૧) डीय श्वि...क्तयोः ४/४/६१ (૨) न वृद्भ्यः ४/४/५५ થી न (૩) इट् इवादिशिषो ४/४/३३ થી इट्

卐 વિશેષ :- 0 वेटोऽपत् ४/४/६२ થી નિત્ય इट् નો પ્રતિષેધ સિદ્ધ હતો છતાં જુદુ સૂત્ર બનાવ્યું તે *ન્યાય માટે છે

[૨૨૭૧]
(૮૬) नवाऽनयोः ४/४/७२

★ સૂત્રપૃથ૦ :- नवा–अनयोः (મૂળ–नवा भावारम्भे)
★ વૃત્તિ :-भावारम्भयोः क्ते तु वा । भिन्नं, भेदितम् ।
卐 વૃત્યર્થ :-(आ-इत् હો તેવા ધાતુઓને) ભાવ અને આરંભ અર્થમાં क्त – क्तवतु લાગ્યા હોય ત્યારે પ્રત્યય પૂર્વે વિકલ્પે इट् થાય.
0 भिद्+क्त=भिन्नम् પક્ષે (इट्) भेदितम्-ચીરાયેલું થયેલ
0 क्तवतु :- भिन्नवान् પક્ષે भेदितवान्

★ અનુવૃત્તિ :- (૧) आदितः ४/४/७१
(૨) डीय श्वि...क्तयोः ४/४/६१ થી क्तयोः
(૩) इट् इवादिशिषो ४/४/३३ થી इट्

卐 વિશેષ :- 0 મૂળ સૂત્ર नवाभावारम्भे છે પણ પ્રક્રિયાકારે नवानयोः કહ્યું
0 आदित् કેમ કહ્યું ?
प्रविदितः જણાવેલ-विदितम् अनेन-प्र+विद्+इ+क्त
0 आदितः સૂત્રથી નિત્ય અનિટ્ ધાતુને આ સૂત્રથી વિકલ્પે इट् થાયછે.

[૨૨૭૨]
(૮૭) श्वसजपवमरुषत्वरसंघुषास्वनामः ४/४/७५

★ સૂત્રપૃથ૦ :- श्वस–जप–वम–रुष–त्वर–संघुष–आस्वन – अमः
★ વૃત્તિ :- एषामष्टानां क्तयोरिड्वा स्यात् । श्वस्तः । श्वसितः । जप्तः, जपितः । अहन्पञ्चमस्येति दीर्घे, वान्तः वमितः । रुष्टः, रुषितः । तूर्णः, त्वरितः संघुष्टः, संघुषितः आस्वान्तः, आस्वानितः । अभ्यान्तः, अभ्यमितः ।
卐 વૃત્યર્થ :- श्वस વગેરે આઠ ધાતુઓને क्त क्तवतु પ્રત્યય લાગે ત્યારે इट् વિકલ્પે થાયછે
0 श्वस् – श्वस्तः પક્ષે श्वसितः – શ્વાસ યુક્ત
0 जप् – जप्तः પક્ષે जपितः – જપ્ત કરેલો
0 रुष् – रुष्टः પક્ષે रुषितः – રોષ વાળો
0 वम् – वान्तः પક્ષે वमितः – વમેલ
(અહીં व નો वा થયો તે अहन्पञ्चम० ४/१/१०७)
0 त्वर् – तूर्ण પક્ષે त्वरितः – ત્વરિત
0 संघुष्-संघुष्टः પક્ષે संघुषितः–આ રીતે અવાજ કરનાર
0 आस्वन् – आस्वान्तः પક્ષે आस्वनितः અવાજવાળો
0 अमि+अम् – अभ्यान्तः પક્ષે अभ्यमितः –સામે ગયેલો

★ અનુવૃત્તિ :-(૧) नवाभावारम्भे ४/४/७२થી नवा
(૨) इट् इवादिशिषो ४/४/३३ થી इट्
(૩) डीय श्वि...क्तयोः ४/४/६१

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

[૨૨૭૩]
(૮૮) आः खनिसनिजनः ४/२/६०

★ વૃત્તિ :- खातः । सातः जातः
卐 વૃત્યર્થ :- (નોંધ :- આ સૂત્ર *बहुलत्वन्त માં

* ન્યાય :- यदुपाधेर्विभाषा तदुपाधेः प्रतिषेध

* बहुलत्वन्त સૂત્ર: ४, ઋણાંક સૂત્ર ૧૦૬૦ જુઓ.

આવી ગયેલ અહીં ફરીથી આપેલ છે–પણ જિન નહિ)
શમ્ દમ-જન્ ને ધુટ્ કિત્ પૂર્વે અન્ત્યનો આ થાયછે
0 શમ્ + ક્ત = શાત: = શાંત થયેલો
0 ક્ષન્+ક્ત=ક્ષત.=ઘાયલો 0 જન્–ક્ત=જાત =જન્મેલો

☆ અનુવૃત્તિ :- (યમિરમિ).. ધુટિ ક્ઙિતિ ૪/૨/૫૫

卐 વિશેષ :- 0 ધુટાદિ કેમ કહ્યું !
જનિત્વા–જન્+ઇત્વા – અહીં પૂર્વે ઇ છે ધુટાદિ નથી

[૧૧૭૪]

(૮૯) ણૌ દાન્તશાન્તપૂર્ણદસ્તસ્પષ્ટચ્છન્નજ્ઞપ્તમ્ ૪/૪/૭૪

☆ સૂત્રપૃથ૦ :- ણૌ-દાન્ત-શાન્ત-પૂર્ણ-દસ્ત-સ્પષ્ટ-છન્ન-જ્ઞપ્તમ્

★ વૃત્તિ :- એતે ણૌ ક્તાન્તા વા નિપાત્યન્તે દાન્ત:, દમિત: । શાન્ત, શમિત: । પૂર્ણ:, પૂરિત: । દસ્ત, દાસિત । સ્પષ્ટ:, સ્પાશિત: । છન્ન, છાદિત: । જ્ઞપ્ત:, જ્ઞપિત ।

卐 સૂત્રાર્થ :- ણિ હોય તે ક્ત વગેરે (ક્ત ક્તવતુ) ક્ત અન્તવાળા (દાન્ત: વગેરે) વિકલ્પે નિપાતન કરાય છે
0 દમ્ – દાન્ત: પક્ષે દમિત: દમાયેલ
0 શમ્ – શાન્ત: પક્ષે શમિત – શમન કરાયેલ
0 પૄ – પૂર્ણ. પક્ષે પૂરિત: – ભરાયેલ
0 દસ્ – દસ્ત પક્ષે દાસિત: – નષ્ટ થયેલ
0 સ્પશ્ – સ્પષ્ટ: પક્ષે સ્પાશિત: – સ્પર્શ કરેલ
0 છદ્ – છન્ન પક્ષે છાદિત: – ઢાંકેલો

卐 વિશેષ : 0 દાન્ત વગેરે બધામાં નિપાતન કરવાથી ણેરનિટિ ૪/૩/૮૩ થી ણિ લોપ થયો છે

[૧૧૭૫]

(૯૦) સેટ્ ક્તયો: ૪/૩/૮૪

☆ સૂત્રપૃથ૦ :- સેટ્ – ક્તયો:

★ વૃત્તિ :- સેટ્ક્તયો: પરયોર્ણેર્લુક્ સ્યાત્ । કારિત: । ગણિત:, ગણિતવાન્ ।

☐ સ્પર્શ: ગ્રહો યા । ગ્રહીત । ગ્રહ:

卐 સૂત્રાર્થ :- સેટ્ ક્ત-ક્તવતુ પ્રત્યય લાગ્યા હોય ત્યારે ણિ નો લોપ થાયછે
0 કૃ + ણિ + ક્ત = કાર્ + ણિ+ઇ+ત=કાર્ + ઇ + ત=કારિત: કરાયેલો (આ સૂત્રથી ણિ લોપ થયો)
0 ક્ત —› ગણ્ = ગણિત = ગણાયેલો
0 ક્તવતુ —› ગણિતવાન્ = તેણે ગણ્યુ

★ અનુવૃત્તિ :- (૧) ણેરનિટિ ૪/૩/૮૩
(૨) ૪/૩/૭૦ થી લુક્

卐 વિશેષ :- 0 ગુણાદિનો નિત્ થી નિ
0 ગ્રહ્ ધાતુનો પ્રયોગ વૈ.પ.૨:૨૭૧ છે અન્યથા અનુસ્વાર થી ઇટ્ ન લાગે એમ કહેલ હોત

☐ શબ્દવૃત્તિ :- (૨૮) સ્ફાય: સ્ફી વા ૪/૧/૯૪ ક્ત-ક્તવતુ પ્રત્યય લાગે ત્યારે સ્ફાય્ ને બદલે સ્ફી વિકલ્પે થાય સ્ફાય્+ક્ત=સ્ફાત: પક્ષે સ્ફીત: વધેલો [૫૬૩]

[૧૧૭૬]

(૯૧) પ્યાય: પી (?) ~ ક્તયોરનુપસર્ગસ્ય ૪/૧/૯૨

★ સૂત્રપૃથ૦ :- ક્તયો: અનુપસર્ગસ્ય

★ વૃત્તિ :- અનુપસર્ગસ્ય પ્યાય: ક્તયો: પી: સ્યાત્ । પીનમ્ । પીનવાન્ । અનુપસર્ગસ્યેતિ કિમ્ । પ્રપ્યાનો મેઘ:

卐 સૂત્રાર્થ :- ઉપસર્ગ રહિત એવા પ્યાય્ ધાતુને ક્ત ક્તવતુ લાગે ત્યારે પી થાયછે 0 પ્યાય્+ક્ત=પીન
0 પ્યાય્+ક્તવતુ=પીન+વત્=પીનવત્ પુષ્ટ – પુષ્ટ થયેલ
0 અનુપસર્ગ કેમ કહ્યું ?
પ્રપ્યાન મેઘ પુષ્ટ થયેલો મેઘ પ્ર+પ્યાય્ છે પી ન થાય

★ અનુવૃત્તિ – પ્યાય: પી: ૪/૧/૯૧

卐 વિશેષ :- 0 ક્ત પ્રત્યય – લ્વાદ્યોદિત: (?) ક્તિ ૪/૨/૬૯ (?) 0 સૂત્રાદિ0 ૪/૨/૭૦ થી ત નો ન
0 પ્રપ્યાન મા પ્યાન ના ય્ નો લોપ ૪/૪/૧૨૧ વ્યો: વ્યંજનથી લુક્ થી થયો અને તેનો ન–સૂત્રાદિ0 ૪/૨/૭૦ થી થયો

[૧૧૭૭]

(૯૨) પ્રાદાગસ્ત આરમ્ભે ક્તે ૪/૪/૭

★ સૂત્રપૃથ૦ :- પ્રાત્–દાગ: ત: આરમ્ભે ક્તે

☆ વૃત્તિ :- આરમ્ભાર્થસ્ય પ્રાત્પરસ્ય દાગ: ક્તે પરે ત વા સ્યાત્ । પ્રદાત્ત્રાર્થ: પ્રત્ત' પક્ષે દત્ત આદેશ: । પ્રદત્ત: ।

卐 સૂત્રાર્થ :- આરંભ અર્થવાળા પ્ર પૂર્વક દાગ્ ધાતુને ક્ત લાગે ત્યારે દા ને બદલે ત વિકલ્પે થાય છે
0 પ્ર+દા+ક્ત= [1] પ્ર+ત્+ત=પ્રત્ત: પક્ષે [2] પ્રદત્ત= આપવાને આરંભેલો

卐 વિશેષ :- 0 1 પ્રત્ત માં પ્રત્+ત છે – ધુટો ધુટિ સ્વે વા ૧/૩/૪૮ થી ત્ લોપ 2 પ્રદત્ત માં દત્ ૪/૪/૧૦ સૂત્રથી દા નો દત્ આદેશ થયે છે
0 દા–ડુદાગ્ દાને – આપવું (ઉભય૦ ૩)
0 આરમ્ભે ૫/૧/૧૦ થી ક્ત પ્રત્યય
પ્રાત્ કેમ કહ્યું ! – પરીત્તમ્-પરિ+દા છે માટે આ સૂત્રથી વિકલ્પે ત ન થાય પણ સ્વરાદુપસર્ગાદ્ ૪/૪/૯ થી નિત્ય ત થાય અને દસ્તિ ૩/૨/૮૮ થી ઇ દીર્ઘ થાય

0 * એ त्त કારવાળો આદેશ સર્વને સ્થાને કરવા માટેછે અન્યથા ષષ્ઠયાऽन्त्यस्य થી માત્ર અન્ત્યનોજ આદેશ થાય વળી એવડા त्त કારથી પ્રક્રિયા લાઘવ બનેછે અન્યથા અઘોષે પ્રથમો૦ થી સિદ્ધજ હતું

[૧૧૭૮]

(૯૩) निविस्वन्व वात् ४/४/८

★ સૂત્રપૃથ૦ :- नि-वि-सु-मनु--मवात्

★ વૃત્તિ :- एभ्यो दागः क्ते त्तो वा स्यात्

વૃત્ત્યર્થ :- नि–वि–सु–अमु કે અવ પુર્વક दा ને क्त લાગે ત્યારે दा નો त्त વિકલ્પે થાય (ઉદા સૂત્ર: ૯૪ માં જુઓ)

★અનુવૃત્તિ :-प्रात्-दाग: क्ते ४/४/७ थी दाग. त्त क्ते

વિશેષ :- 0 स्वरादुपसर्गाद्...ऽघः ४/४/९ થી त्त આદેશ નિત્ય પ્રાપ્ત હતો તે અહીં વિકલ્પે થયો

[૧૧૭૯]

(૯૪) दस्ति ३/२/८८

★ વૃત્તિ :-दो यस्तादिरादेशस्तस्मिन् परे नाम्यन्तस्योपसर्गस्य दीर्घः स्यात्। नीत्तं। वीत्तं,विदत्तम्। सूत्तं, सुदत्तम् अनुत्तं, अनुदत्तम्। अवत्तं, अवदत्तम्।

વૃત્ત્યર્થ :- दा નો જે त કારાદિ આદેશ થાય તે પરમાં (ઉત્તરપદમાં) હોય ત્યારે ઉપસર્ગનો નામી સ્વરનો દીર્ઘ થાયછે. नि+दा+क्त=(१) नीत्तम् નિરંતર આપેલું-दा नो त्त-ઉપરોક્ત સૂત્ર: ૯૩થી, આ સૂત્રથી ઉપસર્ગનો સ્વર દીર્ઘ થયો પક્ષે (२) निदत्तम्-સૂત્ર: ૯૬ दत् થી दा નો दत् આદેશ થયો

0 वि+दा+क्त = वित्तम् પક્ષે विदत्तम्

0 सु+दा+क्त=सूत्तम् પક્ષે सुदत्तम्

0 अनु+दा+क्त = अनूत्तम् પક્ષે अनुदत्तम्

0 अव+दा+क्त = अवत्तं પક્ષે अवदत्तम्

★ અનુવૃત્તિ :-(१) ३/२/७१...થી दीर्घः (२) ३/२/८६ ..થી उपसर्गस्य (३) ३/२/८७...થી नाम्नि

વિશેષ :- 0 दा કેમ કહ્યું ?

वितीर्णम्-वि+तृ+क्त-અહીં तृ છે

0 त्त કેમ કહ્યું ?

सुदत्तम्-અહીં त्त આદેશ નથી થયો માટે सु દીર્ઘ ન થયો

0 नामिन् કેમ કહ્યું ?-प्रत्तम्-प्र+दा માં પુર્વ સ્વર નામિ નથી

[૧૧૮૦]

* द्विस्तकार० બૃહદ્વૃત્તિ ભા ૨ ન્યા. ૨ પૃ. ૧૭૨

(૯૫) स्वरादुपसर्गाद् दस्तिकित्यधः ४/४/९

